# એકવીશ અધ્યાયની

# અધીકમાસની કથા



ઠે. ટાવર રોડ સુરત

એકત્રીસ અધ્યાયનું પુરૂં

# પુરૂષોત્તમ મહાત્મ્ય

[ અધીક માસની કથા ]



::: પ્રકાશક :::

શ્રી હરિહર પુસ્તકાલય

બુકસેલર અને પબ્લીશર,

ટાવર રોડ-સુરત.

આવૃત્તિ ૧ લી ✣ પ્રત ૨૦૦૦

સને ૧૯૩૯ ✣ સંવત ૧૯૯૫

મુંબઇમાં મળવાનું ઠેકાણું :—

ત્રીભોવનદાસ જેઠાભાઇ બુકસેલર,

ગુલાલવાડી ફીકા, સ્ટ્રીટ-મુંબઇ.

કીંમત રૂા. ૦-૮-૦

# શ્રી વિષ્ણુની આરતી.

જય જગદીશ્વર ઈશ્વર–કરૂણાનીધી સ્વામી, પ્રભુ—
જય જય સબ જગપાલક (૨) પ્રભુ અંતરયામી—
જય દેવ, હરી દેવ–૧ ટેક

સ્યામ સ્વરૂપ મનોહર–પીત વસ્ત્ર ધારી, પ્રભુ—
શશી મંડલ મુખ શોભા (૨) મંદ હસત પ્યારી— જય૦

શીશ મુગટ મકરાકૃતી–કુંડલ કાનનમેં,—પ્રભુ—
લલાટ તીલક બીરાજે (૨) વનમાલા તનમેં— જય૦

ચતુર ભુજા બાજુબંધ—કંકણ સુખદાયી,—પ્રભુ—
શંખ, ચક્ર, ગદા, પદ્મ (૨) બીરાજે કર માંહી— જય૦

કટીમેં મણીમય સુંદર—મેખલ રાજ રહી,—પ્રભુ—
ચરણમેં નેપુર ધુની (૨) છન છન બાજ રહી— જય૦

વામ અંગમેં કમલા—મુખ પંકજ સોહે,—પ્રભુ
નીરખી યુગલ છબી સુંદર (૨) રૂષિમુની મન મોહે— જય૦

સુવર્ણ સિંહાસન વિસ્તર–કોમલ સુખકારી– પ્રભુ—
શેષનાગ ફણુ છત્ર (૨) બીરાજે શીર ભારી— જય૦

ગરૂડ ખડે કરજોડ—પાર્ષદ ચમર કરે,—પ્રભુ—
શીવસનકાદીક નારદ (૨) શારદ ધ્યાન ધરે— જય૦

દીન દયાળ દયાનીધી-ભક્તન હીતકારી—પ્રભુ—
શરણાગત પ્રતીપાલક (૨) ભવ બંધન હારિ— જય૦

જે જન હરિની આરતી—પ્રેમ સહિત ગાવે—પ્રભુ—
બ્રહ્માનંદ પરમ પદ (૨) સો નિશ્ચય પાવે— જય૦

શ્રી

# પુરૂષોતમ મહાત્મ્યની કથા

હું પગે લાગનાર મનુષ્યોના કલ્પવૃક્ષરૂપ વૃંદાવનમાં વિનોદ કરનાર, વૃંદાવનમાં ચંદ્રમારૂપ, પુરૂષોત્તમને વંદન કરૂં છું. નારાયણને નરોમાં ઉત્તમ એવા નરને, દેવી સરસ્વતીને તથા વ્યાસને નમસ્કાર કરી પછી જયરૂપ ગ્રંથ કહેવા ઇચ્છું છું. પૂર્વ કાળમાં યજ્ઞ કરવાની ઇચ્છાથી લોકો ઉપર કૃપા કરનારા, પરોપકારી અને હંમેશાં વૈદિક તથા સ્મૃતિના કર્મોમાં તત્પર એવા અસિત, દેવલ, પૈલ, સુમંતુ, પિપ્લાયન સુમતિ, કાસ્યપ, જાબાલી, ભૃગ, અંગીકાર, વામનદેવ, સુતીક્ષણ શરભંગ, પર્વત, આપસ્તંભ, માંડવ્ય, અગસ્ત્ય, કાત્યાયન, રથીતર, ઋભુ. કપિલ દૈમ્ય, ગૌતમ, મુન્દ્રલ, પીંગલ ગાવલ ક્રતુ અત્રિ, બભ્રુ, ત્રિત, શક્તિ બુધ, બૌદ્ધાયન વસુ, કાલ જન્ય, પૃથુ, હારિત ધ્રુમ્ર, શંકુ, સંકૃતિ શનિ, વિભાંડક કલાધર ગર્ગ કાણાદ, જમદગ્નિ ભારદ્વાજ, ધ્રુમપ, મૌન, શુક્રાચાર્ય, કર્કશ, શૌનક, શતાનંદ, મહાતપા, વિશાલ, વિષ્ણુવૃદ્ધ જર્જર, જય, જંગમ, પાર, પાશધર પુર, મહાકાય, જૈમિની મહાગ્રીવ, મહાબાહુ, મહોદર, મહાબલ, ઉદ્દાલક, મહાસેન, કાલાગ્નિરૂદ્રગ શ્વેતાશ્વર, આદ્ય, શરભંગ પૃથુશ્રવા એ બધાએ પોતાના શિષ્યો સહિત, વેદ ને વેદના અંગો પાર પામેલા બ્રહ્મનિષ્ટ મુનિઓ નૈમિષારણ્યમાં આવ્યા ને ત્યાં આવી યજ્ઞ કરવા લાગ્યા. તે વખતે તીર્થયાત્રાને મનમાં ધારી સુત પૌરાણિક ઘરની બહાર નીકળ્યા. પૃથ્વીમાં ફરતાં તેમણે નૈમિષારણ્યમાં મુનિયોને જોયા ત્યાં તે મુનિશ્વરો હતા ત્યાં અતિહર્ષવંત

બનેલા સુત, સંસાર રૂપી સમુદ્રથી તારનારા શિષ્યો સહિત એવા મુનિયોને નમસ્કાર કરવા લાગ્યા. તે સમયે રાતાં વલ્કલ (ઝાડની છાલ કે ઘાસના મુળમાંથી બનેલાં) વસ્ત્રને ધારણ કરનારા પ્રસન્ન મુખવાળા શાંત પરમાર્થમાં કુશળ, સઘળા ગુણોથી સંપન્ન, અશેષ આનંદમાં બુડેલા, ઉર્ધ્વ પુંડ્રને ધરનારા શોભીત નામની મુદ્રાથી શોભતા, શંખ તથા ચક્રને ધારણ કરનારા ગોપીચંદનની મૃતિકાથી શોભીતા, જટાને ધારણ કરનારા તથા ઇંદ્રિયોને જીતનાર, મુકુટથી શોભતા, હરિના શરણરૂપ, હરીને જપતા, અદ્ભુત, સઘળા શાસ્ત્રોના તત્વને જાણનારા સર્વ જગતના હિતમાં પ્રીતીવાળા, ક્રોધને જીતનારા, જીવનમુક્ત, જગતના પાલન, વ્યાસની પ્રસન્તાને પામેલ, એવા તે સુતને આવતા જોઇ તાકીદે ઉભા થઇ નૈમિષારણ્યના મહારૂષિયો જુદા જુદા પ્રકારની વીચીત્ર કથાઓ સાંભળવાની કામનાથી વીંટાઇ વળ્યા, તેવામાં વીનયથી ભરેલા અંતઃકરણે બે હાથ જોડી સુતે આનંદથી વારંવાર સઘળા ઉત્તમ રૂષી પ્રત્યે દંડની પેઠે નમસ્કાર કર્યા રૂષીઓ બોલ્યાઃ હે સુત! ઘણા કાળ સુધી જીવો! તમે મોટા ભગવદ્ભકત છો માટે આસન ઉપર આપ બેસો. આ પ્રમાણે બ્રાહ્મણો બોલ્યા જ્યારે આવું કહી સર્વ તપસ્વીઓ બેઠા ત્યારે સઘળા મુનિયોના સમુહને તપની વૃદ્ધિ પુછી, વિનયથી સુત મુનિયોએ બતાવેલા આસન ઉપર આનંદથી બેઠા પછી તેમને સુખેથી બેઠેલા અને વિશ્રાંતિ પામેલા જાણી પુણ્યકારી કથા સાંભળવાની ચાહનાથી રૂષીઓ બોલ્યાઃ હે સુત! તમે હાલમાં ભગવાન છો. કારણ કે ગુરૂની કૃપાથી વ્યાસના વચનોના અભિપ્રાયને જાણો છો. કેમ તમે સુખી તો છો? આજ તમે ઘણે વખતે વનમાં કેમ દેખાયા? હે વ્યાસ શિષ્યોમાં શિરોમણી! તમે અજ્ઞાનરૂપ નેત્રના રોગથી અંધ થયેલાઓને નેત્ર આપવામાં

ઉત્તમ આશ્રયરૂપ છો માટે આ સંસારમાં હજારો શાસ્ત્ર સાંભળ-વાનાં છે તેમાં જે કલ્યાણને કરનાર, ટુંક અને સારરૂપ થયેલાં હોય, જે તમે મનમાં નિશ્ચય કરેલા હોય, જે સંસારરૂપ સમુદ્રમાં બુડેલાઓને પાર પહોંચાડનાર હોય અને પરમ આનંદનું કારણ હોય તે જલદી કહો. આવી રીતે શૌનક વગેરેએ કહેતાં સુત પૌરા-ણિક હાથ જોડી બોલ્યા: હે મુનિયો! તમે સઘળા અતિ મનોહર મારૂં વાચન સાંભળો. હે બ્રાહ્મણો! આગળ હું પુષ્કર નામના તીર્થમાં ગયો હતો ત્યાં ન્હાઈ પુણ્યકારી ગંગા, દેવ, અનેક પિતૃગણોનું તર્પણ કરી વિઘ્નોનો નાશ કરનારી યમુના પત્યે ગયો. એક પછી એક બીજાં તીર્થોમાં જઈ ગંગા નજીક આવ્યો ત્યાં કાશીમાં ગયો, પછી ગયાજી જઈ પિતૃનું તર્પણ કરી તે પછી વેણી અને કૃષ્ણા નદીમાં સ્નાન કરી ગંડકીમાં ન્હાઈ પુલહાશ્રમમાં ગયો. હે વિપ્રો! હું ત્યાંથી ગોમતી નદીમાં સ્નાન કરી સરસ્વતી નદીને કાંઠે રાત રહી ગોદાવરી પ્રત્યે ગયો તેમજ કૃતમાલા કાવેરી નિરખ્યા, અને સુખને આપનારી નર્મદા નદી નજીક ગયો પછી ચર્મણ્વતી નદીએ જઈ સેતુબંધ ગયો ત્યાંથી નારાયણનું દર્શન કરવા હું બદ્રીકાશ્રમ ગયો. ત્યાં નારાયણનું દર્શન કરી તપસ્વિયોને પગે લાગી કરી તે દેવને નમન તથા સ્તુતિ કરી સિદ્ધક્ષેત્ર તરફ ગયો. આ પ્રકારના મુખ્ય તીર્થોમાં ફરતો હું કુરૂ દેશમાં આવ્યો. હે બ્રાહ્મણો! ત્યાં સાંભળ્યું કે વિષ્ણુએ બચાવેલો પરીક્ષિત રાજ્ય છોડી ઋષિયો સાથે મહાપુણ્યકારી ગંગાના કાંઠે ગયા છે. ત્યાં સવને શોભા-વનારા સિદ્ધ, યોગી અને દેવર્ષીઓ આવ્યા ત્યાં કેટલાક આહાર નહિ કરનારા, કોઈક પવન, પાણી તથા પાંદડાંઓને ખાનારા, કોઇક ફુલને ખાનારા, અને કેટલાક ફીણને ખાનારાઓ આવ્યા છે. હે દ્વિજો! હું પણ તે સમાજ જોવા ત્યાં ગયો. ત્યાં સમર્થ બ્રહ્મરૂપ બનેલા મહામુનિ

શ્રીકૃષ્ણના ચરણકમલને સ્મરણ કરતા વ્યાસના પુત્ર શુકદેવ આવ્યા-સો વર્ષના યોગીશ્વર શંખની પ્રમાણે કંઠવાળા, ઉંચા, સુંદર કેશથી વિંટાયેલા મુખવાળા દેદીપ્યમાન કાંતિવાળા, લોટ કહાડતા બાળકોથી અને ધુલ જેઓના હાથમાં છે, એવી સ્ત્રીઓના જથ્થાની જેમ માખીઓથી વિંટાયેલ હાથી હોય તેમ વિંટાયેલા મહામુનિ શુકને જોઈ મુનિઓ બે હાથ જોડી ઝટ આનંદથી ઉભા થયા. જે સ્ત્રીઓ અને મુર્ખ બાલકો હતા તેઓ તેને જોઇ દુર ઉભા રહ્યા અને પશ્ચાતાપ પામવાથી શુકદેવને પગે લાગી ઘેર ગયા. શુકદેવજી માટે ઉંચ ઉત્તમ આસન કલ્પ્યું તથા મુનિયો કલમની કર્ણિકાની પાંખડીયોની પેઠે પાસે બેઠા. ત્યાં બેઠેલ જ્ઞાન રૂપી મહા સમુદ્રમાં ચંદ્રમા રૂપ, બ્રહ્મણોએ કલ્પેલી પુજાને ધારણ કરનારા વ્યાસના પુત્ર, મહામુનિ ભગવાન શુકદેવ તે વખતે જેમ તારાઓથી વિંટાયેલા ચંદ્ર શોભે તેમ શોભતા હતા. આ પ્રમાણે પુરૂષોત્તમ મહાત્મ્યમાં શુકદેવનું પધારવું એ પહેલો અધ્યાય પુર્ણ થયો.

## અધ્યાય બીજો.

**સુત બોલ્યા**—રાજાપરિક્ષતના પુછવાથી શુકદેવજીએ ઉત્તમ શ્રીમદ્‌ભાગવત કર્યું, અને શુકની પ્રસન્નતાથી તે સાંભળી રાજાનો મોક્ષ થયો એ જોઈ યજ્ઞના ઉદ્યમમાં પરાયણ થયેલા બ્રાહ્મણોના દર્શનથી હું કૃતાર્થ થયો છું. ઋષિયો બોલ્યા: હે સજ્જન! સુત બીજી વાત છોડી વ્યાસના મુખથી તેની પ્રસન્નતાથી જે પહેલાં નહિ બનેલું સાંભળ્યું હોય તે અમોને કહો; સુત બોલ્યા હે શ્રેષ્ટ પુરૂષો! મને પુછો છો માટે હું વિલોમ જાતિમાં થયેલ છતાં પણ ધન્ય છું. મેં વ્યાસના મુખથી જે સાંભળેલ છે તે જ્ઞાન પ્રમાણે કહું છું. એક વખતે નારદ તપસ્વિ, ઘણા સિદ્ધો દેવોએ પણ, બોરડી, બહેડાં,

આમલી, બીલાં, આંબા, આમ્રાતક, કોઠ, જાંબુ, કદમ વગેરે અને બીજા વૃક્ષોથી પણ શોભિત નરનારાયણના આશ્રમમાં ગયા. જ્યાં વિષ્ણુના ચરણના દલથી થયેલી પુણ્યકારી અલકનંદા છે ત્યાં જઇ પરબ્રહ્મમાં જેણે મન લગાડેલ છે, જેણે છ શત્રુઓને જીતેલા છે, જેનું ચળકતું તેજ બહુ છે અને જેણે ઇંદ્રિયોને જીતેલ છે એવા દેવરૂપ મહામુનિ નારદે નમન કર્યું.

હે સત્પુરૂષોના પતિ! હે પ્રભુ! તે માસનું વિધી સહીત સ્વરૂપ કહો. તેમાં શું કરવું? કેમ ન્હાવું અને શું દેવું? જપ, પુજા, ઉપવાસ વગેરે સાધન શું કરવું તે કહો. આ પુરૂષોત્તમ માસનું વ્રત અને પુજા કરવાથી કયા દેવ પ્રસન્ન થાય અને શું ફળ આપે? હે તપત્ય ધનવાળા! દીનજનો ઉપર વ્હાલ રાખનારા સારા માણસો પુછ્યા વગર પણ કહે છે, માટે આ અને બીજું જે તત્વ હોય તે કહો. હે પ્રભુ! પૃથ્વીમાં પારકાના ભાગ્યને અનુસરનારા દરિદ્રતાથી પીડાએલા, રોગી, પુત્રની ઇચ્છાવાળા, જડ, મુંગા, કપટી, મુર્ખા, ખરાબ વસ્ત્રવાળા, નાસ્તિક, રોગવાળા, કોઢવાળા, અંગ વગરના, આંધળા, સુકાઇ ગયેલ અંગવાળા અને પોતાની વ્હાલી વસ્તુથી રહિત જેઓ છે, તેઓ જે કરવાથી, સાંભળવાથી, આચરવાથી ફરીને એવા ન થાય તે મને કહો. હે પ્રભુ! હે બ્રાહ્મણ! હે જગતના નાથ! તમે સઘળું જાણનારા છો માટે જે વિધવાપણા, વાંઝિયાપણાના દોષ, ઓછા અંગપણું, ખરાબ એવી મનની પીડાઓ તથા રકતપિત્ત વગેરે વાઇ ને ક્ષય વગેરે છે, આ દોષોના જથ્થાઓથી મનુષ્યને દુઃખ પામતાં જોઇ દુઃખ પામું છું. માટે મારી ઉપર કૃપા કરી વિસ્તારથી સજ્જનોના મનમાં આનંદના કારણરૂપ સર્વ તત્વોનો વિધિ કહો, સુત બોલ્યા! આ પ્રમાણે બ્રહ્માના પુત્ર નારદે પુછેલું મનુષ્યોના હિતનું કારણવાળું વચન સાંભળી

ચંદ્રમાની પેઠે શોભતા મુનિને વખાણી નવીન મેઘની ગર્જના સરખી રમણીય વાણીથી દેવનાદેવ નારાયણ બોલ્યા.

આ રીતે બૃહન્નારદીય પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રી નારાયણ નારદના સંવાદમાં પ્રશ્નનો વિધિ એ નામનો બીજો અધ્યાય પુરો થયો.

## અધ્યાય ૩ જો.

ઋષિઓ પુછવા લાગ્યા હે મહાભાગ! સુત નરના મિત્ર નારાયણે જે સારૂ વચન નારદને કહ્યું તે અમને વિસ્તાર સહિત કહો. સુત બોલ્યા: હે શ્રેષ્ટ બ્રાહ્મણો! રમણીય નારાયણનું વચન સાંભળો. તેણે નારદને જે કહેલ છે એ સાંભળ્યા મુજબ કહું છું.

**શ્રી નારાયણ બોલ્યા:**–હે નારદ! પુર્વે મહાત્મા દુઃખને હરનારા શ્રી કૃષ્ણે યુધિષ્ટિર રાજાને જે કહ્યું હતું તે હું કહું છું માટે સાંભળો. એક વખતે શત્રૂ વગરના ધાર્મિક રાજા યુધિષ્ટિર છેતરવામાં પ્યારવાળા દુષ્ટ ધૃરાષ્ટ્રના પુત્રોથી જુગારમાં હાર પામેલા દુષ્ટ દુઃશાસને લોકના દેખતાં અગ્નિથી થએલી ધર્મપરાયણ દ્રૌપદીનો ચોટલો ઝાલી ખેંચી, વળી વસ્ત્રો ખેંચ્યાં તે સમયે શ્રીકૃષ્ણે દ્રૌપદીની રક્ષા કરી. પછી કુંતીના પુત્રો રાજ્ય છોડી ગ્રામ્ય વનમાં ગયા. રાનમાં રહેનારા હાથીયોની પેઠે વનમાં ફળ ખાનાર ચોતરફ કેશથી ઘેરાયેલા તેઓ સઘળા અત્યંત કલેશ પામ્યા. એ પછી મુનિયોએ વિંટાયલા દેવકીજીના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ કામ્યક વનમાં ગયા. તેને જોઇ જેમ પ્રાણોને આવેલા જોઇ દેહ ઉભી થાય તેમ તરતજ કુંતીના પુત્રો ઉભા થયા અને પ્રેમથી વિવ્હલ બની પ્રીતિવડે શ્રીકૃષ્ણને મળ્યા. નીકુલ અને સહદેવ ભકિતથી તેમને નમ્યા. ધીરે ધીરે તંદ્રા વગરના દ્રૌપદી તે કૃષ્ણના ચરણકમળ પ્રત્યે નમ્યાં ને કુંતીના પુત્રો મૃગના ચર્મરૂપ વસ્ત્રવાળા, દુઃખ પામતા રૂક્ષ, ચોમેરથી કેશવડે વિંટાયેલ તેમજ દુઃખથી ભરેલી પાતળાં અંગ

વાળી દ્રૌપદીને જોઇ આ રીતે તેઓના અપાર આકરાં દુઃખને જોઇ ભક્તવત્સલ ભગવાન અત્યંત દુઃખ પામતાં ધૃતરાષ્ટ્રના પુત્રોને બાળી નાખવાની ઇચ્છાથી ક્રોધ પામ્યા અને જગતના આત્મરૂપ ભ્રમરના મરોડથી કુટીલ નેત્રવાળા, કોડકાલના સરખાં વિકરાળ મુખથી ખુબ હસી. જાણે સીતાના વિયોગથી સંતાપ પામેલા દશરથના પુત્ર રામ ત્રણ લોકને બાળતા હોય તેમ તથા પ્રલયનો અગ્નિ હોય તેમ ઉભા થયા, તેને જોઇ કંપ થવાથી અર્જુન તે વખતે દ્રૌપદી બીજાઓ તથા ધર્મની સંમતિથી ઉભો થઇ ભય વડે બે હાથ જોડી કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો. અર્જુને કહ્યું: હે કૃષ્ણ! હે પ્રભુ! હે જગતના નાથ! હે સ્વામિ! હું જગતનો બહાર નથી, તેમજ જગતના રક્ષક છો તે છતાં મારૂં કેમ પાલન કરતા નથી? જેના નેત્રના હાલવાથી જ બ્રહ્માનું પડવું થાય છે.

તમે આ પ્રશ્ન પુર્વે ન બનેલો કર્યો છે માટે ઉત્તર કહેવા ઉત્સાહ પામતો નથી. હે અર્જુન! જગતમાં આ પ્રશ્ન ઋષિઓ પણ ન હટાવી શકયા એવો ઘણો છુપો છે. તમને મિત્રપણાથી અને ભક્તપણાથી કહું છું જેના પ્રશ્નનો ઉત્તર બહુ કઠીન છે, પણ અનુક્રમથી સાંભળો, ચૈત્ર વગેરે જે માસ, બે પક્ષ, ઘડીઓ, પહોર, રાત્રી, ઋતુઓ, મુહુર્તો, બે અયનો, વર્ષ, યુગો અને જે બીજા પરાર્ધ સુધી કાલ, ને જે નદી, સમુદ્ર, વનસ્પતિ, શહેર, પર્વત અને મોટા નગરો છે આ સઘળા શરીર ધારણ કરનારા પોતાના ગુણોથી મનાય છે. તેઓમાં કોઇપણ સ્વામી વગરના નથી અને પોતપોતાના અધિકાર દરજ્જામાં ફલ દેવાથી મનાય છે. પોતાના સ્વામિના સંગની મહત્તાથી સૌભાગ્યથી શોભનાર છે, કોઈ સમયે અધિક માસ ઉત્પન્ન થયો. તેને સઘળા લોકો મદદ વગરનો દોષીત મલરૂપપણાથી નહી સ્પર્શ કરવા લાયક સારા કર્મમાં નિંદવા

યોગ્ય અને સુર્યની સંક્રાંતિથી રહિત આ, મલ મેલો માસ અયોગ્ય છે એમ કહેવા લાગ્યા. લોકોથી આ બોલ સાંભળી ઉદ્યોગ વગરનો ક્રાંતિથી રહિત દુઃખ યુક્ત બહુ ખેદ પામે. અંતઃકરણવાળો ને જેનું ચિંતામાં બુડેલ એક મન એવો એ મરવાને ચાહતો થયો પછી તે દુઃખ પામતા હૃદયથી ધીરજ ધરી મારે શરણે આવ્યો છે. અર્જુન! જ્યાં હું નિવાસ કરતો હતો ત્યાં વૈકુંઠ લોકમાં મારે મંદિર આવ્યો પછી એણે મને દીઠો એ સમયે મને અમુલ્ય રત્નજડીત સોનાના સિંહાસન ઉપર બેઠેલ જોઇ એ પૃથ્વી ઉપર દંડની પેઠે પગે પડયો. તે શાંત આંખ્યોમાંથી આંસુઓને કહાડતો બે હાથ જોડી યત્નવાન થઈ ધીરજ ધારણ કરતાં ગળગળો થઈ શુભ બોલ્યો. આટલું બોલી બદરીકાશ્રમના પતિ મહામુની નારાયણ બંધ રહ્યા, અને તે સાંભળી ભકત વત્સલ નારદ ફરીને પુછવા લાગ્યા, નારદ બોલ્યા—જ્યાં જગને અભય આપનાર બ્રહ્મરૂપ, શ્રીકૃષ્ણ રહે છે તે ભકિતથી પ્રાપ્ત થાય એવા પુર્ણરૂપી નિર્મલ વિષ્ણુલોકમાં આ પ્રમાણે જઇ તેમના ચરણકમલને શરણ થયેલો અધિક માસ શું બોલ્યો? આ પ્રમાણે બ્રહ્મનારદીયના પુરૂષોત્તમ માહાત્મ્યમાં અધિક માસનું વૈકુંઠમાં પહોચવું એ નામનો ત્રીજો અધ્યાય પુરો થયો. ॥ ૩ ॥

## અધ્યાય ૪ થો.

**શ્રી નારાયણ બોલ્યા**—હે નારદ! અધિક માસે ભગવાનની અગાડી જે શુભ વચન કહ્યું તે લોકોના હિતની ઇચ્છાથી હું કહું છું માટે સાંભળો. અધિક મસ બોલ્યોઃ હે કૃપાના ભંડાર! અતિ બળવાળાઓએ મલમાસ એવું મારૂં નામ પાડી તિરસ્કાર કર્યો, એથી હું અહીં આવ્યો છું છતાં કેમ મારૂં સંરક્ષણ કરતા નથી. દેવતાઓએ સારાં કામમાં ત્યાગેલ નીષણીયાતો અને મલીન એવો હું તેને જોતાં આપનું દયાળુપણું ક્યાં ગયું! અને કઠોરપણું કેમ થયું? હે

દીનવત્સલ! જે રીતે સહ્ય એવા કંસરૂપ અગ્નિથી વસુદેવજીની તથા ઉત્તમ સ્ત્રીની રક્ષા કરી તે રીતે શરણુ આવ્યો છું તો પણુ આજ મારી રક્ષા કેમ નથી કરતા તે કહો? હે દીન વત્સલ! જેમ સર્વે ખલ દુઃશાશનના દુઃખથી દ્રૌપદીની રક્ષા કરી હતી તેમ આ શરણે આવેલાની આજ કેમ રક્ષા કરતા નથી? હે દીનવત્સલ! જે રીતે દાવાગ્નિથી પશુ, પક્ષીને પાલનાર અને તેઓની સ્ત્રીઓની રક્ષા કરી હતી તે રીતે આજ તમારી શરણુ આવેલાની કેમ રક્ષા કરતા નથી? હે દીનવત્સલ! જે મુજબ આપે મગધ દેશના રાજા જરાસંધના બંધીખાનાથી રાજાઓની રક્ષા કરી હતી તે મુજબ તમારા શરણુ આવ્યા છતાં આજ કેમ રક્ષા કરતા નથી? હે દીનોની ઉપર વહાલ રાખનારા આપે જેમ ઝટ આવી ગ્રાહના મ્હોંમાંથી હાથીની રક્ષા કરી હતી તેમ મારી શરણુ આવ્યા છતાં કેમ આજ રક્ષા નથી કરતા? નારાયણુ બોલ્યા—આ રીતે બહુરૂપ એવા કૃષ્ણુને જણાવી આંસુથી ભરેલ મ્હોવાળો ધણી વગરનો જગતપતિની પાસે ઉભેલો મલમાસ ચુપ રહ્યો.

હું મરીશ, હું મરીશ, હું મરણુ પામીશ. આ પ્રમાણે ઘણીવાર કહી હે નારદ તે મલમાસ ચૂપ રહ્યો. ત્યાર પછી એકદમ શ્રી લક્ષ્મીના પતિ વિષ્ણુના પગે પડ્યો ત્યાં તેને પડેલો જોઈ સભા અતિ વિસ્મિત્ થઈ. શ્રીનારાયણુ બોલ્યા આ પ્રમાણે કહી જ્યારે અધિક બંધ પડ્યો ત્યારે ઘણી કૃપાના ભારથી ખેદ પામેલા શ્રીકૃષ્ણુ ચંદ્રમાની પેઠે તેને સુખ પ્રાપ્ત કરતાં મેઘના ગંભીર સરખું રમણીય બોલ્યા. સુત બોલ્યા હે વિપ્રો! વેદની સમૃદ્ધિનું આશ્રય કરનાર નારાયણુનું છ પાપોના સમૂહ રુપ સમુદ્રમાં વડવાગ્નિરુપ શુદ્ધ વચન સાંભળી અતી રાજી થયેલા મનથી આદિ પુરૂષ વિષ્ણુના વચનો સાંભળવા ઇચ્છનારા મુની.

બોલ્યા આ રીતે બ્રહ્મનારદીયના પુરુષોત્તમ મહાત્મ્યમાં વિજ્ઞપ્તિ નામનો ચોથો અધ્યાય થયો. ॥ ૪ ॥

## પાંચમો અધ્યાય.

નારાયણ પૂછવા લાગ્યા—હે તપના ખજાનારૂપ મહા ભાગ! તેનું વચન સાંભળી વિષ્ણુએ પગની પાસે પડેલા, અધિક માસને શું કહ્યું. શ્રીનારાયણ બોલ્યા—હે પાપથી મુનિયોમાં શ્રેષ્ઠ નારદ! તમે મને સારી કથા પૂછો છો માટે ધન્ય છે. વિષ્ણુએ જે કહ્યું તે કહેલું સાંભળો. શ્રીકૃષ્ણ બોલ્યા હે અર્જુન! ત્યાં બનેલી બિના તમારી અગાડી કહું છું તે સાંભળો. તે વેળાએ વિષ્ણુએ કટાક્ષથી હુકમ કરેલો ગરૂડ-પક્ષી તે મુર્છા પામેલા માસને વાયરો નાખવા લાગ્યો. એથી ઉભો થયેલો તે ફરીને પણ બોલ્યો: હે પ્રભુ આ મને ગમતું નથી.

તેજ આનંદને ઉત્પન્ન કરનાર, ઉત્તમથી ઉત્તમ, નિરાકાર ને યોગિયો તેનું સદાકાળ જ્ઞાનરૂપ દૃષ્ટિવાળા યોગથી ધ્યાન કરે છે, તે તેજના મધ્યમાં અત્યંતમાં અત્યંત મનોહર નીલકમલની પાંખડી રૂપ શ્યામ કમળના સરખાં રાતાં નેત્રવાળા, ક્રોડો માણેકકારી પુનમના ચંદ્રની શોભાથી અધિક સોભિત મુખવાળા ક્રોડો કામદેવોની સુંદરતાને રમવાના ઠેકાણા રૂપ, મનને હરનાર, જેની બે ભુજા, જેના હાથમાં મોરલી છે, જેના વસ્ત્રો પીળાં છે, જેની છાતીમાં શ્રી વત્સચિન્હ છે. એવું મંદહાસ્ય સહીત ચળકતા કૌસ્તુભમણિથી શોભીત રત્નોથી જડેલ મુકુટ અને કડાંઓથી ઉજ્વળ રત્નના સિંહાસન ઉપર રહેલ તથા વનમાળાથી શોભિતરૂપ છે તેજ પરબ્રહ્મ પુર્ણ શ્રી કૃષ્ણ એવા નામવાળા સ્વેચ્છામય કરૂણ, સર્વના આધાર ઉત્તમથી ઉત્તમ કિશોર અવસ્થાવાળા, સદા ગોવાળના વેશને ધરનારા, ભકતોની ઉપર મહેરબાની કરનાર, પરગજુ, વિકારથી રહીત, અતિ-પુર્ણ સમર્થ રાસમંડળના વચમાં રહેલા શાન્ત રાસના નાયક હરી

મંગળરૂપ મંગળને યોગ્ય સર્વ કલ્યાણોના કલ્યાણરૂપ અતિ આનંદથી શોભિત સત્ય પડવાપણાથી રહીત અવિનાશી સઘળા સિદ્ધોના અધિપતિ સમસ્ત સિદ્ધિયોરૂપ, સિદ્ધિને દેનાર, માયાથી શ્રેષ્ટ ઇશ્વર, નીર્ગુણ નિત્ય શરીરવાળા પ્રથમ પુરૂષ ન જણાય એવા ઇંદ્રરૂપ, ઘણાઓએ સ્તુતી કરેલા, શાંત શાંતિપરાયણ સ્વતંત્ર એક પરમાત્મન્? સ્વરૂપને શાંત વૈષ્ણવો ધ્યાન કરે છે. આ પ્રમાણે શ્રેષ્ટરૂપને ધારણ કરનાર તે એકજ ભગવાન છે. શ્રી નારાયણ બોલ્યાઃ આવું કહી ત્યાંથી વિષ્ણુ અધિક માસની સાથે રજોગુણથી રહીત જનોને વીંટાએલા ઉત્તમ ગોલોકમાં ગયા. સુત—બોલ્યાઃ આ પ્રમાણે સત્કાલને ગ્રહણ કરનારી વાણી કહી મુનિયોના પતિ નારાયણ મોનપણે બીરાજ્યા, ત્યારે મુનિ નારદ આનંદથી આનંદના ખજાનારૂપ કૃષ્ણની નવી કથા સાંભળવાની ઇચ્છાથી શ્રી નારદ વચનો બોલ્યા. આવી રીતે બ્રહ્મનારદીય પુરાણના ને નારદના સંવાદવાળા પુરૂષોત્તમ મહાત્મ્યમાં વિષ્ણુનું ગોલોકમાં જવું આ નામનો પાંચમો અધ્યાય થયો. ॥ ૫ ॥

## અધ્યાય ૬ ઠો.

નારદે—પુછ્યુંઃ હે પાપથી રહિત ! વૈકુંઠવાળા અધિપતીએ ગોલોકમાં જઇ શું કર્યું ? તે મને સાંભળવાની ચાહના છે માટે કૃપા કરી કહો. શ્રી નારાયણ બોલ્યા—હે પાપથી રહીત નારદ? ત્યાં જે થયું તે તમને કહું છું માટે સાંભળો. વિષ્ણુ અધિક માસની સંગાથે ગોલોકમાં ગયા તેના વચમાં [ વિષ્ણુએ ] મણીમય થાંભલાઓથી અતિ શોભીત તેજના સ્થાનરૂપ, મનને હરનાર, વેગળેથી ભગવાનનું મંદિર જોયું તેના તેજથી નેત્રો મીંચાવાને લીધે ધીરેથી નેત્ર ઉઘાડીને વિષ્ણુ અધિક માસને પોતાની પાછળ કરી ધીરે ધીરે હીંડવા લાગ્યા, આનંદસહિત અધિક માસની સાથે મંદિરની નજીક પહોંચવાથી ઉભા થયેલા દ્વાર

પાર્ષદોએ ચરણુમાં વંદન કરાએલ વિષ્ણુ ધીરેથી ભગવાનના મંદિરમાં પેઠા; તેની શોભાથી જેના નેત્ર હરાયેલ છે એવા લક્ષ્મીના પતિ વિષ્ણુ ત્યાં જઈ ગોપીયોના ટોળાની વચમાં રહેલ રત્નના સીંહાસન ઉપર બીરાજેલા પુરૂષોમાં ઉત્તમ શ્રીકૃષ્ણુને તુરત પગે લાગ્યા અને બે હાથ જોડી આ પ્રમાણે બોલ્યા: શ્રી વિષ્ણુએ કહ્યું--ગુણોને ઉલ્લંઘન કરી રહેલા ગોપોના પતિ એક અવર નહી જણાય એવા આચ્છાદથી રહીત જણાય એવા ગોવાળના વેશને ધારણ કરનાર કિશોર અવસ્થાવાળા, શાંત ગોલાલણોના કાન્ત, મનોહર નવા મેઘના જેવા સ્યામ, ક્રોડો, કામદેવના સરખા સુંદર, વૃંદાવન વનના મધ્યે રાસમંડળમાં રહેલા શોભીત પીતાંબરવાળા, શાંત વિભાગથી સુંદર આકારવાળા, રાસના અધીપતી રાસની શોભામાં ઉત્સાહવાળા, બે ભુજાવાળા, જેના હાથમાં મુરલી છે અને જેના વસ્ત્ર પીળાં છે એવા અવિનાશી વિષ્ણુ (વ્યાપક) ને વંદન કરૂં છું.

આ પ્રમાણે કહી તેને નમન કરી તેના હુકમથી પાર્ષદોએ સત્કાર કરેલા તે વૈકુંઠવાસી વિષ્ણુ ઉત્તમ સિંહાસન પર બીરાજ્યા. નારાયણ બોલ્યા-આ પ્રમાણે વિષ્ણુએ કરેલી સ્તુતિનો સવારમાં ઉઠતાં જે પાઠ કરે છે તેના પાપો નાશ પામે છે. નઠારા સ્વપ્ન સારૂં ફળ આપે છે. કૃષ્ણુની ભક્તિ પુત્ર તથા પૌત્રને વધારનારી થાય છે. અપકીર્તિ ક્ષય પામે છે અને થોડા વખતમાં સત્કીર્તિ વધે છે. આસન ઉપર બિરાજેલા પછી વિષ્ણુ તે કૃષ્ણુની પાસે થરથરતાં તે માસને શ્રી કૃષ્ણુના ચરણુ કમલમાં નમાવ્યો. તે વખતે શ્રી કૃષ્ણે પુછ્યું: આ કોણુ છે? ક્યાંથી અહિ આવ્યો છે અને શા માટે રુવે છે? ગોલોકમાં કોઇ દુઃખ પામતો નથી ને ગોલોકમાં વસનારા સર્વ સદા આનંદમાં રહેતા હોવાથી, સ્વપ્નમાં પણુ નઠારા સંબંધવાળી દુષ્ટ વાત સાંભળતા

નથી માટે હે વિષ્ણુ નેત્રમાંથી આંસુ કહાડતો આ કોણુ મારી આગળ દુઃખિત રહેલો વારંવાર ધ્રુજે છે? શ્રી નારાયણ બોલ્યા—નવા મેઘના મંડળના સરખા મનોહર ગોલોકના નાથનું વચન સાંભળી વિષ્ણુ સિંહાસન ઉપરથી ઉઠી સઘળું મલમાસનું દુઃખ કહેવા લાગ્યા. વિષ્ણુએ કહ્યું—વૃંદાવનના ચંદ્ર! હે મોરલીને ધારણ કરનાર શ્રી કૃષ્ણ તમારી આગળ અધિક માસનું દુઃખ કહું છું તે સાંભળો. આ ધણી વગરનો છે માટે એને લઈ હું અહીં આવ્યો છું. આપ આના આકરા દુઃખરૂપિ વનના અગ્નિને દુર કરો. આ સુર્યની સંક્રાંતિથી રહિત અધિક માસ છે, વળી આ નધણીયાતો મેલો અને સારાં સારાં કર્મમાં નાલાયક મહીનામાં સ્નાન કરવું નહિ. આ પ્રમાણે સ્વામિના ગર્વવાળા સઘળી વનસ્પતિ વેલીઓ વગેરે બાર માસ કલા, વગેરે અયન તથા વર્ષોએ તિરસ્કાર કરાયેલો છે. આવા દુઃખરૂપ અગ્નિથીજ બળેલો આ મરવાને તૈયાર થયો છે, પછી બીજો દયાળુઓએ મોકલેલો મારી પાસે આવ્યો. હે ઈંદ્રિઓના અધિપતિ! શરણની ઇચ્છાથી થરથર કંપતો વારેવારે રોતો સઘળુ સંકોચ વગર, દુઃખ જણાવવા લાગ્યો. એનું મોટું દુઃખ આપના વિના નિવારણ થાય એવું નથી. હે કૃષ્ણ! હે ગોલોકપતિ! આ આશરા વગરનાને હાથ ઉપર કરી આપની પાસે લાવ્યો છું. આપ પારકાનું દુઃખ ખમી શકતા નથી, આવું વેદને જાણનારાઓ કહે છે, માટે આને કૃપા કરી અભય અને સુખી કરો. હે જગતના નાથ! આપના ચરણકમળને પામેલો શોક કરતો નથી. આવું વેદને જાણનારૂં વચન કેમ ખોટું થાય? મારે માટે પણ આના દુઃખનું નિવારણ કરવું જોઇએ. હું સઘળું છોડીને આવ્યો છું, મારૂં આવવું સફલ કરો. ક્યારે પણ પ્રભુની નજીકમાં વારંવાર બોલ્યા કરવું નહિ, આવું હંમેશાં નિતિમાં કુશળ

મોટી બુદ્ધિવાળાઓ કહે છે માટે વધારે કહેતો નથી, આ રીતે સર્વાત્મા કૃષ્ણને જણાવી એ હાથ જોડનારા વિષ્ણુ તેનું મુખકમલ જોતાં ભગવાનની પાસે ઉભા રહ્યા. ઋષિઓ બોલ્યા હે સુત! તમે મોટું દાન કરનારા છો કે જેના મુખથી અમે સેવવા યોગ્ય વિષ્ણુની લીલાની કથારૂપ અમૃતને પીએ છીએ માટે ઘણાં વર્ષો સુધી જીવો. હે સુત ગૌલોકમાં વસનારાએ શું કહ્યું? તથા શું કર્યું? એ કહો, કેમકે વિષ્ણુ શ્રી કૃષ્ણનો સંવાદ સર્વ લોકોનું ભલું કરનારો હોય છે. હે સુત! બ્રહ્મના પુત્ર નારદે રૂષીયોમાં મુખ્ય એવા નારાયણને શું પુછ્યું તે હવે કહો. તે નારદ મોટા, ભગવદ્ ભકત અને તપ કરનારા નારાયણના શરીરરૂપ છે માટે તેણે પુછેલું વચન ઉત્તમ ઔષધરૂપ હશે. આ પ્રમાણે બ્રહ્મનારદીય પુરાણનો પુરુષોત્તમના મહાત્મ્યમાં શ્રી નારાયણ ને નારદના સંવાદ વિષે પુરુષોત્તમ વીનંતી નામનો છઠ્ઠો અધ્યાય થયો ॥ ૬ ॥

## અધ્યાય ૭ મો.

સુત બોલ્યા—હે તપોધન! તમોએ જે પ્રશ્ન કર્યો તે તુરતજ ઋષી નારદે કર્યો હતો અને જે ઉત્તર ઇશ્વર નારાયણે કહ્યો હતો તે કહું છું. નારદે પુછ્યું—હે બદરીકાશ્રમના અધિપતિ જ્યારે વિષ્ણુ બીજાનું અપાર દુઃખ જણાવી મૌન રહ્યા ત્યારે શ્રેષ્ઠ પુરુષોત્તમે શું કર્યું! તે હવે કહો. શ્રીનારાયણે કહ્યું: કે વત્સ નારદ! હું એશો આસ્તિ સાંભળ્યાને ચાહનારા અને કપટથી રહીત મારા ભકતને કહેવું જોઇએ માટે ગૌલોકના પતિએ વિષ્ણુને જે કહ્યું તે છાનું છે તે છતાં પણ કહું છું. આ સારી કીર્તિને, પુણ્યને, યશને, સાર પુત્રને દેનાર, રાજાઓની વંશ વૃદ્ધિ કરનાર, દરીદ્રપણાને ટાળવામાં અગ્નિરૂપ અને મોટા પુણ્ય-વાળાઓએ અનન્ય ભકિતથી સાંભળવા તથા કરવા યોગ્ય છે. શ્રીપુરૂષોત્તમ

બોલ્યા હે વિષ્ણુ! આપ મલમાસને હાથમાં ધરી જે અહીં પધાર્યા તે સારૂ કર્યું આથી જગતમાં કીર્તિ પામશે. આપે જે જીવન અંગીકાર કર્યો છે તે મેં પણ કર્યો છે. આથી આને સર્વના ઉપગુણો, કીર્તિ, મહિમા ને અશ્ચર્ય, પરાક્રમો ભકતોના વરદાન અને બીજા પણ મારા ગુણોથી જગતમાં પુરૂષોત્તમ પ્રસિદ્ધ છું તે રીતે આ પણ લોકમાં પુરૂષોત્તમ નામથી પ્રસિદ્ધ થશે. હે મધુ દૈત્યને મારનાર વિષ્ણુ! મારામાં જે ગુણો છે તે બધાએ મેં આને અર્પણ કર્યાં છે.

પણ મારા માસમાં ભકતોની કામનાને દેવામાં કયારે પણ હું વાર લગાડનાર નથી, કેમકે જે મારા માસના ભકતો છે તે મને અત્યંત વહાલા છે. આ મહીનામાં જે અતિ મુર્ખ જનો જપ, દાન, સત્કર્મ ને સ્નાનથી રહિત, અને દેવતીર્થ તથા બ્રાહ્મણોનો દોષ કરનારા છે તેઓ દુર્ભાગ્યવાળા દુષ્ટ ને બીજાના ભાગ્ય ઉપર જીવનારા થાય છે. તેઓને કોઈ વખતે સ્વપ્નમાં પણ સસલાના શીંગડાની પેઠે સુખ નથી. જે મુરખ જનો, મારા વ્હાલા મલમાસનો તીરસ્કાર કરશે અને જેઓ ધર્મ આચરશે નહિ તેઓ હંમેશાં નર્કમાં વસનારા થશે, જેઓ ત્રીજે ત્રીજે વર્ષ પુરૂષોત્તમ માસને પામી ધર્મ કરશે નહિ તેઓ કુંભીપાક નર્કમાં પડશે. વળી લોકમાં દુઃખરૂપી વનના અગ્નિમાં મહામૂર્ખ જનો પુત્ર, પૌત્ર અને સ્ત્રીથી થયેલા મોટા દુઃખને પામશે. જેઓની અજાણમાં શ્રીમાન અતી પુણ્યરૂપ, મારો પુરૂષોત્તમ જાય તેઓ શી રીતે સુખથી-વધી શકે? સારાં ભાગ્યવાળી જે સ્ત્રીઓ પુત્રનાં સુખ તથા સૌભાગ્ય માટે પુરૂષોત્તમ માસમાં સ્નાન, દાન અને પુજન વગેરે કરશે તેઓને હું સૌભાગ્ય, સંપતી, સુખ અને પુત્ર આપીશ. જે સ્ત્રીઓનો મારા નામવાળો પુરૂષોત્તમ માસ નકામો જશે તેઓને હું અનુકુળ નહી રહું, ધણીનું સુખ નહિ થાય, અને ભાઈ,

પુત્ર તથા બેનનું સુખ સ્વપ્નામાં પણ દુર્લભ થશે. માટે સઘળાઓમાં સંપૂર્ણ મનથી સ્નાન, પુજા, જપ વગરે વીશેષ કરીને અને દાન શક્તીને અનુસરી કરવું. જે આ પુરૂષોત્તમ મહીનામાં ભક્તિથી મારી પુજા કરશે તે ધન તથા પુત્રના સુખને ભોગવ્યા પછી ગૌલોકમાં વાસ કરનારા થશે. સઘળા મહીનાઓમાં આને ઉત્તમ ગણ્યો છે માટે મારી આજ્ઞાથી સર્વ જનો મારા માસને પુજશે. આ કારણથી હે લક્ષ્મીના પતી! આપ અધીક માસની ફીકર છોડી આ પુરૂષોત્તમને લઇ જેની તુલના નથી એવા વૈકુંઠમાં પધારો. શ્રી નારાયણ બોલ્યા– આવું રસીક કૃષ્ણનું વચન સાંભળી વિષ્ણુ બહુજ આનંદથી એ માસને લઇ નવા મેઘની સરખી કાંતીવાળા દેવને પ્રણામ કરી ઝટ ગરૂડ ઉપર બેસી પોતાને સ્થાનકે પધાર્યા. આ રીતે બ્રહ્મનારદીય પુરાણમાં પુરૂષોત્તમ મહાત્મ્યના નારાયણ ને નારદના સંવાદમાં અધીક માસને ઐશ્વર્ય મળ્યું. આ નામનો સાતમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૭ ॥

## અધ્યાય ૮ મો.

સુત બોલ્યા-હે તપરૂપી વનવાળાઓ વિષ્ણુને શ્રી કૃષ્ણના સંવાદ સાંભળી પ્રસન્ન મનવાળા નારદે ફરીને પ્રશ્ન કર્યો. નારદ પુછવા લાગ્યાઃ હે પ્રભુ જ્યારે રૂક્ષમણીના પતિ વિષ્ણુ વૈકુણ્ઠમાં સીધાવ્યા ત્યારે તે પછી શું થયું? તે મને આદિ પુરૂપ અર્જુન અને કૃષ્ણ હે સર્વલોકોનું સદા હીતકારી વૃત્તાંત કહો. આવું પુછવાથી હર્ષ પામેલા પ્રભુ જગતને આનંદ આપનારૂં વૃત્તાંત નારદને કહેવા લાગ્યા. શ્રી નારાયણ બોલ્યા-હે નારદ! રૂક્ષમણીના નાથ, વિષ્ણુ ગૌલોક વાસીને મળ્યા પછી આનંદથી વૈકુંઠમાં સીધાવ્યા ત્યાં જઇ તે અધિક માસને પણ પાસે વસાવ્યો. જ્યારે ત્યાં તે વિલાસને પામ્યો ત્યારે તે સુખી થયો તથા માસના અધિપતિ વિષ્ણુની સાથે રમવા લાગ્યો.

પાંજરૂં ભગવાનને લીધે ભાગ્યને યોગે તેને તિવ્ર ભયંકર તાવ આવવા લાગ્યો. ફરકતાં સર્વ અંગોમાં જુદી પડી રહેલી તાપની જ્વાળાથી આળસ શ્વાસોચ્છવાસથી યુક્ત મોટી દારૂણુ મુર્છાથી ઢેબાં ખાતો અને અત્યંત દારૂ પીવાથી ઉન્મત્ત બનેલાની પેઠે પૃથ્વી ઉપર પડતો ઘેર આવતાં જ તે પૃથ્વી તળે પડયો. જેટલીવારમાં ભયથી વિહ્વલ થયેલી પુત્રી પિતાની પાસે આવી તેટલી વારમાં બ્રાહ્મણુ તેને યાદ કરતો મરવાની વિચારણા કરવા લાગ્યો.

હે તાત! હમણાં ઘણીવારથી સુતા છો માટે ઉભા થાઓ કેમ ચુપ રહ્યા છો? અમૃતના સરખી વાણી બોલો આવું કહી આ બાલકી વારંવાર વિલાપ કરવા લાગી, અને ટીટોડીના સરખી આત દુઃખ પામેલી પીડાવાળી તે છુટે મ્હોડેથી રોવા લાગી. તે પુત્રીનું રોવું સાંભળી તે વનમાં વસનારા તપસ્વી બ્રાહ્મણો આ તપોવનમાં કોણુ અત્યંત દયા ઉપજાવે એવું રૂએ છે? એમ મનમાં ધારી, ફરીથી મેધાવી ઋષિની પુત્રીના શબ્દનો નિશ્ચય કરી ઉતાવળ સહિત હાહાકાર કરતા ત્યાં આવ્યા. આવી રૂષળાઓએ પુત્રીના ખોળામાં રહેલા મરેલ મુનીને જોયા ત્યારે વનમાં રહેનારા તમામ મુનિયો રોવા લાગ્યા. તેઓએ પુત્રીના ખોળામાંથી મડદાને સ્મશાનમાં શીવની નજીક લઈ જઈ અંતે કરવાના યત્નની વીધીથી લાકડાં ખડકીને બાળ્યું. બાળીને આવ્યા પછી કન્યાને દીલાસો દઇ તે સઘળાઓ પોતાને ઘેર ગયા અને કન્યાએ ધર્મશાસ્ત્ર પ્રમાણે પિતાની પરલોક સંબંધી દેહની પાછળ કરવાની ક્રિયા પુરી કરી. પુત્રીએ વનમાં નાવાસ કર્યો કે દાઝેલી કેળ સરખીને કોમળ બાળકી વાછરડાના મરવાથી જેવી ગાય નીસ્તેજ થઈ જાય તેવી પીતાથી થયેલા દુઃખરૂપ અગ્નિથી દગ્ધ થતી હતી. આ પ્રમાણે બ્રહ્મનારદેય પુરાણુનાં પુરૂષોત્તમ મહાત્મ્યમાં શ્રી નારાયણુને

નારદના સંવાદ વિષે કુમારી વીલાપ નામનો આઠમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૮ ॥

## અધ્યાય ૯ મો.

સુત બોલ્યા—ત્યાર પછી નારદ મુનીએ તેને મેધાવી નામના શ્રેષ્ટ બ્રાહ્મણુની પુત્રીનું વૃત્તાંત પુછ્યું. હે મુની! મુનિની પુત્રીએ તપોવનમાં શું કર્યું અને કયા પુરૂષે તેનું પાણીગ્રહણુ કર્યું. શ્રી નારાયણુ બોલ્યા—પોતાના પિતાને યાદ કરીને વારંવાર શોક કરતાં ને ત્યાં વસતાં તેનો કેટલોક વખત ગયો. ટોળામાંથી જુદી પડેલી મૃગલીની પેઠે એકલી શુન્ય ઘરમાં બેઠેલી, આંસુઓના પ્રવાહથી પુર્ણ નેત્રાવાળી બળતા હૃદયકમળવાળી, કંડીઆમાં રૂંધેલી સર્પિણીના સરખી, નિશ્વાસ નાખવામાં તત્પર દિન, વીચારતાં દુઃખનો પાર નહિ જોતી, પાતળા પેટવાળી તે કન્યાની પાસે ભવિષ્યના બળે મોકલેલા, સમર્થ, એવા ક્રોધી મુનિ એની મેળે તે વનમાં આવ્યા જેની દષ્ટિ માત્રથી સો યજ્ઞ કરનારો ઇંદ્રિ પણ ત્રાસ પામે, જાણે સાક્ષાત્ સદાશીવ હોય તેમ જટાથી ઢંકાયેલા છે. હે રાજેન્દ્ર તમારી આ માતાને અતિ પુંજા કરવાથી ઘણાજ રાજી થઈ દેવતાઓને આકર્ષણ કરનારી વિદ્યા (મંત્ર) આપી હતી. કૃષ્ણુ કહે છે હે પૃથ્વીના પાળનાર રાજા! (અને નારાયણુ કહે છે, હે નારદ!) જેને સર્વ દેવતાઓ નમે છે એવો હું છું તેને પણુ સાક્ષાત્ રૂક્ષમણીની સાથે રથમાં જોડાયો હતો. જ્યારે તેઓએ માર્ગમાં દુર્વાસાથી યુક્ત રથ ચલાવ્યો ત્યારે અતિ તરસથી ચાલવું અને હોઠરૂપ પડીઆ સુકાવાને લીધે પુર્વે જેની ખાંધ ઉપર ધુંસરૂં રહેલું હતું એવાં એ રૂક્ષમણીએ પાણી પીવાની મરજી મને જણાવી. પ્રિયાના પ્રેમથી ભીંજાતાં ને ચાલતાંજ પગના આગલા ભાગથી પૃથ્વી તળને દાબી ભાગવતી ગંગાને પેદા કરી. હે મહારાજ!

તે ઉંચે ગતી કરનાર બની તેટલાજ પાણીથી ઉગ્ર રૂક્ષમણીની તૃષાને મટાડનાર થઈ તે જોઈ તેજ ક્ષણે થયેલા ક્રોધથી બળતા હોય તેમ પ્રલયના અગ્ની પેઠે ઉભા થયેલા ક્રોધી મુનિએ શ્રાપ આપ્યો.

તારૂં ધાર્મિક સદાચરણ જાણી હું કૈલાસથી આવ્યો અને તારા આશ્રમને પામવાથી તેં મારૂં સારી રીતે પુજન કર્યું. હે ગુણોથી ઉત્તમ સ્ત્રી? હવે હું લોકને કારણે એકાગ્ર મનથી આકરૂં તપ કરવા સનાતન મુનીઓના ઈશ્વર નારાયણદેવનું દર્શન કરવા ઉતાવળથી બદરીકાશ્રમ જઇશ. બાળકી બોલીઃ હે ઋષિ! આપના દર્શનથી મારો શોકરૂપ સમુદ્ર સુકાઇ ગયો. હવે પછી મારૂં સારૂં થશે, કેમકે આપે મારી સંભાળ લીધી. હે દયાના સાગર! હે મુની! ઉત્પન્ન થયેલ મોટી ઝાળવાળા દાવાગ્નિને જાણો છો માટે તેને શાંત કરો. જે મને ધીરજ આપે તે માતા નથી, પીતા નથી અને ભાઇ પણ નથી, આમ દુઃખના ઘરમાં પીડાતી હું કેમ જીવી શકું. હે તપના ખજાના રૂપ! જે જે દિશા જોઉં છું તે તે મને શુન્ય ભાસે છે, માટે તુરત મારા દુઃખનું નિવારણ કરો. કોઇપણ પાણી ગ્રહણ કરવા માટે ચાહતો નથી, આથી હવે પછી મારી શું દશા થશે એવી મને મોટી ઉપાધી છે. હે બ્રહ્મદેવ! તે કારણથી મને નીંદ્રા નથી અને હું મરવા ઇચ્છું છું. આ પ્રમાણે જેના મુખ ઉપર આંસુ આવેલાં છે એવી બાળકી તે ઋષીના ચરણમાં પડી તે સમયે દુર્વાસા તેના ઉપાયને માટે બોલ્યાઃ નારાયણ બોલ્યા—એવું મુનીની પુત્રીનું વચન સાંભળી બહુ ગુણવાળા મુની દુર્વાસા વેદને વીચારી ઘણી કૃપાથી બાળકીને જોઇ કંઇ પણ સારરૂપ હીતકારી વચન બોલ્યા. આવી રીતે શ્રીકૃષ્ણે બ્રહ્મનારદીય પુરાણના પુરુષોત્તમ મહાત્મ્યમાં દુર્વાશાનું તપોવનમાં આવવું નામનો અધ્યાય પુર્ણ થયો. ॥ ૯ ॥

## અધ્યાય ૧૦ મો.

**નારદ બોલ્યા** :-૨ તપના ભંડાર મોટા તેજસ્વી ક્રોધી મુનીએ શું વીચાર કરી તે ઋષીની કન્યાને કહ્યું તે મને કહો. સુત બોલ્યા-હે બ્રાહ્મણો! નારદનું બોલવું સાંભળી બદરીકાશ્રમના સ્વામી છાનું તથા સર્વનું હિતકારી દુર્વાસાએ વચન કહ્યું: શ્રી નારાયણ બોલ્યા હે નારદ! તે વખતે મુનીયે મેધાવીની પુત્રીનું દુઃખ ટાળવા જે કહયું હતું તે કહું છું, માટે સાંભળો. દુર્વાશા બોલ્યા હે સુંદરી હું કોઇને પણ કહેતો નથી, ફક્ત તારે માટે વિચાર છે તે તને કહું છું માટે સાંભળ. ટુંકાણમાંજ તને કહું છું, કે હે સારાં ભાગ્યવાળી! આજથી ત્રીજોજ માસ પુરુષોત્તમ છે, તેમાં તીર્થ વિષે ન્હાહેલો નર ગર્ભહત્યાથી છૂટે છે. હે સુંદરી! એની બરોબર કાર્તિક વગેરેમાં બીજો પણ મહીનો નથી. તમામ મહીના પખવાડીયાં અને જે જે પર્વ છે તેઓ પુરુષોત્તમ મહીનાના સોળમાં ભાગને પણ લાયક નથી. શાસ્ત્રોમાં કહેલાં જે સઘળાં સાધનો છે તેઓ પણ આ માસના સોલમા ભાગે લાયકાત ધરાવતા નથી, હે સુંદરી! બાર હજાર વર્ષ ગંગામાં ન્હાવાથી જે ફળ થાય અને ગોદાવરીમાં એકવાર ન્હાવાથી જે ફળ થાય તેજ ફળ પુરુષોત્તમ મહીનામાં હરકોઇ ઠેકાણે પણ એકવાર નાહ્યાથી ફળ મળે છે. હે બાળકી! નામે કરી પુરુષોત્તમ માસ શ્રી કૃષ્ણને વ્હાલો છે માટે તેને સેવવાથી સઘળી મનકામના પુર્ણ થાય છે. તેથી હું પણ પુરુષોત્તમની પેઠે આ પ્રસિદ્ધ માસને સેવું છું તેથી તું તે પુરુસોત્તમ માસને સેવ. હે બાળકી! એક દિવસ મેં ક્રોધથી અંબરીષ રાજાને બાળી નાખવા કૃત્યા શક્તિ મોકલી ત્યારે વિષ્ણુએ મનેજ સાવ બાળી નાખવા તે વખતે પ્રકાશ પામતું સુદર્શન ચક્ર મારી તરફ મોકલ્યું. તે ચક્ર પુરુસોત્તમના વ્રતથી પાછું વળ્યું. હે સુંદરી! ત્રણ લોકને બાળી ભસ્મ કરવાને સમર્થ

તે ચક્ર જ્યારે મને કશું નહિ કરી શક્યું, ત્યારે મને આશ્ચર્ય થયું. હે સરાં ભાગ્યશાળી! શ્રીમાન પુરુસોત્તમ માસને સેવ. મુનીની પુત્રીને કહી મુનીયોમાં શ્રેષ્ટ દુર્વાસા ચુપ રહ્યા. શ્રી કૃષ્ણુ બોલ્યા: હે રાજન! ભાવીમાં પ્રેરણુ કરેલી અને ગુણોમાં દોષ ઠરાવવાની બુદ્ધિએ પ્રેરેલી હોવાથી મનમાં ક્રોધ પામેલી બાળકી દુર્વાસાને કહેવા લાગી.

બાળકી બોલી–હે મુની! બ્રહ્મદેવ! આપે જે કહ્યું તે મને ઠીક લાગતું નથી. કેમ માઘ વગેરે મહિના કશું નહી કરી શકે. કાર્તિક માસ તે ન્યુન છે એમ કેમ કહેવાય! કહો. વૈશાખ માસને સેવવાથી શું સારી કામના નથી દેતા? શું વળી સદાશીવ વગેરે દેવતાઓ સેવા કર્યાથી શું ફળને આપતા નથી? હે મુની! આ માસ તો સર્વ કામમાં મેલો નીંદા પામેલો સુર્ય સંક્રાતીથી રહીત છતાં તેને ઉત્તમ કેમ કહો છો? હે પૃથ્વીના દેવ! હું ઉત્તમ એવા વિષ્ણુને સર્વ દુઃખોના પારને આપનાર જાણું છું. સીતાના પતિ રામથી અને પાર્વતીના પતિ શંકરથી બીજો કોઇ પણ મોટો દેવ નથી કે જે મારા દુઃખ દુર કરે. હે વિપ્રોના સ્વામી! મુનીઓને છોડી મલમાસને વખાણો છો. આવું મેધાવીની પુત્રીએ કહયું: ત્યારે તે ક્રોધથી રાતાં નેત્રવાળા થયા. અપુર્ણ બુદ્ધિશાળી હોવાથી હીતાહીતને જાણતી નથી. પુરૂસોત્તમની મોટાઇ વિદ્વાનોને પણ જણાય એવી છે ત્યારે ઓછી બુદ્ધિવાળા પુરૂષો તથા વિશેષ કરી કુમારીકાઓ ન જાણી શકે એમાં શું કહેવું! આ કારણુથી જ કૃપા વડે મનમાં રહેલા ક્રોધને દુર કરી સ્વસ્થ બની મુની અતિ વિહ્વલ તે બાળકી પ્રત્યે બોલ્યા: અહો બાળકી! તું મિત્રની પુત્રી હોવાથી તારી વિષે મને કોઈ પણ રીતનો ક્રોધ નથી. હે ભાગ્ય રહીત! તને ઠીક લાગતું હોય તે મરજી મુજબ કર, બીજું હે બાળકી તારૂં ભવિષ્ય કહું છું તે સાંભળ. તે જે પુરૂ-

ષોતમ માસનો તિરસ્કાર કર્યો, માટે સર્વ પ્રકારે તેનું ફળ આ અથવા બીજા જન્મમાં થશે. હવે પછી હું નારાયણના આશ્રમમાં જવાનો છું. સારૂં નઠારૂં જે થવાનું હોય છે તે કોઇથી પણ બંધ થતું નથી. શ્રીકૃષ્ણ બોલ્યા—આમ કહી તરત દુર્વાસા ચાલ્યા અને તેજ વખતે પુરૂષોત્તમની નીંદાથી તે નીસ્તેજ બની. ઘણો કાળ વિચારી તત્કાલ ફલને આપનારા દેવોના અધિપતી પાર્વતીના પતિ શીવને સેવું. આ પ્રમાણે મનથી નિશ્ચય કરી, હે નૃપ! મેધાવીની પુત્રી તે આશ્રમમાં ના રહી ને દુઃખે કરાય એવું તપ કરવાની વિચારણા કરી. સુત બોલ્યાઃ ઋષીની પુત્રી અતિ બલવાન દુર્વાસા મુનીના વચનને નીંદી બહુ ફળ દેનારા, વિષ્ણુને અને સાવિત્રીના પતિ બ્રહ્માને પણ તજી પોતાના મનમાં અંધકાર સુરના શત્રુ શિવની સેવામાં ઉત્સુક થઇ. આ રીતે શ્રી બ્રહ્મન્નારદીય પુરાણના પુરુષોત્તમ માસના મહાત્મ્યના શ્રી નારાયણ ને નારદના સંવાદમાં કુમારીના શિવના આરાધનના ઉદ્યોગનો દશમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૧૦ ॥

## અધ્યાય ૧૧ મો.

નારદ બોલ્યા—હે મહામુની! એ કુમારીકાએ સર્વ મુનિયોથી પણ અતી દુઃખે કરાય એવું મોટું કર્મ કર્યું, તે મને કહો. નારાયણે કહ્યું કે પછી શાંત, પાંચ મુખવાળા, સનાતન સાપના ઘરેણાંવાળા નંદી, ભંગી ગણોએ સેવેલા, ચોવીસ તત્વો તથા ત્રણ ગુણોએ સ્તુતી કરતા, આઠ મોટી સિદ્ધિયો અને પ્રકૃતિ તેમજ પુરૂષે પ્રશંશતા જટાજુટથી શોભીત દેવ શીવનું ચિંતવન કરતાં બાળકીએ અતી ભયંકર તપ આચર્યું, તે શંકરને હૃદયમાં ધારી ઘણે દુઃખે એવું તપ કર્યું. ઊનાળાના સૂર્યમાં પાંચ અગ્નીઓમાં વનમાં રહેલી તે બાળા જેવું જલમાં રહેલું કમળ શોભે તેવી શોભીતી તેના તપે કરીને ઇંદ્ર

ચીંતાતુર થયો. હે રાજાઓને શોભાવનાર રાજપુત્ર! આ રીતે રૂપી પુત્રને તપમાં પ્રવૃત્ત થતાં નવ હજાર વર્ષ વીતી ગયાં. તેના તપથી પ્રસન્ન થયેલા પાર્વતીના પતી, ભગવાન શીવજીએ મેધાવીની પુત્રીને પોતાનું ઇંદ્રિયોથી અગોચર છે છતાં પણ રૂપ દેખાડયું. તે જોઇને તપથી દુબલી થયેલી પણ તે બાળકી જેમ પ્રાણને આવ્યો જોઇ દેહ ઉઠે તેમ તરત ઉભી થઇ અને તે વેળાએ તડકાથી ક્લેશ પામેલી પૃથ્વી વરસાદને પામવાથી જેવી સુંદર થાય તેવી હુષ્ટપુષ્ટ બની ગઇ. તે બાળકી દીન થઇને સદાશીવને વંદન કરવા લાગી.

હે બાળકી! હું, બ્રહ્મા વગેરે દેવતાઓ, નારદ વગેરે તપસ્વિઓ, જેની આજ્ઞાને ઉઠાવનારા છીએ તેનો હુકમ કોણ લોપી શકે? તે લોકમાં માન પામેલા માસને હે મુઢ! તેં પુજ્યો નથી. આથી હે બ્રાહ્મણની પુત્રી! તને પાંચ પતિ થશે. હે બાળકી! પુરૂષોત્તમનું ખંડન કર્યાથી આમાં ફેર થશે નહિ, જે તે માસની નીંદા કરે છે તે જરૂર ઘોરનરકમાં પડે છે. પુરૂષોત્તમની ભક્ત છે તેઓ પુત્ર, પૌત્ર અને ધનવાળા થઇ આ લોક ને પરલોકની સિદ્ધિને પામ્યા છે,--પામે છે અને પામશે અમે સમસ્ત દેવતાઓ પણ પુરૂષોત્તમને સેવિએ છીએ. હે સારા મધ્યભાગવાળી! જેની સેવાથી શ્રીકૃષ્ણ તરતજ પ્રસન્ન થાય છે તે સેવવા લાયક માસ ન સેવાયે. અતિ ઉગ્ર મ્હોટાનું વચન કદી ખોટું ન થાય આવું કહેતાં શ્યામ કંઠવાળા શિવ અંતર્ધાન થયા અને તે બાળકી ટોળાથી જુદી પડેલી મૃગલીની પેઠે ચકિત થઇ. સુત બોલ્યા—હે મુનિશ્વરો! જેનો બાળ ચંદ્રમાના ચિન્હવાળો કપાલનો ભાગ છે એવા સદાશિવ પોતાની દિશામાં ગયા ત્યારે જેવી રીતે વૃત્રાસુરને મારનારા ઇંદ્રને હત્યા પીડાતી હતી, તેવી રીતે મુનીરાજની કન્યાને ચીંતા પડવા લાગી. આ પ્રમાણે શ્રી બ્રહ્મન્નારદિય પુરાણમાં પુરૂષોત્તમ મહાત્મ્યમાં શિવ વાકય નામનો અગીયારમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૧૧ ॥

## અધ્યાય ૧૨ મો.

નારદે પુછ્યું-હે નાથ! જ્યારે નીલકંઠ શિવ ગયા, ત્યારે બાળ-સ્ત્રીએ શોકથી શું કર્યું. શ્રી નારાયણે કહ્યું-આવુંજ પૂર્વે પાંડવે શ્રી કૃષ્ણને પૂછ્યું હતું અને તેણે રાજાને જે વચન કહ્યું હતું તે મારા કહેવાથી સાંભળો. શ્રી કૃષ્ણ બોલ્યા: હે રાજન! આ રીતે શિવના જવાથી નીસ્તેજ. અને આંસુઓ સહિત નેત્રવાળી થયેલી તે તપ કરનારી રૂષીની પુત્રીને દુઃખ પામતાં બહુ વખત વહી ગયો, અને તે તેથી તપસ્વિનીને સમર્થ કાળે ઘેરી. જેમ સર્પ ઉંદરના સ્થાનકને પહોંચે તેમ દુઃખ પામતી તે કન્યાને તત્કાળ કાળ પ્રાપ્ત થયો. આ રીતે અવ-શાન કાળે તપ કરનારી કન્યાને વર્ષાકાળના વાદળાઓએ ઘેરેલા આકાશમાં રહેલી સુદામા પર્વતની પેઠે અતિ પવીત્ર પોતાના આશ્રમમાં તપથી જેના પાપ બળી ગયાં છે એવી તે નાશ પામી તેજ વખતે ધર્મિષ્ટ યજ્ઞસેન રાજાએ મોહોટા સરસામાનવાળો ઉત્તમ યજ્ઞ કરવા માંડ્યો હતો, તેની યજ્ઞના કુંડમાંથી સોનાના સરખી આકૃતિવાળી કુમારિકા પેદા થઇ તે આ દ્રૌપદ રાજાની પુત્રી દ્રૌપદી પૃથ્વીના સર્વ લોકમાં પ્રસિદ્ધ થઇ છે. જે પૂર્વ ઋષીની હતી તે આ દ્રૌપદ સ્વયંવરમાં અર્જુન મત્સ્યવેધ કરેલો હોવાથી મેળવી. તે આ ઉત્તમ સ્ત્રી, હે મુનિ! દુષ્ટ દુઃશાસને ચોટલો પકડી કાનમાં શુલરૂપ વચનો સંભળાવ્યાં. હે રાજન! પુરૂષોત્તમનું અપમાન કરવાથી મેં પણ તેને ન ગણકારી જ્યારે મારે વિષે સ્નેહ કરી વારંવાર હે દામોદર! દયાના સમુદ્ર! હે કૃષ્ણ! હે નાથ! ક્લેશોના ટાળનાર, આ મારા નામો ઉચ્ચારવા લાગી કે ઇંદ્રિયોના અધિપતિ મને અહિંયાં કોઇની સહાય નથી. મા નથી તેમ બાપ નથી, ભાઇઓનો, પુત્રોનો સમુદાય નથી, સખીઓ નથી, કુલની સ્ત્રી નથી, બહેનનો પુત્ર નથી અને સગો નથી અને

પ્યારા પ્રાણ નથી, સઘળું આપજ છો. હે ગોવિંદ, ગોપીઓના નાથ હે પ્રભુ! દુશાશન ક્લેશ આપે છે છતાં મારી વાર કેમ નથી કરતા? પુર્વે મેં વિસ્મરણ કરેલી હતી તો પણ દુઃશાશનથી પરાભવ પામેલી દ્રૌપદની પુત્રી મારા સ્મરણને પામી ત્યારે તત્કાલ ગરૂડ ઉપર બેસી ત્યાં આવી સ્થિતિ કરીને મેં હે રાજા! એના અનેક વસ્ત્રો પુર્યાં. આજે સદા મારામાં રમનારી, વ્હાલથી અને મારા પ્રાણ સરખી રાખી છે, તે છતાં પુરૂષોત્તમના તિરસ્કારથી મેં દ્રૌપદીની ઉપેક્ષા કરી હતી કેમકે પુરૂષોત્તમના તિરસ્કાર કરનારને પીડું છું, સર્વ કાર્યના ફળને દેનારો આ પુરૂષોત્તમ માસ સઘળી રીતે મુની તથા દેવતાઓએ પણ સેવવો જોઇએ એ માટે ફરી શું કહેવું. માટે આ આવતો પુરૂષોત્તમને સેવજો. જ્યારે ચૌદમું વર્ષ પુરૂં થશે ત્યારે તારૂં સઘળું સારૂં થશે. હે પાંડવ! જેઓએ આનો ચોટલો ઝાલ્યો હતો તેઓની સ્ત્રીઓના કેશને ક્રોધથી ઉતરાવીશ. સઘળા દુર્યોધન વગેરે રાજાઓને યમરાજાને સ્થાનકે પહોંચાડીશ. તમે સર્વ શત્રુઓનો ક્ષય કરી રાજા થશો. હે ધર્મ! જેવા મને ભક્તો પ્યારા છે તેવો કોઈ પણ પ્યારો નથી, જેણે મારા ભક્તોને પીડયા તેણે સદા મને પીડયો, તેના જેવો બીજો મારો દ્વેષી નથી. યમરાજા તેના ફળને આપે છે અને હે પાંડવ! હું તે દુષ્ટને દંડ દેવા માટે પણ જોતો નથી. શ્રીનારાયણે કહ્યું—મધુ દૈત્યને મારનાર શ્રીકૃષ્ણ તે પાંડવોને તથા દ્રૌપદીને દિલાસો આપી દ્વારકા જવાની ઇચ્છાથી બોલ્યા: હે રાજન્ હવે હું દ્વારકા પ્રત્યે જઇશ. મહાભાગ એવા વાસુદેવ મારા મોટાભાઇ બળદેવ, મારી માતા દેવકી બીજા સાંબ વગેરે પુત્રો આહિર વગેરે યાદવો, રૂકમણી વગેરે જે સ્ત્રીઓ તે તેઓ સર્વ સ્થિર દૃષ્ટિથી મારા આવવાની ઇચ્છા રાખનારા છે અને એમજ મને જોવાને ઉત્સુક થયેલા મારૂંજ ચિંતન કરે છે.

શ્રીનારાયણે કહ્યું: આ પ્રમાણે કહેનારા તે દેવોના ઈશ્વર કૃષ્ણને તથા કૃષ્ણના પ્રયાણને જાણીને પાંડવો ગળગળા થઈ કહેવા લાગ્યા: હે કૃષ્ણ! જેવી રીતે જળમાં રહેનારા જીવોનું જીવન જળ છે તેવી રીતે અમારૂં જીવન તમેજ છો. માટે થોડા વખતમાં પાછું દર્શન થવું જોઇએ. પાંડવોના નાથ કૃષ્ણ છે, ત્રણ જગતમાં બીજો કોઇપણ નાથ નથી, આવું સર્વ ખુલ્લી રીતે કહે છે, માટે સર્વદા અમારી રક્ષા કરો. હે જગતના ઇશ્વર! અમે સઘળા તમારા છીએ અમને ભૂલવા નહી એમ વારંવાર માગીએ છીએ. આ રીતે અનેકવાર જ્યારે પાંડવો કહેતા હતા ત્યારે પ્રેમમાં ન્હાએલા યદુકુળને ધારણ કરનારા કૃષ્ણ પાછળ આવતા પાંડવોને પાછા વાળી મંદમંદ હસી રથમાં બેસી દ્વારકા ગયા.

શ્રીનારાયણે કહ્યું—પછી જ્યારે દ્વારકાના પતિ કૃષ્ણ દ્વારકા ગયા, ત્યારે રાજા પણ ન્હાના ભાઇઓ સહિત સંતાપ પામતા તીર્થો પ્રત્યે ફરવા લાગ્યા. હે બ્રાહ્મણ! શ્રી ભગવાનને પ્યારા પુરૂષોત્તમ માસનું કૃષ્ણ વચન સાંભળી ન્હાના ભાઇઓને ધર્મ કહેવા લાગ્યા. અહો અતી ઉગ્ર પુરૂષોત્તમનું મહાત્મ્ય સાંભળ્યું. પુરૂષોત્તમને સેવ્યા પછી કેમ સુખો મેળવી શકાય માટે ભરતખંડમાં જે જુદા જુદા નીયમોથી પુરૂષોત્તમને સેવે છે તેજ ધન્ય છે. આ પ્રમાણે સઘળા તીર્થોમાં ફરતા પાંડવોએ પુરૂષોત્તમને પામવાથી તેનું વ્રત વિધિવડે કર્યું. તેના અંતમાં હે મુની! ચૌદ વર્ષ પુરાં થયાં. શ્રીકૃષ્ણની કૃપાથી શત્રુઓથી રહિત અને અતુલ રાજ્યને પામ્યા. હે મુનિયોમાં શ્રેષ્ઠ! આ મહીનાનું ઉપમાથી રહિત મહાત્મ્ય કહેવાને હું કરોડો વરસો જતાં પણ સમર્થ નથી. સુત બોલ્યા—હે બ્રાહ્મણો! મેં વ્યાસથી પુરૂષોત્તમ માસનું મહાત્મ્ય સાંભળ્યું તે પણ કહેવાને શકિતમાન ન હતા. આની સઘળી મહત્તા તો પોતે નારાયણ જાણે છે કે સાક્ષાત વૈકુંઠ વસનારા ભગવાન

શ્રીકૃષ્ણ જાણે છે. બ્રાહ્મણ વગેરે દેવો જેના ચરણને નમે છે એવા ગૌલોકના સ્વામિએ પોતાના કરેલા પુરૂષોત્તમના પુરા મહાત્મ્ય દેવતા પણ જાણતા નથી ત્યારે મનુષ્ય ક્યાંથી જાણે! આવો શ્રીબ્રહ્મનારદીય પુરાણના મહાત્મ્યમાં શ્રીનારાયણ ને નારદના સંવાદ વિષે પુરૂષોત્તમના વ્રતનો ઉપદેશ આ નામનો બારમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૨ ॥

## અધ્યાય ૧૩ મો.

ઋષિઓ પૂછવા લાગ્યા—હે સુત શ્રેષ્ઠ! હે બોલનારામાં દૃઢધન્વા કેવી રીતે પુરૂષોત્તમના સેવનથી સારાં રાજ્ય ને પુત્ર પૌત્ર વગેરેને તથા પતિવ્રતા સ્ત્રીને પામ્યો અને યોગીઓ પણ દુઃખવડે ન પ્રાપ્ત કરી શકે એવા ભગવાનના લોકોને શી રીતે પામ્યો! હે તાત! તમારા મુખરૂપ કમળની વારંવાર કથારૂપી સારને સાંભળતાં, જેમ અમૃત પીવાની તૃપ્તિ થતી નથી; માટે વિસ્તારથી જુનો ઇતિહાસ કહો. સુત બોલ્યા-હે બ્રાહ્મણો! પ્રાચીન મુની નારાયણે નારદને જુનો આ ઇતિહાસ કહ્યો હતો તેજ હવે કહું છું. હે મુનિયો! જે રીતે ગુરૂના મુખથી ભણેલું છે તે રીતે રાજા દૃઢધન્વાનું પાપને નાશ કરનારૂં ચરિત્ર સાંભળો. શ્રીનારાયણ બોલ્યા-હે રાજન! દૃઢધન્વા રાજાની જુની રમણીક અને ગંગાના જેવી પવિત્ર કરનારી કથા કહું છું. હૈહય દેશની રક્ષા કરનારો, લક્ષ્મીવાન, સારાં પરાક્રમવાળો, ચિત્રવર્મા હતો, તેનો પુત્ર બહુ તેજસ્વી દૃઢધન્વા એ નામથી જાહેર થયો. તે સર્વ ગુણોથી સંપન્ન, સાચું બોલનાર, ધાર્મિક, પવિત્ર, કાન સુધી વિશાળ નેત્રવાળો, મોટી ભુજાવાળો અને મહા તેજસ્વી એવો એ ગુણોના સમુદ્રની સાથે વૃદ્ધિ પામ્યો. બુદ્ધિમાન, ચતુર, અંગો સહિત ચાર વેદોને એકવાર કહેવાથી પૂર્વે ભણેલાની પેઠે સાફ રીતે આનંદથી ભણી ગુરૂને દક્ષિણા દઇ લીધી, તે પછી ગુરૂની આજ્ઞાથી પોતાના

શહેરમાં રહેનારાઓમાં નેત્રને આનંદ આપતો આવ્યો. મિત્ર ધર્મ પણ સર્વત્ર ધર્મને જાણનારા તે યુવાન પુત્રને પાળવામાં શક્તીવંત જોઈ નવાઈ પામ્યો. આથી સાર રહીત આ સંસારમાં બીજું શું છે? બે ભુજાવાળા ધારણ કરનારા પ્રસન્ન મુખવાળા શાંત અભય દેનારા શ્રી કૃષ્ણને સેવું કેમકે પુરૂષોત્તમને સેવવાથી અંબરીષ, શર્યાતી, ભીષ્મ, વીદુર, દુષ્યંત, ભરત, પ્રલ્હાદ, વિભીષણ અને બીજા પણ રાજાઓ અનેક સુખોને છોડી ક્ષણભંગુર દેહથી મોક્ષ પામ્યા છે. આ કારણથી મારે પણ સ્ત્રી, ધન, પુત્ર વગેરેના સ્નેહમય પાશને તોડી અરણ્યમાં વિષ્ણુનું સેવન કરવું વ્યાજબી છે. એવો નીશ્ચય કરી વૈરાગ્યને ભેટેલો સહર્ષ દ્રઢન્વા ઉપર આ ભાર નાખી તરત પુલ આશ્રમ પ્રત્યે ગયો ત્યાં જઈ શ્રીકૃષ્ણને મનથી સંભારતા સર્વ કામનાઓથી બેગરજુ થઈ આહાર તજી હંમેશાં તપ કરવા લાગ્યો. કેટલોક વખત લગી તપ કરવાથી તે વિષ્ણુના લોકમાં ગયા. દ્રઢન્વાએ પણ પોતાના પીતાની વીષ્ણુને પામવાની ગતી સાંભળી હર્ષ શોકથી ભરેલા રાજાએ વિદ્વાન લોકોના કથન પ્રમાણે મુક્તી દેહની પાછળ કરવાનું કૃત્ય કર્યું. નીતિ શાસ્ત્રમાં કુશળ તે રાજા અત્યંત શોભાવાળા પુષ્કરાવર્ત નગરમાં રાજ્ય કરતો હતો. તેની ઉત્તમ આચરણવાળી સ્ત્રી કે જેનું નામ ગુણસુંદરી હતું, અને પૃથ્વીમાં તેણીના રૂપ વીશે કોઈ બરોબરી ન કરી શકે એવી તે વિદ્વાન રાજાની પુત્રી થતી હતી. તેણીને દેવતાઈ ચાર પુત્ર ને ચતુર સુંદર તથા સર્વ લક્ષણોથી યુક્ત ચારમની નામે પુત્રી ચીત્રકુંડલ આવા જુદા નામોથી પ્રસિદ્ધ અને શુરવીર થયા. દ્રઢન્વા ગુણોથી પ્રખ્યાત શાંત ઈંદ્રીયોને નીયમમાં રાખનાર, સમતામાં બ્રહ્મા સમાન, પ્રસન્નતામાં શંકર જાણે બીજા રઘુકુળના રામ હોય તેવો એક પત્નીના વ્રતને ધારણ કરનાર

અને સદ્ધર્મી જાણે બીજો કૃતવીર્યનો પુત્ર સહસ્રાર્જુન હોય તેવો અતી પરાક્રમવાળો હતો. શ્રીનારાયણ બોલ્યાઃ એક દિવસે રાત્રીમાં સુતેલા તે રાજાને ચિંતા થઈ કે અહો આ વૈભવ કયા મોટા પુણ્યોથી થયા. મેં તપ કર્યું નથી, દાન આપ્યું નથી અને ક્યારે પણ હોમ કરેલ નથી. આ મારા ભાગ્યનું કારણ કોને પુછું! આ પ્રમાણે વીચારતા તેની રાત્રી પુરી થઇ. બ્રાહ્મ મૂહુર્તમાં ઉઠી વિધી પ્રમાણે ન્હાઈ ઉદય પામતા સુર્યની સ્તુતિ કરી બ્રાહ્મણોને નમસ્કાર કરી દાન દઇ ઘોડા ઉપર બેઠો. પછી શીકારમાં મન આસકત હોવાથી તદન જંગલમાં ગયો, ત્યાં મૃગ, હરણ, દીપડા અને ઘણા પ્રાણીને માર્યા. દૃઢધન્વાએ કોઇ હરણીને બાણ જંગલમાં માર્યું તે ઉતાવળ સહિત બાણ લઇ એક વનથી બીજા વનમાં ગઈ અને લોહીના ઝરવાની નીશાનીથી રાજા પણ હરણની પાછળ ગયો તથા રાજા તે વનમાં ફરવા લાગ્યા. હરણ ક્યાંઈ પણ છુપાઈ ગયો તથા તરસથી પીડાતો હોવાથી તેણે સમુદ્ર સરખું મોટું તળાવ જોયું ત્યાં જઇ સારી રીતે પાણી પીને કાંઠે આવ્યો ત્યાં ઘાડી છાયાવાળા મોટા વડને જોયો. તેની વડવાઇથી ઘોડાને બાંધી રાજા બેઠો, ત્યાં કોઈ અત્યંત શોભીત રાજાને મોદ કરનારી મનુષ્યની વાણીથી બોલતો પોપટ આવ્યો. તે પોપટ એકલા દૃઢધન્વાને સંબોધન કરી વારંવાર એવોજ સારો શ્લોક ભણવા લાગ્યો. પૃથ્વી તલમાં ઉપજેલા જેની બરોબરી નથી એવા સુખને જોઈ તું તારો વિચાર કરતો નથી તે કેમ પાર પામીશ! આ શ્લોક વારંવાર રાજાની પાસે ભણવા લાગ્યો. રાજા તેના વચન સાંભળી આનંદ પામ્યો. આ એક શ્લોક વારંવાર પોપટ નાલીયેરના પાણી પેઠે નહિ જણાય એવો દુઃખથી માલમ પડનારો અને સારથી ભરેલો શું કહે છે! અથવા શું સંસારરૂપી સમુદ્રમાં ડુબેલા પરી–

ક્ષિતની પેઠે શ્રી કૃષ્ણના સેવક અને અજાણ એવા મને કૃપાથી તારવા નહિ આવેલ હોય! આવો તે વિચાર કરતો હતો એટલામાં તેનું લસ્કર આવી પહોંચ્યું. પોપટ તો રાજાને બોધ દઈ અદશ્ય થઇ ગયો ને રાજા પોતાના શહેરમાં આવી પોપટનું વચન યાદ કરતો બોલાવતા છતાં પણ નિંદ્રા નહિ લેતાં ભોજનને તજી બોલતો બંધ પડયો. રાણીએ એકાંતમાં આવી રાજાને પુછ્યું. ગુણસુંદરી બોલી– હે પુરૂષોમાં શ્રેષ્ઠ! આ ઉદાસપણું કયાંથી થયું. હે ભુપાળ! ઉભા થાઓ ભોગ ભોગવો અને વચન બોલો. આમ સ્ત્રીએ સમજાવતાં પણ રાજા દેવોથી પણ દુઃખો ન જાણી શકાય એવા સાચાં પોપટનાં વચનને સંભારતાં કશું પણ બોલ્યો નહિ. તે સોળ વર્ષની સ્ત્રી પણ સ્વામીના દુઃખથી પીડા પામતાં નિઃશ્વાસ નાંખી મોટા પોતાના પતિની ચિંતાના કારણને જાણી શકી નહિ. આમ ચિંતામાં બુડતાં અને સંદેહરૂપી સમુદ્રમાંથી નીકળવાના કારણને નહિ જોતાં તે રાજાના કેટલોક વખત વહી ગયો. નારદ બોલ્યા હે મુની! થોડુંક સાંભળેલું પણ નિર્મળ વિષ્ણુનું ચરિત્ર પાપને મટાડે છે માટે એ પ્રમાણે વિચારનારા દઢધન્વા રાજાનું શું થયું તે કહો. આવો શ્રી બ્રહ્મનારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્માના શ્રી નારાયણને નારદના સંવાદમાં દઢધન્વાના મનનો ખેદ આ નામનો તેરમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૩ ॥

## અધ્યાય ૧૪ મો.

**શ્રી નારાયણ બોલ્યા—**પછી ચિંતાથી આતુર બનેલા એ રાજાને ઘેર વાલ્મિક ઋષી પધાર્યા. દુરથી જોઇ રાજાએ ઉતાવળ સહિત ઉઠી ભક્તિ યુક્ત થઇ તેમના ચરણમાં દંડવત કર્યા તે ઋષીનો સત્કાર કરી ઉત્તમ આસન ઉપર બેસાડયા અને પગને ખોળામાં રાખીને તેમના પગ ચાંપવા લાગ્યો. તેના ચરણ ધોવાના જળને હર્ષથી

મસ્તકે ચઢાવતા રાજા પોપટનું વચન યાદ કરી મનહર વચનથી કહેવા લાગ્યો. દઢધન્વા બોલ્યો: હે સમર્થ ભગવાન! જે કારણથી આપ પ્રત્યક્ષ થયા તે કારણથી હું હાલ કૃતકૃત્ય અને ભગવાન છું. આજ મારો જન્મ સફળ થયો અને આજ મને અર્થની પ્રાપ્તી થઇ આથી મારૂં મોટું ભાગ્ય શું વર્ણવવું? શ્રી નારાયણ બોલ્યા: આ રીતે શ્રેષ્ટ મુનીને કહી તે રાજા ચુપ રહ્યો. વાલ્મીકી મુની પણ તે રાજાને વિનયવંત જોઇ પરમ પ્રસન્ન થતાં બોલ્યા: હે શ્રેષ્ટ રાજા તમારે વિષે આ બોલો છો તે યોગ્ય છે. મોટી બુદ્ધિવાળા રાજા કેમ ચિંતાથી આતુર છો? સઘળું મનમાં રહેલું કહો. તમને કંઈ પણ બોલવાની ઇચ્છા છે માટે બોલો. દઢધન્વા બોલ્યો હે દ્વિજજન! મારા હૃદયમાં એક મોટી શંકા છે. કોઈ વખતે શિકારની ઈચ્છાથી વનમાં ગયો હતો. વડ ઉપર ત્યાં બેઠેલો મનને આનંદ કરનાર પોપટ જોયો. મેં તેના સામું જોયું કે તે મારી સન્મુખ જોઇ એક શ્લોક બોલ્યો કે તું પૃથ્વી તલમાં ઉત્પન્ન થયેલા અતુલ સુખને જોઈ તેના તત્વનો વિચાર કરતો નથી માટે કેમ પાર પામીશ. આવી પોપટે કહેલી વાણી સાંભળી હું આશ્ચર્ય પામ્યો. હે બ્રહ્મણ! પોપટે શું કહ્યું તે હું જાણતો નથી. આ મારા હૃદયની શંકાને ટાળવા આપ યોગ્ય છો. હે ભુદેવ મને રાજ્યનું સુખ છે. ચાર સારા દેખાવવાળા પુત્રો, પતિવ્રતા સ્ત્રી, સુંદર હાથી, રથ, ઘોડા અને પાયદળ આ પ્રમાણે અતુલ્ય સમૃદ્ધિ મને હમણા કયા પુન્યથી મળી છે, આ સઘળું વિચારી ટુંકાણથી મને કહેવા યોગ્ય છો. આ રાજાના વચન સાંભળી મુનીયોમાં શ્રેષ્ટ વાલ્મિકી પ્રાણાયામ કરવામાં તત્પર થઇ બે ઘડી ધ્યાન પામ્યા. જે સઘળું થયેલું થતું અને થવાનું છે તેને હૃદયમાં જોઈ નિશ્ચય કરી તે રાજાને કહેવા લાગ્યા. વાલ્મીકી બોલ્યા: હે શ્રેષ્ટ પૃથ્વીના ધણી!

તમારૂં પુર્વજન્મનું ચરિત્ર સાંભળો! પૂર્વ જન્મમાં તમે દ્રવિડદેશમાં તામ્રવર્ણી નદીને કાંઠે રહેનાર ધાર્મિક અને જે પ્રમાણે મળે તેમાં સંતોષવાન સુદેવ નામે બ્રાહ્મણ હતો અને વિષ્ણુની ભકિતમાં તત્પર હતો, તે અગ્નિહોત્ર વગેરે કર્મ યોગથી વિષ્ણુને પ્રસન્ન કરતો હતો.

આ રીતે સદા વર્તનારા તમારે ગૌતમની પુત્રી ગૌતમી એ નામની અતી પ્રખ્યાત તમારી સ્ત્રી હતી તે પ્રેમથી જેમ પાર્વતી શિવની સેવા કરે તેમ પતિને સેવતી હતી. ધર્મથી ગૃહસ્થાશ્રમના વિધિમાં વર્તતા તેનો બહુ લાંબો કાળ વીતી ગયો પણ કંઇ સંતતિ થઈ નહી. એક દીવસ આસન ઉપર બેઠેલો પોતાની સ્ત્રીએ સેવેલો બ્રાહ્મણ ખેદ પામતાં ગદગદ મુખથી વચન બોલ્યો, હે સુંદરી! સંસારમાં પુત્ર વિના ઉત્તમ સુખ નથી. તપ અને દાનથી થયેલું સુખ બીજા લોકમાં સુખરૂપ છે પણ મારા વંશમાં સંતતીનું સુખ નથી. આ લોકમાં ને પરલોકમાં જે સારૂં છે, તે ઉત્તમ પુત્રને પામ્યા વિના મારૂં જીવવું નિષ્ફળ છે. મારો જન્મ નકામો છે, મારૂં તરત મરણ થાઓ. મને આયુષ્ય પ્રીય નથી આવા પ્યારા પતિના વચન સાંભળી ખેદાતુર મનવાળી સુંદરી દિલાસો દઇ ધીરજ રાખી પ્રિય બોલવામાં કુશળ એવી પ્રેમથી ન્હાએલી શાંતપ્રિય પતિ પ્રત્યે શાંતિનું વચન બોલી, ગૌતમી બોલી: હે પ્રાણેશ્વર! આવાં તુચ્છ વાકય ન કહો તમારા જેવા ભગવાનના ભવ્ય વિદ્વાનો મોહ પામતા નથી. હે સદાચરણવાળા સમર્થ તમે સત્યધર્મમાં તત્પર છો, તેથી તમે સ્વર્ગ જીત્યું છે. તમને જ્ઞાનીને પુત્રોથી શું સુખ મળશે? હે બ્રહ્મદેવ! પૂર્વે ચિત્રકેતુ પુત્રના શોકથી સંતાપ પામ્યો હતો તેને નારદને અંગીરાઋષીએ આવી સંસારથી તાર્યો હતો તેમ અંગરાજ ખરાબ પુત્ર વચનથી રાત્રીમાં વન પ્રત્યે ભાગી ગયો હતો તે પ્રમાણે હે સ્વામી! તમને સંતતિ દુઃખ

દેનારી થશે, તો પણ હે તપરૂપી ધનવાળા ! જો તમને સારા પુત્રની ચાહના હોય તો આનંદથી સર્વ અર્થની સિદ્ધિ કરનારા, જગતના નાથ, હરીની આરાધના કરવાથી કર્દમ સાંખ્યશાસ્ત્રના આચાર્યોએ સ્તુતિ કરેલા યોગીયોમાં શ્રેષ્ઠ દેવ કપિલ નામના પુત્રને પામ્યા હતા. આવું ધર્મપત્નીનું વચન સાંભળી બ્રાહ્મણોના શિરોમણી એના કહેવા મુજબ નિશ્ચય કરી તેની સાથે તામ્રપર્ણી નદી કાંઠે ગયો. ત્યાં ગયા પછી રજોગુણથી રહિત જંગલમાં ન્હાઇને પાંચમે દીવસે સુકેલાં પાંદડાં અને જલનો આહાર કરતાં મોટું તપ કરવા માંડયું. હે બ્રાહ્મણ ! એ પ્રમાણે તપના ભંડારરૂપ તે બ્રાહ્મણના ચાર હજાર વર્ષો ગયાં, એના તપથી ત્રણ લોક કંપવા લાગ્યા. અતિ ઉગ્ર તેનું તપ જોઇ ભક્તવત્સલ ભગવાન વેગથી ગરુડ ઉપર બેસી પ્રગટ થયા. શ્રી નારાયણ બોલ્યા: તે જગતની રક્ષામાં સમર્થ એવા ચાર હાથરૂપી દંડોથી જણાતા હર્ષ પામેલ મુખવાળા મુળ દૈત્યના શત્રુ વિષ્ણુને નિહાળી સુદેવ શર્મા આનંદથી આઠ અંગો સહિત નમન કરવા લાગ્યો. આ પ્રમાણે શ્રી બ્રહ્માનારદીય પુરાણના પુરૂષોત્તમ માહાત્મ્યમાં શ્રી નારાયણ ને નારદના સંવાદ વિષે ચૌદમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૧૪ ॥

## અધ્યાય ૧૫ મો

**શ્રીનારાયણ બોલ્યા:** ત્યાર પછી સુદેવ બે હાથ જોડી શ્રી કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો: હે દેવોના દેવ ! ત્રણ લોકને અભય આપનાર ! સર્વના ઇશ્વર ! અને સમર્થ ઇશ ! આપને નમસ્કાર થાઓ. બીજીવાર પણ આપને નમસ્કાર થાઓ. પ્રભુ હું આપને શરણ આવ્યો છું. હું જયસ્વરૂપ, જયને દેનાર, જયના નિયંતા, જન્મના કારણરૂપ જગતના આધારરૂપ, જગતમાં રહેનારા, જગતના કારણ, વિશ્વની રક્ષા કરનારા, પ્રકાશરૂપ જગતને હણનારા, જગતના પાંજરારૂપ, કૃળના

બીજરૂપ, ફળને દેનાર, તેજરૂપ, તેજને આપનાર, તેજસ્વીયોમાં શ્રેષ્ઠ દીનવત્સલ, વ્યાપક અને વસુદેવના પુત્ર એવા શ્રી કૃષ્ણને વંદન કરૂં છું.

આવું મોટું કર્મ પૂર્વે કોઇએ પણ કરેલું નથી. સુદેવે કહ્યું: હે પુરાતન પુરૂષોમાં ઉત્તમ, ધ્યાનના ખજાનારૂપ અને દીનોના બંધુ એવા હે નાથ! જો પ્રસન્ન થયા છો તો મને મનમાનતો પુત્ર આપો. કેમકે હે હરી! પુત્ર વગરનું શુન્ય ગૃહસ્થપણું, વૈભવ, વિલાસ, સુખ-સંપતિ એ મને ગમતાં નથી. આ બ્રાહ્મણનું કહેલું સાંભળી સમર્થ હરી બોલ્યા: હે વત્સલ! બ્રાહ્મણ! તને પુત્ર વિના ન દેવાય એવું પણ આપીશ, કેમકે બ્રહ્માએ તને પુત્રનું નિર્માણ કરેલું જ નથી. મેં તારા કપાળની ચામડીમાં લખેલા સઘળા અક્ષરો જોયા છે, તેમાં સાત જન્મ લગી તને પુત્ર નથી આવું હરિનું વજ્રના ઘા સરખું વચન સાંભળી તે પૃથ્વીની પીઠ ઉપર પડયો. પતીને પડેલો જોઇ બહુજ દુઃખ પામેલી સ્ત્રી સ્વામી નેત્રની ઇચ્છાથી શુન્ય જોતી રડવા લાગી. પછી ધીરજ ધરી પડેલ પતિ પ્રત્યે ગૌતમી બોલી: હે નાથ! ઉભા થાઓ, કેમ મારૂં વચન આદર કરતા નથી? બ્રહ્માએ કપાળમાં જે લખેલ હોય તે સુખદુઃખ મળે છે લક્ષ્મીના પતિ શું કરે? જેનું ભાગ્ય અવળું હોય છે તેનું સઘળું નઠારું જાય છે. સઘળા વેદોમાં હરીનું સેવન યજ્ઞ, દાન, તપ, સત્ય ને વ્રતોથી શ્રેષ્ઠ કહેલું છે. પરંતુ સર્વ કરતાં ભાગ્યનું બળ અધિક છે. માટે સર્વમાં વિશ્વાસ છોડી ભાગ્યનો આશ્રય કરી ઉભા થાઓ. આપણને વિષ્ણુથી શું પ્રયોજન છે? આવા તે તીવ્ર શોકવાળા વચન સાંભળી ગરૂડ વિષ્ણુને કહેવા લાગ્યો: ગરૂડ બોલ્યા: હે ગરીબોના સગા! દયાના સાગર! ભક્તોને અભય કરનાર! ભક્તોના દુઃખને નહી સહન કરનાર! આ બ્રાહ્મણીના નેત્રોમાંથી પડતા આંસુઓના તરફ જુઓ. આજ આપની દયા કયાં ગઈ. અહો બ્રાહ્મણને વિષે દયાવાળા દેવ!

હમણાં આપનો ધર્મ ક્યાં ગયો! આપની સેવાની મહત્તા સઘળે ઠેકાણે પ્રસિદ્ધ છે તો બ્રાહ્મણના પુત્રની મહેચ્છા પૂર્ણ કરવામાં શું શ્રમ છે. હાથીને દેનારા પુરૂષને અંકુશ દેવામાં શું પરિશ્રમ હોય! હવે પછી કોઇપણ આપના ચરણકમળને સેવશે નહી, જે અકાર્ય પુરુષના ભાગ્યમાં રહેલ હશે આવી જગતમાં પ્રસિધ્ધિ થશે અને આપની ભકિત નાશ પામશે. હે નાથ! કરવાને સઘળે ઠેકાણે આપનું સામર્થ્ય જે પ્રસિદ્ધ છે, આજજ જો આને પુત્ર આપનાર નહી થાઓ તો તે જતું રહેશે માટે આપ સર્વ રીતે એક પુત્ર બ્રાહ્મણને આપો. આપનું સેવન કરી સુદામા ઉત્તમ વૈભવ પામ્યો હતો અને સાંદીપની આપની કૃપાથી મરેલા પુત્રને પામ્યો હતો. આ કારણથી પુત્રની ઇચ્છાવાળા સ્રીપુરૂષ આપને શરણ આવે છે. શ્રીનારાયણ બોલ્યા આવું ગરૂડનું વચન સાંભળી વિષ્ણુએ આકાશમાં ગતી કરનારા ગરૂડને અમૃત સરખું વચન કહ્યું. હે પક્ષીઓમાં શ્રેષ્ઠ ગરૂડ! આને તું મનમાં રહેલો એક પુત્ર દે આવું પોતાને ફાવતું વિષ્ણુનું વચન સાંભળી તરત અતિ પ્રસન્ન મનવાળા ગરૂડે ઘણા ખેદયુકત મનવાળા બ્રાહ્મણને લાયક સુંદર પુત્ર આપ્યો. આમ શ્રીબ્રહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ માહાત્મ્યમાં નારાયણ ને નારદના સંવાદ વિષે સુદેવના વરદાનનો પંદરમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૫ ॥

## અધ્યાય ૧૬ મો

**શ્રી નારાયણ બોલ્યા**–હે મોટી બુદ્ધિવાળા નારદ! વાલ્મીકીએ અતિ બહુ અચંબાભર્યું જે ચરિત્ર દઢધન્વાને કહ્યું તે હું તમને કહું છું માટે સાંભળો. વાલ્મીકી બોલ્યાઃ હે મહારાજ! દઢધન્વા મારૂં વચન સાંભળો. ગરૂડે વિષ્ણુના હુકમથી બ્રાહ્મણોના અધિપતિને આ પ્રમાણે કહ્યું, ગરૂડ બોલ્યોઃ હે બ્રહ્મણોમાં શ્રેષ્ટ! સાત જન્મમાં તમને પુત્રનું સુખ

ન થાય એવું વિષ્ણુએ જે વચન કહ્યું તે તમને યાદ છે તો પણ હમણાં સ્વામિની આજ્ઞાથી તમને પુત્ર આપું છું. હે તપોધન! તમને મારા અંશથી થયેલા પુત્ર થશે જેથી તમે ગોમતિ સહિત સત્ય આશિર્વાદોને પામશો, પણ પછી તમોને તેથી થયેલું દુઃખ જરૂર થશે. હે દ્વિજ! તમારી વિષ્ણુમાં બુદ્ધિ થઇ માટે તમો પુન્યવાન છો સકામ અથવા નિષ્કામ ભકિત હોય તો પણ વિષ્ણુની ભકિત વિષ્ણુને બહુ પ્યારી છે. બહુ દુઃખે તરાય એવા સંસારથી વિષ્ણુ વગર બીજો કોઇ તારનારો નથી. તે વિષ્ણુની કૃપાથી મેં તમને પુત્ર આપ્યો માટે મનમાં શ્રીહરીને ધારણ કરી સુખ થાય તેમ કરો અને ઉદાસપણે રહી સંસારીક સુખને ભોગવો. વાલ્મીકી બોલ્યા: એવી રીતે ઉત્તમ વરદાન ગરૂડ મારફતે આપી વિષ્ણુ તાકિદે પોતાના સ્થાને ગયા. સુદેવ પણ પત્ની સહીત ઈચ્છીત વરદાન પામી પોતાને ઘેર આવી ગૃહસ્થાશ્રમનું ઉત્તમ સુખ સેવવા લાગ્યો. કેટલોક વખત જતાં એ સ્ત્રીને ગર્ભ રહ્યો. ગર્ભ મર્યાદા પુર્ણ થતાં પ્રસવ કાલ આવ્યો ત્યારે તેણે ઉત્તમ પુત્રને જન્મ આપ્યો એથી વસુદેવને પણ આનંદ ઉત્પન્ન થયો. સારી રીતે ન્હાઇ તે શ્રેષ્ટ બ્રાહ્મણે શ્રેષ્ટ બ્રાહ્મણોને બોલાવી જાતક કર્મ કર્યું અને તેઓને મોટું દાન આપ્યું. બ્રાહ્મણોએ એનું નામ પાડયું કે આ પુત્ર ગરૂડે સ્નેહ કૃપા કરી શરદઋતુના ચંદ્રના જેવો ઉદય પામતાં તેજવાળો શુકદેવના સરખો આપ્યો માટે આ પુત્ર શુકદેવ એવા નામે થાઓ. માતાના મનને આનંદ આપનાર તે પુત્ર શુકલપક્ષમાં ચંદ્રમાની પેઠે પિતાના મનોરથોની સાથે વધવા લાગ્યો. પિતાએ આનંદથી પુત્રને જનોઇ દઈ ગાયત્રી આપી.

વાલ્મીકી બોલ્યા: આવું કહી દેવળ મુનિ બ્રહ્મલોકમાં ગયા. સુદેવ દેવળમુનીનું વચન સાંભળી પૃથ્વી ઉપર પડયો અને વીલાપ કરવા લાગ્યો પછી ગૌતમી પુત્રને ખોળામાં લઇ તેને મુખ ચુંબન કરવા

લાગી. પછી પોતાના પતીને કહ્યું કે સ્વામી તમારે થનાર પદાર્થની બીક રાખવી ઘટીત નથી. શું યુધિષ્ઠિર રાજા જેવા દુઃખ પામ્યા નથી ? દ્રોપદી જેવી સતી શું દુઃખને પામી નથી માટે જે વસ્તુ થવાની તેનો શોક કરવો નીરર્થક છે; માટે હે નાથ! ઉઠો અને શોક તજી શ્રી વિષ્ણુનું આરાધન કરો કે જેથી આત્માનું કલ્યાણ થાય. આવો બ્રહ્મન્નારદીય પુરાણમાં શ્રી નારાયણ નારદ સંવાદ દધન્વાનના આખ્યાનનો સુદેવને બોધ નામનો પુરૂષોત્તમ મહાત્મ્યનો સોળમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૬ ॥

---

## અધ્યાય ૧૭ મો.

**નારદ બોલ્યા:** કૃપાનીધી! પછીથી સુદેવનું શું થયું તે સાંભળનારાઓના પાપને નાશ કરનારૂં ચારીત્ર સાંભળી, સાંભળવામાં ઈચ્છાવાળા રાજાને વાલ્મીકી કહેવા લાગ્યા: વાલ્મીકી બોલ્યા. તેની સ્ત્રીની મધુર વાણી સાંભળી સુદેવે ધીરજ પકડી શ્રી હરીમાં મન લગાડયું અને જેમ થવાનું હશે તેમ થશે એવો નિશ્ચય કરી શ્રીહરિની ભક્તિ કરવા લાગ્યો એમ કરતાં તેનો કેટલોક કાળ ક્રમથી વીતી ગયો. કોઇ સમે સુદેવ લાકડાં, દાભ અને ફુળ લેવાને માટે શ્રી હરીનું ધ્યાન ધરતો વનમાં ગયો તેજ દીવસે દોસ્તદારો સહિત વાવ તરફ ગયો. સરખી ઉંમરના છોકરાઓ સાથે પાણીની રમત રમવા લાગ્યો. રમતાં રમતાં પોતાના ભાઈબંધોને છેતરવાના હેતુથી ઉંડા પાણીમાં ડુબકી મારી, અને તે આઘાતથી જલમાં શ્વાસ રૂંધાઇ જતાં તે પુત્ર મરણ પામ્યો. બધા મીત્રો, ભયભીત થયા અને હાહાકાર કરી દોડી ગયા. અતી શોકને યુક્ત થયેલી ગૌતમીને કહેવા લાગ્યા. છોકરાઓની વીજળી તુટી પડવા જેવી વાણી સાંભળી પુત્રના ઉપર પ્યારવાળી

ગૌતમી પૃથ્વી ઉપર એકદમ પડી; અને જે વખતે વનથી સુદેવ આવ્યા અને પુત્રના મરણની વાત સાંભળતાં તરતજ ભોંય ઉપર પડયા અને કેટલીક વારે ઊઠી સ્ત્રી પુરૂષ બન્ને જણ વાત્ર તરફ જઈ પુત્રને કઢાવી ખોળામાં લઈ ચુંબન કરવા લાગ્યાં. પોતાના ખોળામાં રહેલા મુવેલા બાળકને વિલાપ કરતો કહેવા લાગ્યો કે અરે મારા વ્હાલા પુત્ર! જરા તારી મધુર વાણી બોલ મારા વ્હાલા પુત્ર! ઉઠ તું કેમ સુતો છે, આજે મારૂં ઘર તારા વિના શુન્ય જંગલજ છે. અરે! મેં કાંઈ ખોટાં કર્મ કર્યાં નથી. મેં બ્રહ્મહત્યા પણ કરી નથી, છતાંએ વિધાત્રી તેં મારી આંખો ખેંચી લઈ શું એટલું બધું મોટું ફુળ મેળવ્યું?

નીર્ધનના ધનરૂપ અને અમે બે સ્ત્રી પુરૂષના આશરા રૂપ પુત્રને હરતાં તમને કંઇ પણ શરમ ન આવી! બધે તમે દયાળુ છો, અને મારી ઉપર કેમ નીદર્યપણાને પામ્યા છો! હે પુત્ર! ક્યાં તારૂં મનોહર મુખ સુંદર નેત્રવાળું જોઉં? મેઘ જળને વરસાવે છે. પૃથ્વી ધાન્યને પેદા કરે છે, પર્વતો રત્નોના જથ્થાને અને દરીઓ શ્રેષ્ઠ મોતીને પેદા કરે છે, પણ હું તે દેશ જોતા નથી કે જ્યાં મરેલો પુત્ર મળે કે જેના શરીરનું આલિંગન કરી હૃદયમાં રહેલું દુઃખ દુર કરાય. હે પુત્ર! તાકીદે દયા લાવ અને એકવાર પણ જરા બોલ કેમકે તારી મા લાજ મુકી અતિ વિલાપ કરે છે. તેને જોઇ હે પુત્ર! કેમ તને દયા પેદા થતી નથી? તું માતા પિતાની રજા લીધા વગર ક્યાંય પણ ગયો નથી. હે પુત્ર! અમોને પુછ્યા વિના કેમ લાંબે રસ્તે ચાલ્યો ગયો! હે ગોવિંદ! વિષ્ણુ! યાદવો નાથ! શ્રી રૂક્મણીના પ્રાણ પતી! મને પુત્રના અગ્નિ સરખા દુઃખ રૂપ તારાથી બચાવો. મારાથી બીજો કોઇ પણ મુર્ખ થશે નહી કે જેણે શ્રી કૃષ્ણના વાક્યને ઓલંઘીને

પુત્રની દુષ્ટ આશા કરી ભાગ્ય વગરનો કોણ ભાગ્યથી નાશ પામેલી વસ્તુ મેળવે છે, આવો શ્રી બૃહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મ્ય શ્રી નારાયણ ને નારદના સંવાદ વિષે દૃઢધન્વાના ટુંક આખ્યાનનો સુદેવ નામે સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૭ ॥

---

## અધ્યાય ૧૮ મો.

**નારદ બોલ્યા**—હે તપોનિધિ ! તે પછી સાક્ષાત ભગવાન વાલ્મીકીએ દૃઢધન્વા રાજાને શું કહ્યું તે કહો શ્રી નારાયણ બોલ્યા. તે રાજઋષિ પૂર્વનું વૃત્તાંત સાંભળી વાલ્મીકીએ દૃઢધન્વાએ પુછ્યું. હે મહારાજ ! હું દર વખતે નવું નવું વચનામૃત પી પીને તૃપ્તિને પામતો નથી માટે ફરીને તે પછીનું વૃત્તાંત કહો. વાલ્મીકીએ કહ્યું: હે પૃથ્વીના પતિ આમ તે બ્રાહ્મણ આક્રંદ કરતો હતો ત્યારે દશે દિશાઓને ગજાવતો વરસાદ આવ્યો તથા ક્ષોભથી વિજળીના અવાજથી દિશાઓને પુરતો જાણે પર્વતને ધ્રુજાવતો હોય તેમ વાયરો વાવા લાગ્યો એ રીતે એક મહીના સુધી વરસાદ વરસ્યો. પુત્રના શોકરૂપી તાપથી તપેલા એ બ્રાહ્મણે કશું પણ જાણ્યું નહિ. હે પુત્ર હે પુત્ર ! એમ બોલતાં પાણી પીધું નહિ. ભોજન પણ કર્યું નહી આમ તેને વિલાપ કરતાં જે મહીનો ગયો તે શ્રી કૃષ્ણને વ્હાલો પુરૂષોત્તમ માસ હતો. તેના સેવનથી અતિ પ્રસન્ન થતા વનમાળાથી શોભિત પોતે વિષ્ણુ પ્રગટ થયા. વિષ્ણુના પ્રગટ થવાથી મેઘની શક્તિઓ અદૃશ્ય થઇ તેથી એ બ્રાહ્મણને પુરૂષોત્તમ શ્રી કૃષ્ણના દર્શન થતાં તરત ખોળામાં રહેલા પુત્રના દેહને ભોંય ઉપર રાખી સ્ત્રી સહીત તેણે આનંદથી શ્રી હરીને દંડવત કર્યાં. શ્રી કૃષ્ણજ મારા રક્ષણ કરનારા થાઓ એમ વિચારતો બે હાથ જોડી ભગવાનની પાસે ઉભો રહ્યો. ભગવાન

પણ પુરૂષોત્તમના સેવનથી પ્રસન્ન થતાં અમૃત વાણી બોલ્યા: અરે સુદેવ ! તમો હમણાં પુન્યવાન અને ભાગ્યવાન છો. તમારૂં ભાગ્ય વર્ણવવાને ત્રણ લોકમાં કોણ સમર્થ છે. હે તપરૂપી ધનવાળા પુત્ર ! તારૂં જે ભવિષ્ય છે તે કહું છું માટે સાંભળ હે વિપ્ર ! તને બાર હજાર વર્ષના આયુષ્યવાળો પુત્ર થશે, હે દ્વિજોત્તમ ! હવે પછી તને પુત્રથી થયેલા સુખની બાબતમાં શંકા નથી. મેં પ્રસન્ન થવાથી આ પુત્ર તમોને આપ્યો છે. મારી પ્રસન્નતાથી દેવ ગંધર્વ, માનવો તારા પુત્રના સુખને જોઈ તારી ઉપર ચાહનાવાળા થશે. આ ઠેકાણું પૂર્વે માર્કન્ડ મુનીએ રઘુરાજાને કહેલો જુનો ઇતિહાસ તમને કહું છું. પૂર્વે ધનુ નામે મોટા મનવાળો; મુનિઓના અધિપતિ પુત્રની પીડાથી બળેલા લોકોને જોઇ દીન મનવાળો થયો. પુત્રને અમર કરવાને ઇચ્છતાં તેમણે અતિ ઉગ્ર તપ કર્યું. જ્યારે હજાર વર્ષ વીતી ગયાં, ત્યારે દેવતાઓએ પણ મુનિને કહ્યું. તારૂં કલ્યાણ થશે. તારા મનમાં જે ધારેલ હોય તે વર માગ. તારા તિવ્ર તપથી અમે સર્વ પ્રસન્ન છીએ. શ્રી નારાયણ બોલ્યા: આવું દેવતાઓનું વચન સાંભળી અતિતૃપ્તિ પામેલા તપોધને બુદ્ધિથી શોભીત અમર પુત્ર માગ્યો. દેવોએ તેને કહ્યું આવો પૃથ્વી ઉપર કોઇ થયેલો નથી. ફરી મુનીએ દેવતાઓને નિમીત્તથી આયુષ્યવાળો આપો એમ કહ્યું. દેવોએ કહ્યું શું નિમીત્ત તે કહે. તે મુનિએ કહ્યું જ્યાં સુધી આ મોટો પર્વત છે ત્યાં સુધી આયુષ્ય કરો. દેવોએ કહ્યું તથાસ્તુ આવું કહી ઇંદ્ર સહીત દેવો સ્વર્ગમાં ગયા. ધનશર્મા બ્રાહ્મણ પણ થોડા વખતમાં તેવા પુત્રને પામ્યો તે તેનો પુત્ર જે રીતે આકાશમાં શુકલ પક્ષનો ચંદ્રમા વધે તે રીતે મોટો થયો. જ્યારે સોળમું વરસ બેઠું ત્યારે મુનીઓના અધિપતિ બ્રાહ્મણે પુત્રને કહ્યું કે હે પુત્ર ! ક્યારે પણ કોઇ મુનિઓનું અપમાન કરવું નહિ, આવું શીખવતા પણ નીમીત આયુષ્યવાળો

બળથી છકી બ્રાહ્મણોનું અપમાન કરવા લાગ્યો; કોઈ વખત અતિ ક્રોધી મહીષ નામે મુનિ વિધિથી સુંદર શાલિગ્રામનું પુજન કરતા હતા તે સમયે તેણે ઉતાવળથી આવી મુર્તિને લઈ પોતાની ચપળતાથી હસીને પાણીથી ભરેલા કુંડમાં નાંખી તેથી મહીષ મુનિને ક્રોધ આવતાં ધનશર્માનો પુત્ર આજેજ મરો એમ શ્રાપ આપ્યો છતાં પુત્રને નહિ મરેલો જાણી મનમાં વિચાર્યું કે દેવોએ આ ધનશર્માના પુત્રને કારણસર આયુષવાળો કર્યો છે એમ વિચારમાં તત્પર થતાં નીશાસો નાંખ્યો. તેથી ક્રોડો પાડા પેદા થયા અને તેઓએ પર્વતનો ભુકો કરી નાખ્યો તે વખતે અતી છકેલો મુનીનો પુત્ર મરણ પામ્યો. તેના મરણ દુઃખથી ધનશર્મા બ્રાહ્મણ વારંવાર વિલાપ કરવા લાગ્યો. બહુ રીતે વિલાપ કરી પુત્રના શરીરને લઈ પુત્રના દુઃખથી અતી પીડા પામતાં ન્હેમાં પેઠો. આમ જેઓ હઠથી પુત્ર મેળવનાર છે તેઓ કયાંય પણ સુખ પામતા નથી માટે હે તપોધન ! વીનતીના પુત્ર ગરૂડે જે આ પુત્ર આપેલ છે તેથી તું જગતમાં વખાણવા યોગ્ય છે. પુત્રવાન થઇશ. હે નિષ્પાપ ! પુરૂષોત્તમની મોટાઈથી પ્રસન્ન થઈ મેં તારા પુત્રને ઘણો વખત રહેનાર કર્યો છે માટે તે સુખ આપનાર થશે. હે બ્રાહ્મણોમાં ઉત્તમ સદાકાળ પુત્રની સાથે અતુવ ગૃહસ્થાપણાને ભોગવ્યા પછી બ્રહ્મ લોકમાં જઈ ત્યાં મોટું સુખ દેવતાના હજાર વર્ષ સુધી ભોગવી પૃથ્વીતલ ઉપર જઈશ ત્યાં ચક્રવર્તિ રાજા થઈશ. સમૃદ્ધિવાળા સૈન્યને વાહનવાળો દક્ષન્વા એ નામથી વિખ્યાતી પામેલો દશ હજાર વર્ષ સુધી અક્ષય બળ ને સામર્થ્યવાળું ઈંદ્રના પદથી શ્રેષ્ઠ પૃથ્વીનું રાજ્ય ભોગવીશ ત્યારે આ તારા અર્ધ અંગને હરવાવાળી ગૌતમી પટરાણી નિત્ય પતિની સેવામાં પ્રીતીવાળી ગુણસુંદરી નામે થશે. પુત્રો રાજનીતિમાં કુશળ થશે, એ મહા ભાગ્યશાળી, સુશીલ, અતિ સુંદર મુખવાળી

કન્યા થશે. હે મહાભાગ સુર અને અસુર અતિ દુઃખે મેળવી શા એવાં સુખો ભોગવીને હું પૃથ્વીની પીઠ ઉપર કૃતાર્થ છું એવા અજ્ઞાનથી મોહ પામતાં અતિ દુખે તરાય એવા સંસારના વિષયોથી મન ખેંચવાને લીધે જ્યારે સંસારરૂપ સમુદ્રથી તારનારા વિષ્ણુને ભુલીશ ત્યારે હે વીપ્ર ! આ તારો પુત્ર પોપટ થઇ વનમાં વડના ઝાડનો આશરો લઈ વારંવાર વૈરાગ્યને ઉપજાવનારા શ્લોકને ભણતાજ આવો ઉપદેશ દેશે. પોપટે કહેલું વચન સાંભળી ઉદાસ મનથી તું ઘેર આવીશ. પછી વિષયથી થતાં સુખને છોડી ચિંતારૂપી સમુદ્રમાં બુડતાં હે બ્રાહ્મણ તને વાલ્મીકી આવી બોધ દેશે તેના વાક્યથી સંદેહ જતાં તું શરીરને છોડી સ્ત્રી સહિત પુનર્જન્મથી રહિત વિષ્ણુના સ્થાને પામીશ. આવું વિષ્ણુ કહેતા હતા ત્યારે બ્રાહ્મણનો પુત્ર ઉભો થયો તેને જોઈ તે સ્ત્રી પુરૂષ મોટા આનંદવાળા થયા અને સર્વ દેવોએ પણ પ્રસન્ન થતાં પુષ્પોની વૃષ્ટિ વર્ષાવી. શુકદેવ પણ શ્રી હરિને તથા બે માતા પીતાને પગે લાગ્યા, અને ગરૂડ પણ તે બ્રાહ્મણને પુત્ર સહિત જોઇ અતિ સંતોષ પામ્યો. તે વખતે બ્રાહ્મણ ચકીત થઇ શ્રી હરીને વંદી તથા બે હાથ જોડી જગતના ઇશ્વર વિષ્ણુ પ્રત્યે હૃદયમાં રહેલી શંકાને ટાળવા હર્ષથી ગદ્દગદ વાણી વડે બોલ્યાઃ હે સંકટ હરનાર વિષ્ણુ ! મેં જ્યારે નિરંતર ચાર હજાર વર્ષ દુઃખોથી કરાય એવું તપ કર્યું ત્યારે તમે ત્યાં આવી જે મને આકરૂં વચન કહ્યું તે હે વત્સ મેં આજ જોયું કે તને પુત્ર નથીજ, તે વચનને છોડી મારા મુએલા પુત્રને જીવાડવાનું કારણ કહો, આવા શ્રી બ્રહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રી નારાયણ ને નારદના સંવાદ વિષે સુદેવ પુનઃ સજીવન થવું નામે અઢારમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૮ ॥

## અધ્યાય ૧૯ મો.

**સુત બોલ્યા**—હે ઋષીઓ! આ પ્રમાણે બોલતા પુરાતન મુનિને ઉત્તમ વાણીથી જાણે પ્રસન્ન કરતા હોય તેમ નારદ પુછવા લાગ્યા; હે તપોનિધિ! પ્રસન્ન થએલા વિષ્ણુએ સુદેવને શું કહ્યું. શ્રી નારાયણ બોલ્યા: આ રીતે મહાત્મા સુદેવ જણાવેલા ભકત વત્સલ ભગવાન વિષ્ણુ વાણીથી પ્રસન્ન થઇ ઉત્તર આપવા લાગ્યા. વિષ્ણુ બોલ્યા: દ્વીજરાજ! તમે જે કર્યું તે બીજો નહી કરે, જેથી હું ઘણો સંતોષ પામ્યો. તે તમે ખચીત જાણુતા નથી. આ મારો વ્હાલો માસ જે પુરૂષોત્તમ ગયો તેની સેવા સ્ત્રી સહિત શોકમાં ડુબેલા તમોને થઇ એ પ્રમાણે હે તપોનિધિ દ્વીજોતમ જે માણસ આ મારા પુરૂષોત્તમ માસમાં અપવાસ કરે છે એ પણ અનંત પાપોને બાળી દેવના વિમાનમાં બેસી વૈકુંઠમાં જાય છે. તમે સમય વગર વરસાદ આવવાથી આહારથી રહીત રહ્યા. ત્રણ કાળમાં તમને દિવસે દિવસે સ્નાન થયું. હે તપોધન તમે આખા મહીના સુધી વરસાદમાં સ્નાન કર્યું અને ત્યાં તમને અખંડીત ઉપવાસ થયા. શોકરૂપિ સમુદ્રમાં ડુબતાં તમને અજાણતા પણ પુરૂષોત્તમનું સેવન થયું. આ તમારા સાધનનું કોણ પ્રમાણ કરી શકશે. બ્રહ્માએ દેવોની પાસે જે વેદમાં કહેલા છે તે સઘળા સાધનો લેઇ એક તરફ પુરૂષોત્તમને તોળ્યો. બીજાં સાધનો હલકાં થયાં અને પુરૂષોત્તમ ભારે થયા માટે પૃથ્વીમાં રહેલા લોકો પુરૂષોત્તમને પૂજે છે માટે હે પુત્ર! તમે હમણા સર્વ રીતે ધન્ય છો કે જેથી આવું ઉગ્ર, અતી દારૂણ તપ કર્યું. મનુષ્ય જન્મ ધરીને શ્રી પુરૂષોત્તમ મહીનામાં જેઓ ન્હાવાથી ને દાન દેવાથી રહીત છે તેઓ જન્મો જન્મમાં દરીદ્રી થાય છે તે કારણથી મારો વ્હાલો પુરૂષોત્તમ સંપૂર્ણ મનથી સેવવો. પુરૂષોત્તમને સેવનાર છે તે પુન્યવાન ને

આગ્યવાન નર સારાપણાને પામે છે. શ્રીનારાયણ બોલ્યો—હે મુનિ! આવું કહી તરત જદીશ્વર વિષ્ણુ ગરૂડ ઉપર બેસી વૈકુંઠમાં ગયા. સુદેવ પણ પુરૂષોત્તમની જે સેવનથી શુકને મરણથી ઉધેલો જોઇ સ્ત્રી સહિત રાત્રી દિવસ અતિ આનંદ પામ્યો. અજાણતાં પણ તારાથી પુરૂષોત્તમની જે સેવા થઇ તેજ સફલ થઇ કે જેથી પુત્ર મરેલો જીવ્યો. આવો માસ ક્યારે પણ જોયો નથી, આવો વીસ્મય પામવાથી તે માસને પુજ્યો. તે પુત્રની સાથે સ્ત્રી સહિત અત્યંત સુખ પામ્યો અને તે શુકદેવ પણ સત્કારોથી પોતાને આનંદ લેવા લાગ્યો. કર્મના માર્ગની ચાહના છોડી ભક્તિના માર્ગમાં એક ઇચ્વાન થઇ તે માસને તથા વિષ્ણુને વખાણતાં આદર સહિત પૂજવા લાગ્યો.

સઘળા દુઃખોને ટાળવાવાળા પુરૂષોત્તમ માસને અને તેમાં શ્રી હરીને જપ હોમ વગેરેથી સ્ત્રી સહીત સેવવા લાગ્યો. તે બ્રહ્મણ નિરંતર હજાર વર્ષ પર્યંત તમામ સુખ ભોગવ્યા પછી સ્ત્રી સહિત યજ્ઞ કરનારાઓને તો તે ક્યાંથી મળે. પણ યોગીઓને દુઃખે મળે એવા ઉત્તમ લોકોમાં ગયો. જ્યાં હરીની સમીપમાં જઈ વસનારા શોક પામતા નથી. ત્યાં થયેલા સુખને પામી સ્ત્રી સહિત પૃથ્વીમાં આવ્યા તેજ તમે દૃઢધન્વા રાજા પ્રસિદ્ધ છો. પુરૂષોત્તમના સેવનથી સકલ સમૃદ્ધિને સેવનારા છો. હે રાજા! આ પટરાણી ગયે ભવે પતીવ્રતા ગૌતમી હતી. હે પૃથ્વીને પાળનાર! તમે મને પુછ્યું એ સઘળું તમને કહ્યું. પોપટ તો પૂર્વ જન્મમાં તમારો જે પુત્ર શુકદેવ જે વિષ્ણુએ જીવાડેલો હજાર વર્ષ આયુષ ભોગવી વૈકુંઠમાં ગયો હતો તેજ અરણ્યના તળાવમાં વડના ઝાડનો આશરો કરનાર છે. તમને પૂર્વ જન્મના પિતાને આવેલો જોઇ પોપટ અત્યંત કૃપા આવવાથી સર્પોથી દોષવાળા સંસારરૂપી સમુદ્રમાં ડુબેલા રાજાને ઉપદેશ નહી કરૂં તો મને પણ બંધન

થશે, વળી જે પુત્ર પું નામના નર્કથી પિતાને તારે છે તે પુત્ર. આવું મારૂં વેદના અર્થનું જ્ઞાન પણ આજ અવળું થશે માટે પુર્વ જન્મના પીતાનું ભલું કરૂં આવું ધારી હે રાજા! પોપટે તમને વચન કહ્યું, હે નિષ્પાપ! આ પ્રમાણે તમે પૂછ્યું એ સઘળું કહ્યું. હવે પછી હું પાપને ટાળી સુર્ય નદી તરફ જઇશ. શ્રી નારાયણ બોલ્યા—આ કીર્તિવાળા રાજાના આગલા જન્મમાં ચારિત્રને આ રીતે કહીને જતાં મુનીને સમજાવી નહી ગણી શકાય એવા પુન્યવાળા રાજાઓના રાજાએ કંઇ પણ કહ્યું. આવો બ્રહ્મનારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રી નારાયણ ને નારદના સંવાદ વિષે પુરૂષોત્તમની મોટાઇને કહેવાના નામવાળો ઓગણીસમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૯ ॥

## અધ્યાય ૨૦ મો.

સુત બોલ્યા:-હે બ્રાહ્મણો! નારાયણના મુખથી દઢધન્વાનું પુર્વનું ચરિત્ર સાંભળીને અતી તૃપ્તી પામેલા નારદ મુનીને પુછવા લાગ્યા. નારદે પુછ્યું—હે તપરૂપી ધનવાળા નારાયણ! મહારાજાએ મુનિઓમાં શ્રેષ્ટ એવા વાલ્મિકીને શું પુછ્યું? તે મને અતિ વિસ્તાર વડે કહો. શ્રી નારાયણે કહ્યું—હે નારદ! દઢધન્વાએ મુનિઓમાં શ્રેષ્ટ એવા વાલ્મિકીને નમ્રતાથી જે પુછ્યું તે હું કહું છું માટે સાંભળો, દઢધન્વાએ પુછ્યું—હે મુની! મોક્ષને ઇચ્છનારાઓએ પુરૂષોત્તમ માસ શી રીતે કરવો, કયા દેવની કેવી રીતે પૂજા કરવી, શું દાન અને કયો વીધી કરવો આ સઘળું લોકના હીત માટે મને કહો કેમકે આપ જેવાઓ સર્વ લોકના હિત માટે કરે છે. આ મહિનો પોતે પ્રત્યક્ષ ભગવાન પુરૂષોત્તમ રૂપ છે તે કરવાથી મેં તમારા મુખથી મોટું પૂન્ય સાંભળ્યું છે. પુર્વ જન્મમાં હું બ્રાહ્મણોમાં ઉત્તમ સુદેવ થઇને પુત્રને જીવતો થયેલો કોઇ વીધી વડે માસને કરતો હતો. હે બ્રહ્મણ! પુત્રના શોકથી અચેતન

અને નીરંતર અહારને તજતાં અજાણતાં પણ મારાથી પુરૂષોત્તમ માસ થયો. તેનું પણ એ ફળ થયું કે મારો મરેલો પુત્ર જીવતો થયો અને ફરીને આ જન્મમાં તે બધું હું ભુલી ગયો, માટે ફરીને વિસ્તારથી પૂજાનો વીધી મને કહો. વાલ્મીકીએ કહ્યું બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી પર બ્રહ્મનું ધ્યાન ધરવું પછી મોટાં પાણીના વાસણ સહીત નૈરૂત્ય દીશામાં જવું. પુરૂષોત્તમના સેવકે ગામથી ઘણું દુર જવું. દિવસે સંધ્યા વખતે કાન ઉપર જનોઇ. ઉત્તરમાં મુખ કરી વસ્ત્રથી મસ્તકને વીંટી ઘાસ પૃથ્વીને ઢાંકી સત્યથી મ્હોડાને નિયમમાં રાખી થુંકવું નહી અને શ્વાસ પણ લેવો નહી. જો રાત્રીમાં પેશાબ દસ્ત કરવો હોય તો દક્ષિણ દિશામાં મુખ રાખી ગુહ્યેન્દ્રિય ગ્રહણ કરી કરવો. પછી ઉઠીને પવીત્ર માટી લઇને આળસ છોડી ગંધના લેપનો ક્ષય કરનારૂં શૌચ માટી લઇને પાણીથી પગ ને હાથ ધોઈ નદી વગેરેમાં ગુદા ધોવી નહી પણ બાહાર કાઢેલા જળથી ધોવી. જળ નહી કહાડતાં તીર્થમાં ગુદા ધોવી હોય તો બે હાથ જેટલામાં ચાલતાં જળને છોડી ન્હાના પ્રવાહ જળવડે ધોવી. પછી તે તીર્થને શુદ્ધ કરવું, નહી તો તે અશુદ્ધ થાય છે આ રીતે પુરૂષોત્તમા સારા વૃત્તિવાળાએ શૌચ કરવું તે પછી સોળ અથવા બાર કોગળા કરવા અને મુત્રનો ત્યાગ કરનારા ગૃહસ્થે આઠ કે ચાર કોગળા કરવા. પછી ત્યાંથી ઉઠી નેત્ર ધોઈ અને બ્રહ્મમાં બુદ્ધિ ધારણાવાળી બુદ્ધિ તું અમને દે આ મંત્ર બોલી બાર આંગળી જેવું જાડું પર્વનો અર્ધ ભાગમાં કુચો કરી અઘેડાનું કે બોરડીનું દાતણ કરવું. રવીવારે દાતણની મનાઈ છે. માટે બાર કોગળાથી પવીત્ર થયા પછી પ્રાત કાળમાં સારી રીતે પ્રસન્નતાથી આચમન લઈ સ્નાન કરવું. સ્નાન કર્યા પછી પ્રથમ તીર્થના દેવતાઓનું તર્પણ કરવું. સમુદ્રમાં જનારી નદીનું સ્નાન ઉત્તમ કહેલ છે. વિદ્વાનોએ

વાત કુવા તળાવોમાં ન્હાવું મધ્યમ કહ્યું છે. નાહ્યા પછી વિદ્વાન બ્રાહ્મણે ધોળાં ને પવિત્ર બે વસ્ત્ર ધારણ કરી સદા ખભે નાખવાનું વસ્ત્ર ધારણ કરવું. પવીત્ર ભાગમાં પૂર્વ મુખ કે ઉત્તર મુખ બેસી ચોટલી બાંધી બે હાથને માંહે કરી પવિત્ર સહીત હાથે આચમનની ક્રિયા કરવી. તે પવિત્ર અપવિત્ર ન હોવી જોઇએ. અપવિત્ર હોય તો તજી દેવી. આચમન લઇ ગોપીચંદનની માટી સરખું લાકડીને આકારે સુંદર ઉભું ટીલું કરવું. ઉર્ધ્વપુટ કે ત્રિપુંડ કરવું. તેની વચમાં છીદ્ર કલ્પવું. ઉભા ટીલામાં લક્ષ્મીને સાથે વિષ્ણુ પોતે વસે છે. આડા ટીલામાં સદા પાર્વતીની સાથે શંકર સાક્ષાત રહે છે, પણ છીદ્ર વિનાનું તે ટીલું સ્વાનના પગ સરખું ગણાય છે. ધોળું ગોપીચંદન મનુષ્યોના કામને કરનારૂં, રાતું વશ કરનાર અને પીળુ સમૃદ્ધિને દેનાર કહ્યું છે માટે બીજાનો ત્યાગ કરવો પાપો કરનાર તે પુજાનું અંગ કહેલ છે, માટે શંખ, ચક્ર વગેરે ગોપીચંદનની માટી વડે ધારણ કરવા. જેના દેહમાં શંખચક્ર વગેરે ચિહ્નો દેખાય તે મનુષ્યને મનુષ્ય નહી જાણવો પરંતુ તે નિરંતર ભગવાનનું શરીર છે. જે નિત્ય શંખ ચક્ર વગેરેના ચીન્હવાળા છે તે દેહધારીનું પાપ પુન્યરૂપ થાય છે. તે કોઈ પાપોથી મુકત માણસને યમ પણ શું કરી શકે છે? માટે તે કર્યા પછી પ્રાણાયમ કરી સંધ્યા વંદન કરવું. પુર્વકાળની નક્ષત્ર સહિત સંધ્યા વીધી પ્રમાણે કરવી. જ્યાં સુધી સૂર્ય દેખાય ત્યાં સુધી ગાયત્રી ભણવી. બે હસ્ત જોડી તથા પોતાના પગને પૃથ્વી ઉપર ધારણ કરી પાપને હરનાર, ગાયત્રીના મંત્રોથી સ્તુતિ કરી સંધ્યા વખતે નમન કરવું. **( वस्य स्मस्था च नमोकया )** આ શ્લોકરૂપ મંત્રથી જે અધુરૂં હોય તે પુરં કરવું. જે બ્રાહ્મણ શ્રદ્ધાથી વીધી સહિત સંધ્યા સેવે છે તેણે ત્રણ લોકમાં કશું પણ દુઃખ મેળવાય એવું નથી મતલબમાં સર્વ

વસ્તુ તેને આધીન રહે છે. આ દીવસના પ્રથમ ભાગમાં કરવાનું કહ્યું. આ પ્રમાણે નીત્યનું કર્મ કરી વિષ્ણુની પુજા લીપેલા પવિત્ર ભાગમાં પ્રયત્નથી વાણીને નિયમમાં રાખી પવિત્ર થઈ કરવી. ગાયનાં છાણથી ગોળ કે ચોખંડું પોતાનું કરી વ્રતની સીદ્ધિ સારૂ ચોખાથી અષ્ટદલ કરવું. મંડળની ઉપર શુદ્ધ ખાડા ખડબાથી રહીત કળશ ને તેમાં સારા તીર્થથી આણેલું સારૂં પાણી ભરી રાખવું, કળશના મુખના ભાગમાં વિષ્ણુને કંઠના ભાગમાં રૂદ્ર આશ્રય કરે છે. તેના મુળ ભાગમાં બ્રહ્મા તથા મધ્ય ભાગમાં માતાઓના સમુહ રહેનારા કહ્યા છે. કુખના ભાગમાં સર્વ સમુદ્ર, સાત દ્વિપવાળી પૃથ્વી અને આ સર્વ વેદ કળશમાં આશ્રય કરે છે આથી કળશની સ્થાપના કરી તેમાં તીર્થોની કલ્પના કરવી. આમાં મારી શાંતિને સારૂ પાપનો ક્ષય કરવાને કારણે ગંગા, ગોદાવરી, કાવેરી અને સરસ્વતી આવો આવું કહ્યા પછી મંત્ર સહિત ઉપચારો કરી ચંદન, ચોખા, નૈવેદ અને તે કાળમાં ખીલનારા ફુલોથી કળશની પૂજા કરવી. પછી તેની ઉપર પીળા વસ્ત્રથી વીંટેલું તાંબાનું ઠામ (ત્રભાણુ) રાખવું તેની ઉપર રાધાની સાથે સોનાના વિષ્ણુ રાખવા. રાધાજી સહીત સોનાના પુરૂષોત્તમ કરવા અને ભકિતમાં તત્પર થઇ વીધાથી તેની પૂજા કરવી. પુરૂષોત્તમ માસના દેવતા પુરૂષોત્તમ ભગવાન છે માટે પુરૂષોત્તમ માસ આવે ત્યારે પુરૂષોત્તમની પુજા કરવી. મરણુના ધર્મવાળો કયો માસ જરૂર સંસાર સમુદ્રમાં બુડેલાને તારે છે તેને જગતમાં નહિ સેવે! ગામ, ધન, પુત્ર ઘર તે સારૂ નઠારૂં કર્મ ફરી ફરી પ્રાપ્ત થાય છે પણ શરીર ફરી ફરી પ્રાપ્ત થતું નથી માટે તેની ધર્મ કાજે રક્ષા કરવી. જ્ઞાન સારૂ સાચવવો અને જ્ઞાનથી મોક્ષ સુખ મળે છે માટે ધર્મ કરવો. દેહરૂપી ઝાડ ફળ જુનો ધર્મ છે માટે ધર્મથી હીન જે દેહ તે ફળ વગરના ઝાડના જેવો નિષ્ફળ છે. સહાયને

સારૂ માતા, સ્ત્રી, પુત્ર, સગા ભાઇઓ અને ઘર વગેરે એકે રહેતું નથી. પણ એક ધર્મ રહે છે. દીપડીની જેવી વૃદ્ધાવસ્થા ભય દેનારી છે. રોગો શત્રુઓના જેવા છે અને દિવસે ભાગેલા વાસણમાંથી પાણી ચાલ્યું જાય તેમ આયુષ્ય ચાલ્યું જાય છે. લક્ષ્મી સમુદ્રના મોજાના જેવી ચંચળ, યૌવન પુષ્પના જેવું મ્લાન થનારૂં અને સઘળા વિષયો સ્વપ્નના વિષય જેવો નિરર્થક છે; ધન જતું રહે એવું ચિત્ત ચંચળ અને સંસારનું સુખ ચલાયમાન છે. આવું જાણી "વૈરાગ્યવાન થઇ ધર્મના અભ્યાસમાં તત્પર થવું. જેમ સર્પે અર્ધ ગળેલો દેડકો માખીને ખાવા ચાહે તેમ કાળે ગળેલો જીવ પારકાને પીડા દઇને ધન મેળવવા ચાહે છે, અહો! મૃત્યુને ગળેલ આયુષ્યવાળા પુરૂષને શું સુખ હર્ષ પમાડે છે. શુળી ચડાવા લઇ જતા નાના સુખની પેઠે નીરર્થક છે, જ્યારે ચીત્ત ધર્મને અર્થે હોય ત્યારે ધન સુખે મળતું નથી. જ્યારે ધન હોય ત્યારે ચીત્ત ધર્મમાં તત્પર હોતું નથી. જે વખતે આ ત્રણેનો સંબંધ હોય ત્યારે સારૂં પાત્ર મળતું નથી, જે વખતે ત્રણેનો સંબંધ હોય ત્યારે કાંઇપણ વિચાર ન કરતાં ધર્મ કરે છે તે બુદ્ધિમાન છે. ઘણા ધનથી અને એવાં ધર્મો હજારો છે, પણ પુરૂષો મનમાં અતી થોડા ધનથી એવો મોટો ધર્મ થાય છે. સ્નાન, દાન અને કથામાં વિષ્ણુનું સ્મરણ આ પ્રમાણે થએલો પણ ધર્મ મોટા ભયથી રક્ષા કરે છે. કેમકે જેમ ગંગા એજ તીર્થ કાલદેવ, એજ ધનુરધારી વિદ્યા, એજ ધન અને ગુણો એજ રૂપ છે. તેમ સર્વ માણસોમાં આ ઉત્તમ માસ જ પુરૂષોત્તમ (વિષ્ણુ) રૂપ છે. જો કે આ પૂર્વે સઘળાં યજ્ઞાદિ કર્મોમાં અતી નિંદવા યોગ્ય માસ હતો તોપણ સાક્ષાત ભગવાન દેવાતન પ્રાપ્ત થયું છે. હે રાજા બીજા દેવોની પ્રતિઓમાં પણ તેઓના દેવપણાની સિદ્ધિ સારૂં પ્રાણ પ્રતિષ્ઠા કરવી (તદ્વિષ્ણો) ઇત્યાદિ મંત્રના પુરૂષો-

રામના બીજક મંત્રની કૃપાથી તેમના નામ સરખાં નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયો. જેમ હાથીના પગલામાં સર્વ પ્રાણીનું પગલું સમાઇ જાય છે તેમ સઘળા ધર્મ તથા કાળ પુરૂષોત્તમમાં સમાયેલા છે. જેમ ગંગાના સમાન સર્વ નદીઓ નથી, કલ્પવૃક્ષની બરોબર સર્વે ઝાડ નથી, પૃથ્વીમાં ચીંતામણીની બરોબર બીજાં રત્નો નથી. કામધેનુ સમાન બીજી ગાયો નથી, રાજાની સમાન પુરૂષો નથી, વેદોની સમાન શાસ્ત્ર નથી, તેમ સર્વ પુણ્યોનો કાળ અને માસ ક્યારે, પણ પુરૂષોત્તમ માસની સમાન નથી. પુરૂષોત્તમ મહિનાના દેવતા પુરૂષોત્તમ છે. ભક્તિ ને શ્રદ્ધાથી પુરૂષોત્તમને પુજવા. શાસ્ત્રને જાણનાર પવિત્ર, સત્ય બોલનાર વૈષ્ણવ, બ્રાહ્મણ, આચાર્યને લાવી તેની મારફત પુજા કરવી. આ ભરત-ખંડમાં જેની અંદર રહેલા મોહ ને કામ વિગેરે મોટાં માછલાંઓનો જથ્થો છે, એવા અતી ઉંડા સંસારરૂપી સમુદ્રને તરી પાર જવા જે ચાહે છે તેણે આદિદેવ પુરૂષોત્તમને પુજવા. આવો પુરૂષોત્તમ મહાત્મયના શ્રીનારાયણ ને નારદના સંવાદ વિષે દૃઢધન્વાના ટૂંકા આખ્યાનનો આન્હિકકહન નામે વિસમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૨૦ ॥

---

## અધ્યાય ૨૧ મો.

**વાલ્મીક બોલ્યા**--ધાતુની મૂર્તિનો અગ્નિ સંસ્કાર કર્યા પછી પ્રાણ પ્રતિષ્ઠા કરવી, કરે તો ધાતુજ ગણાય છે. જમણા હાથે કરી પ્રતિમાના બે ગાલનો સ્પર્શ કરી તે મૂર્તિનો દેવપણાની સિદ્ધિ સારૂ વિષ્ણુ દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા કરવી. મૂર્તિઓમાં પ્રાણોની પ્રતિષ્ઠા કર્યા વિના પ્રથમ જે ધાતુ હતી તેવીજ રહે છે પણ તેમાં દેવાતન પ્રાપ્ત થયું નથી. હે રાજા બીજા દેવોની પ્રતિમાઓમાં પણ તેઓની સિદ્ધિ સારૂ પ્રાણ પ્રતિષ્ઠા કરવી (તદ્વિષ્ણો) ઈત્યાદી મંત્રથી પુરૂષોત્તમના

ચીર્જન મંત્રને જાણનારે મૂર્તિની પેઠે હૃદયમાં ઉપર અંગુઠો રાખી આ (આગળ કહેલા) મંત્રોથી હૃદયપતિ પ્રતિષ્ઠા કરવી (**अस्यै प्राणा प्रतिपतु प्राणा हरसुस अस्नै देव अस्यैत्सरयाबाऐ स्हा.**) આ યજુર્વેદનો મંત્ર બોલી આ રીતે વેદના મુલમંત્રને અંગના મંત્રોથી સર્વ પ્રતિમાઓમાં પ્રાણોએ પ્રતિષ્ઠા કરવી, અથવા ચોથી વિભક્તિ જેના અંતમાં છે અને સ્વાહ જેના અંતરમાં છે, એવા નામના મંત્રોથી પ્રયત્ન વડે તે દેવોને સંભારતાં પ્રતિષ્ઠા કરવી આમ પ્રાણોથી પ્રતિષ્ટા કરી પછી પરષોતમનું ધ્યાન કરવું, જેની છાતીમાં શ્રીવત્સ ચિન્હ છે એવી શાંત નીલા કમલની પાંખડીના સરખા કાંતિવાળાં ત્રણુ વાંકા ભાગોથી સુંદર રાધા સહિત પુરૂષોત્તમનું નિરંતર ધ્યાન ધરવું. દેશ તથા કાળને ધારી વાણીને નિયમમાં રાખી પવિત્ર તથા નિયમવાળા એ સોળ ઉપચારોથી પુરૂષોત્તમને પૂજવા. હે દેવોના દેવ! હે ઇશ્વર! પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ! અહીં રાધા સહિત તમે મારૂં પુજન ગ્રહણુ કરો. શ્રી રાધા સહિત પુરૂષોત્તમને નમું છું. આવાહ્રાન આપું છું આમ કહી આવાહન કરવું. દેવોના દેવ! ઇશ! પુરૂષોત્તમ! આપ જુદા જુદા રત્નોવાળું સોનાથી શોભીત આસન ગ્રહણુ કરો. શ્રી રાધા સહિત પુરૂષોત્તમને આસન આપું છું. એમ કહી આસન દેવું. ગંગા વગેરે સર્વ તીર્થોની મેં પ્રાર્થના કરી સુખકારી સ્પર્શવાળું જળ આણ્યું છે, એ પગ ધોવા ગ્રહણુ કરો એમ કહી પાદ્ય આપવું. હે હરી! રાધા સહિત જે ગોપીઓના આનંદ માટે નંદરાય ઘેર જન્મ્યા છો તે આપ મેં આપેલું અર્ધનું જળ અંગીકાર કરો આમ બોલી અર્ધ જળ દેવું. હે ઇંદ્રિયોના નિયંતા! જુના પુરૂષોમાં આપ સોનાના કલશમાં રહેલું મેં આણેલું ગંગાના જળનું આચમન કરો, આમ કહી આચમનને દેવું, હે હરિ આપ કૃપા કરી

મેં આણેલા પંચામૃતની પુજા ગ્રહણ કરી મારૂં નામ સિદ્ધિ કરો. રાધાને આનંદ દેનારા! દુધ, દહીં, ઘી, દ્રવ્ય, મધ અને સાકર આ દ્રવ્યો ગ્રહણ કરો; આમ બોલી પંચામૃતથી સ્નાન કરાવવું. હે નાથ હો યોગના ઇશ્વર! ગોવરધનને ધારણ કરનારા હે યજ્ઞોના પતિ! હે ગાયોના પાલક દેવ! આપને નમું છું. આપને નમું છું. હે નંદના કૃષ્ણ મેં ગંગાના જલના જેવું ઠંડુ નદી રૂપ તીર્થમાં રહેલું ન્હાવા જળ આપ્યું છે તે ગ્રહણ કરો એમ કહી ફરીને સ્નાન કરાવવું. હે સુરોમાં શ્રેષ્ટ! દેવતા મેં ભકિતથી સર્વ કામનાઓના અર્થની સિદ્ધિ સારૂ બે પીળાં વસ્ત્ર નિવેદન કર્યાં છે તે લ્યો એમ કહી વસ્ત્ર અને આચમન દેવું. હે દામોદર! આપને નમસ્કાર હો. મને સંસાર રૂપી સમુદ્રથી તારો. હે પુરૂષોત્તમ! ઉતરીય વસ્ત્ર સહિત જનોઈ લ્યો. આવું કહિ જનોઇ આચમન દેવું. હે સુરોમાં શ્રેષ્ટ સુગંધવાળું અતિ મનોહર શોભીત સુખડનું ચંદન લેપન સારૂ પ્રીતી માટે લ્યો આમ કહી ચંદન દેવું. હે પુરૂષોત્તમ! મેં ભકિતથી અતિ શોભીત કુમકુમવાળા અક્ષત નિવેદન દેવા. હે પ્રભુ! મેં પુજા સારૂં માલતી વગેરેને માલ્ય વગેરે સુગંધી પુષ્પો આણ્યા છે તે અંગીકાર કરો, આમ કહી પુષ્પો આપવાં પછી અંગોની પુજા કરવી. નંદ યશોદાના પુત્ર કેશીદૈત્યને મારનાર પૃથ્વીના ભારને ઉતારનાર અનંત વિષ્ણુના રૂપને ધરનાર પદ્યુમન એનિરૂદ્ધ શ્રીકંઠ સકળ અસ્ત્રધારી, વાચસ્પતી, કેશવ અને સર્વાત્મા આવા નામોની વિભક્તિ જેના અંતમાં છે એવા જગતના પતિને બે પગ, ઘુંટી, ગોઠણ, જાંઘ, કેડ, ગુહ્યેન્દ્રિય, નાભિ, છાતી, કંઠ, ભુજા, મુખ, નેત્ર અને મસ્તક આ સર્વ અંગો પ્રત્યે ક્રમથી પુષ્પો લઈ પૂજા કરવી. એક એક અંગની પૂજા ચોથી વિભકિત જેના અંતમાં છે એવા કેશવ વગેરે અને ચોવીશ મંત્રોથી બીજીવાર ફરી પૂષ્પ લઇ

એક એક અંગ પ્રત્યે પુરૂષોત્તમને પૂજવા, વનસ્પતીના રસરૂપ શોભીત ગંધવાળો સર્વ દેવોએ સુંઘવા યોગ્ય ઉદ્યમ ગંધરૂપ, આ ધુપ ગ્રહણ કરો. એમ બોલી ધુપ દેવો. તમે સર્વ દેવોના જ્યોતીરૂપ અને ઉત્તમ તેજરૂપ આત્માના તેજ રૂપ અને સ્વયં જ્યોતીરૂપ છો. માટે આપ દીપને ગ્રહણ કરો આમ કહી દીવો કરવો. હે દેવ આપ મને અચલ ભક્તિ આપો અને ઇચ્છેલું વરદાન આપો. પરલોકમાં સારી ગતિ આપો આમ કહી નૈવેદ્ય ધરવું, મધ્યમાં પાણી આપવું, પછી અપોશન દેવું! હે ત્રણ લોકના તાપને નાશ પમાડનારા ઈંદ્રિયોના નિયંતા મેં આણેલું સોનાના કળશમાં રહેલું ગંગાજળ છે તેનું આચમન કરો આમ કહી આચમન દેવું. હે દેવ મેં આ ફળ આપની પાસે રાખ્યું છે તેથી મારા જન્મે જન્મમાં સફલ પ્રાપ્ત થાઓ આમ કહી શ્રીફળ દેવું. હે પરમેશ્વર ગંધયુક્ત કપુરવાળી કસ્તુરી વગેરેથી સુગંધી હાથને સાથ કરવાનું ચુર્ણ અંગીકાર કરો આ બોલી કરોદ્વર્તન દેવું. હે દેવ!

આ રીતે જે પૃથ્વીતલમાં ભય પામી પુરૂષોત્તમ આવે ત્યારે આનંદથી ભક્તિ વડે નવીન મેઘના સરખી શ્યામ રાધા સહિત એવા શ્રી પુરૂષોત્તમ માસને દિવસે પ્રતિદિન વૈષ્ણવને ગુરૂ કરી પૂજે છે તે અહિંના સઘળાં અતુલ સુખને ભોગવી પછી ઉત્તમપદને પામે છે. આવા શ્રી સ્કંદનારદીય પુરાણના પુરૂષોત્તમના મહાત્મ્યના શ્રીનારાયણ ને નારદના સંવાદ વિષે પુરૂષોત્તમ પૂજન વિધિ નામનો એકવીસમો અધ્યાય પૂર્ણ થયો.

---

## અધ્યાય ૨૨ મો.

રાજાએ પૂછ્યું—આ પુરૂષોત્તમના વ્રતવાળાઓ શું ખાવું, શું તજવું અને શું ન તજવું આ વગેરે નિયમોને વિસ્તારથી કહો. શ્રી નારાયણે કહ્યું-આ પ્રમાણે રાજાએ પુછતાં એ સમયે વાલ્મીકી મુનિએ

તેને બહુ માન આપતાં પુરૂષોના કલ્યાણ માટે કહ્યું; વાલ્મીકી બોલ્યા. હે રાજા! પુરૂષોત્તમના મહિનામાં જે નીયમો કરવાના છે તે મારાથી ટૂંકાણમાં સાંભળો. પુરૂષોત્તમમાં પ્રયત્નથી હવિષ્યાન ભોજન જમવું એટલે કે ચોખા, સાકર, મગ, તલ, કલાયક, કાંગ, નીવાર, વ્રીલ હિલમોચિકા, આદુ, તે કાળનું શાક, મુલા, રતાળુ વીગેરે કંદ કાકડી, કેળાં, સિંધાલુણ, સમુદ્રનું લવણ, ગાયનું દહીં, ઘી, દુધ, માખણ કહાડી લીધા વગરની છાશ, ફણસે, કેરીઓ, હરડે, પીંપર, જીરૂ, સુંઠ આંબલી, સોસારી, આંબળાં, ગોળ વગર શેરડીથી બનેલી વસ્તુઓ અને તેલ વગેરેથી નહિ પકવેલ હોય તેને મુનિઓ હવિષ્ય કહે છે. મનુષ્યોએ હવિષ્ય જમવું તથા તે ઉપવાસ જેવું થાય છે. સર્વ જાતનો માંસ, મધ, મગ વગેરેનું સોવીર, અડદ વગેરે કકોળ, રાઇ, નિશા કરનારા પદાર્થ દાળ, તલનું તેલ અને લોહથી ભાવથી ક્રિયાથી તથા અવાજથી દોષવાળું અન્ન હોય તે તજવું. પારકાનું અન્ન, બીજાનો દ્રોહ, પરસ્ત્રીનો સમાગમ અને તીર્થ વગરનું પરદેશમાં જવું એ પણ તજવું. પુરૂષોત્તમ માસમાં દેવતા, દેવ, બ્રાહ્મણો, ગુરૂ, ગાય, વ્રતવાળી સ્ત્રીઓ રાજા મોટાઓની નિંદા છોડી દેવી. ચુર્ણમાં પ્રાણીનું અંગ માંસ છે. ફળમાં લીંબુ માંસરૂપ છે. ધાન્યમાં મસુર અને ટાઢું અન્ન માંસરૂપ છે. બકરી, ગાય, ને ભેંસના દુધ વગર બીજા દુધ વગેરે માંસરૂપ છે. સબળા બ્રાહ્મણે વેચેલા રસો અને પૃથ્વીમાં લુણ માંસરૂપ છે; તાંબાના વાસણમાં રહેલું ગાયનું દુધ, ચામડાની મશકમાં રહેલું પાણી ને પોતાને માટે રાંધેલું અનાજ તેને પંડિતોએ માંસરૂપ માનેલ છે. પુરૂષોત્તમમાં બ્રહ્મચર્ય પાળવું, ભોંય સુવું અને ચોથે પહોરે ભોજન કરવું, પુરૂષોત્તમમાં રજસ્વલા વગેરે મ્લેચ્છ, પતિત નીચ બ્રાહ્મણોના દ્વેષી અને દેવને નહિ માનનારાઓ સાથે

બોલવું નહિ. પુરૂષોત્તમ માસમાં કાગડાઓથી સ્પર્શ થયેલું સુતકનું અન્ન, રાંધેલાને ફરી રાંધેલું અને જે બળેલું અન્ન હોય તે નજ ખાવું. પુરૂષોત્તમમાં ડુંગળી, લસણ, મોથ, સવાની ભાજી, ગાજર, અળવીનાં પાંદડાં, મુળા અને શીંગનો ત્યાગ કરવો. વ્રતવાળાએ આમાં અને સર્વ વ્રતોમાં પણ આ પદાર્થો તજવા અને વિષ્ણુને પ્રસન્ન કરવા. પોતાની શકિતવડે ચાંદ્રાયણ વગેરે પણ કરવું. કોળું, ધોળા વંતાક ફળ, શાક, બીલાં, કાલિંગડાં, આમળાં, નાળીએર, તુંબડાં, પટોળી બોર, વંતાક, વેલાના શાક અને જળમાં થએલાં શાક ક્રમે કરી પડવાથી પંદરે તીથીયે તજવાં. તેમ ગૃહસ્થે રવીવારે સદા આંબલાના ફળને તજવાં. પુરૂષોત્તમની પ્રીતિ માટે જે કંઈ પણ તજવું તે ફરી બ્રહ્મણને આપીને જમવું. હે રાજા! વ્રતવાળાએ કાર્તિક ને માઘ માસમાં પણ આ નિયમો કરવા; કેમકે નિયમ વગર વ્રતવાળો ફળ પામતો નથી. જો શકિત હોય તો ઉપવાસથી પુરૂષોતમ પુરો કરવો અથવા યાચના રહિત, ઘીનું પાન કે દુધનું પાન કરવું અથવા વ્રતની ઇચ્છાવાળાએ શકિત પ્રમાણે ફળહાર વગેરે કરવું અને વ્રતનો ભંગ ન થાય તેમ સમજુ લોકોએ કરવું. પુણ્યકારી દીવસે સવારમાં ઉઠી દીવસના પ્રથમ ભાગની ક્રીયાઓ કરી ભકિતથી હૃદયમાં શ્રીકૃષ્ણને સંભારતાં નિયમ લેવો. હે ભુપતિ! ઉપવાસ અથવા એક ભકતનો એનો નિશ્ચય કરી આ વ્રત કરવું. પુરૂષોત્તમમાં ભકિત વડે શ્રીમદ્ ભાગવત સાંભળવું કેમકે બ્રહ્મા પણ વચનથી તેનું પુણ્ય કહેવા સમર્થ નથી. શ્રી પુરૂષોત્તમ માસમાં શાલીગ્રામનું લાખ તુળસી પત્રથી પુજન કરવું કેમકે તેનું અનંત પુણ્ય થાય છે. શ્રી પુરૂષોતમ માસમાં કહ્યા પ્રમાણે વ્રત કરનારને જોઇ યમના દુતો જેમ સિંહને જોઇ હાથીયો નાસે તેમ નાસી જાય છે.

હે રાજા! આ માસનું વ્રત સો યજ્ઞોથી પણ શ્રેષ્ટ છે. યજ્ઞ કરવાથી સ્વર્ગમાં જવાય છે, પણ પુરૂષોતમનું વ્રત કરવાથી ગૌલોક મેળવાય છે. જે પુરૂષોત્તમનું વ્રત કરે છે તેના દેહમાં, પૃથ્વીમાં જે તીર્થો, ક્ષેત્રો ને સર્વ દેવ છે તેઓ રહે છે. શ્રી પુરૂષોત્તમ માસનું વ્રત કરવાથી મીઠાં સ્વપ્નાં, દરિદ્રપણું અને ત્રણ પ્રકારના તાપ તે સર્વ નાશ પામે છે. ઈંદ્ર વગેરે દેવો પુરૂષોત્તમની પ્રીતિ થવા માટે પુરૂસોત્તમની સેવામાં નિશ્ચલ વિષ્ણુના સેવકને વિઘ્નથી બચાવે છે. જ્યાં જ્યાં પુરૂસોત્તમના વ્રતવાળા રહે છે તેની આગળ ભુત, પ્રેત, પીશાચ વગેરે રહેતા નથી, હે રાજા! જે આ પ્રમાણે વિધીથી પુરૂસોત્તમ માસનું વ્રત કરે છે તેનું ફળ કહેવા હજાર મુખવાળો શેષ પણ સમર્થ નથી. શ્રી નારાયણે કહ્યું જે પુરૂષોમાં ઉત્તમ ઘણા આદરથી એક મન વડે આ પ્યારા પુરૂસોત્તમ માસને સેવે છે તે પુરૂષ પુરૂષોત્તમને ઘણો વ્હાલો થઇ રસીક જનોના અધીપતી પુરૂસોત્તમની સાથે રમે છે. આવો શ્રી બ્રહ્મનારદીય પુરાણના પુરૂસોત્તમ માહાત્મ્યના શ્રી નારાયણ ને નારદના સંવાદમાં દ્રઢધન્વાના ટુંક આખ્યાનનો પુરૂસોત્તમ વ્રત નીયમ કથન નામે બાવીશમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૨૨ ॥

---

## અધ્યાય ૨૩ મો.

રાજા પુછવા લાગ્યો–હે દીનવત્સલ! શ્રી પુરૂષોત્તમ માસમાં દીવો દેવાનું શું ફળ છે તે કૃપા કરીને મને કહો. શ્રીનારાયણ બોલ્યા: વાલ્મીક હર્ષ વધવાથી વિનયવાળા રાજાને હસતા હોય તેમ બોલ્યા: વાલ્મીકીએ કહ્યું; હે રાજાઓમાં શ્રેષ્ટ! પાપને નાશ કરનારી કથા શાંભળો કે જેને સાંભળ્યાથી પાંચ જાતનું મોટું પાપ નાશ થાય છે. સૌભાગ્ય નામના નગરમાં ચિત્રબાહુ નામનો પ્રસિદ્ધ સત્ય પ્રતીક્ષાવાળો મોટી બુદ્ધિવાળો અતી શુર, ઉત્તમ, સહનશીલ, સર્વ ધર્મને જાણનાર

સદાચાર રૂપ દયાવાળો, બ્રહ્મને માનનાર ભગવાનનો ભક્ત, કથા સાંભળવામાં તત્પર, સદા પોતાની સ્ત્રીમાં પ્રીતીવાળો, પશુ, પુત્રોવાળો ચતુરંગી સેનાથી યુક્ત અને સમૃદ્ધિથી કુબેર ભંડારની ઉપમા અપાય એવો રાજા હતો. તેની ચંદ્રકળા નામે ચોસઠ કળાવાળી, મહા ભાગ્ય ભગવાનની ભક્તિવાળી પતીવ્રતા સ્ત્રી હતી તેની સાથે જુવાન રાજા પૃથ્વીને ભોગવતો હતો, ને શ્રી વિષ્ણુ વિના બીજા દેવને જાણતો નહોતો. એક દીવસે ભુપાળ ચિત્રબાહુ રાજાએ વેગળેથી આવતા મુનિયોમાં શ્રેષ્ટ અગત્સ્યને જોઇ દંડની પેઠે પૃથ્વી ઉપર પડી પ્રણામ કરી વિધીથી તેની પુજા કરી અને ભક્તિ વડે આસન આપી શ્રેષ્ટ મુનિના પાસે ઉભા રહ્યા. વીચનથી નયણાશવંત થઇ મુનીયોમાં શ્રેષ્ટ અગત્સ્યને કહેવા લાગ્યો. રાજા બોલ્યો: તમે શ્રી કૃષ્ણના સેવક મારે ઘેર આવ્યા તેથી આજ મારો જન્મ સફળ થયો; અને આજ મારૂં ઘર સફળ થયું. તમે મારા સામું જોયું તેથી હું પાપોના સમુહથી છુટ્યો, મેં હાથી ઘોડાને રથોવાળું રાજ્ય તમને સોંપ્યું છે. હે મુનિ શ્રેષ્ઠ! તમે વિષ્ણુના ભક્ત છો માટે તમને કશું ન અપાય એવું હેજ નહી. કેમકે બહુ થોડું વૈષ્ણવને આપેલું મેરૂની બરોબર થાય છે, દીવસમાં જે કોડી જેટલું પણ વ્યજન કે ઉત્તમ અન્ન વૈષ્ણવ બ્રાહ્મણને નથી દેતો તેનો તે દીવસ વેદના પારને પામેલાઓએ નિષ્ફળ કહ્યો છે, કેમકે જે કોઇ વૈષ્ણવ બ્રાહ્મણો હોય તે સર્વ પુજવા લાયક છે, વળી તેઓની સંભાળ વાણી, મન ને શરીરથી સર્વદા કરવી આવું ખર્ચ ગોતમે તથા સુમતીએ મને કહ્યું છે. જ્યાં સુધી સુર્ય ઉગતો નથી ત્યાં સુધી તારાઓની કાન્તી જણાય છે, જેમાં તેમાં જ્યાં સુધી વૈષ્ણવ નથી આવતો ત્યાં સુધી બીજા બ્રાહ્મણો જણાય છે. અગત્સ્ય બોલ્યા—હે મહાભાગ ચિત્રબાહુ રાજા! તમે હમણાં પુણ્યવાન

છો, ને દેશનો રાજા પણ પુણ્યવાન છે, જે તમે વૈષ્ણવનું રક્ષણ કરો છો, જે દેશનો રાજા વેશ્યાન હોય તે દેશમાં વસવું નહી. શુન્ય વનમાં વસવું શ્રેષ્ઠ છે, પણ વૈષ્ણવ વગરના દેશમાં રહેવું ઠીક નથી. જેને મંત્રથી રહીત દેહ, પતીના વગર સ્ત્રી, અને અભણ બ્રાહ્મણ વ્યર્થ ગણાય છે તેમ વૈષ્ણવથી રહીત દેશ છે, જેમ દાંત વિનાનો હાથી પાંખ વીનાનું પક્ષી અને દશમથી વેધવાળી અગીયારસ છે તેવો વૈષ્ણવથી હીન દેશ છે. જેવી કેશ સહિત વીધવા સ્ત્રી, સ્નાનથી રહીત વન અને બ્રાહ્મણી સાથે ચાલનારો શુદ્ર તેવો વૈષ્ણવ વગરનો દેશ છે, સારા પુરુષો જે શ્રીકૃષ્ણના ચરણનો આશ્રય કરનાર તેને રાજા કહે છે તેનો દેશ નીત્ય વૃદ્ધિ પામે છે અને તેની પ્રજા સુખી થાય છે, હે રાજન જેથી મેં તમને જોયા તેથી મારી દૃષ્ટિ સફળ થઇ. ફરી આજ તમ તમારી સાથે હું બોલું છું તેથી મારી વાણી સફળ થઇ. હે રાજા મેં રાજ્યની ઉપર પ્રતિષ્ઠા કરેલા આપે મારી આજ્ઞાથી આ રાજ્ય ભોગ- આવું બોલી જવાની ઇચ્છાવાળા તે મુનિશ્રેષ્ઠ અગત્સ્યને તે પતિવ્રતા પટરાણી પરમ ભક્તિથી પગે લાગી. હે કલ્યાણવાળી સ્ત્રી! તમારૂં અખંડ સૌભાગ્ય રહો. ભક્તિથી તમે પતિને ભજો અને સદા મારી દૃઢ ભક્તિથી શ્રી ગોપીજનના પ્યારા કૃષ્ણ પ્રસન્ન થાઓ આમ આશીષ દેતાં ફરી બે હાથ જોડી વીનયથી ડોક નમાવતો રાજા કહેવા લાગ્યો. ચીત્રબાહુ બોલ્યોઃ મેં શું પૂણ્ય કરેલાં છે કે જેથી મને ઘણી લક્ષ્મી શત્રુઓથી રહીત રાજ્ય અને પતીવ્રતા સ્ત્રી મળ્યાં છે તે હે બ્રાહ્મણોના અધીપતિ ! હે મુનીશ્વર ! તમે સઘળું હાથમાં રહેલા આમળાના ફળની પેઠે જાણો છો ને હું તમારે શરણ આવ્યો માટે મને તે કહો.

**મણીગ્રીવ બોલ્યા**—હે બ્રાહ્મણ ! દ્વિજજનોથી ભરેલા રમણીયને ચમત્કાર પુરમાં મારો વિવાહીત સ્ત્રીની સાથે નિવાસ હતો. ધનાઢ્ય પવીત્ર ને પરોપકારથી શોભીત છતાં મારા ભાગ્યયોગે નઠારી બુદ્ધિ

થઈ. દુષ્ટ બુદ્ધિથી પોતાના ધર્મને તજી દઇ નીત્ય પરસ્ત્રીસેવન અને નહી પીવાની વસ્તુ પીવા લાગ્યો. એવો હું પાપી આપને શરણ છું. મારો ઉદ્ધાર કરો આવું શુદ્રનું વચન સાંભળી ઉગ્રદેવ પ્રસન્ન મનથી ફળાહાર કર્યો અને તે પછી પાણી પીધું પછી સુખે બેઠેલા બ્રાહ્મણને મણીગ્રીવે વચન કહ્યું. પોતાના ખોળામાં રહેલા તેના બે ચરણ કમલને વારંવાર દબાવતાં મણીગ્રીવ બોલ્યા હે મુનીશ્રેષ્ઠ ! તમારે કયાં જવું છે અને તમે આપ્તજનોથી રહીત દુષ્ટ પ્રાણી વીનાના અને ઘાતકી પ્રાણીઓથી ભરેલા વનમાં કયાંથી આવ્યા છો, ઉગ્રદેવ બોલ્યા–હું બ્રહ્મણ છું હમણાં અજાણ્યા માર્ગથી ભયંકર વનમાં આવ્યો ત્યાં થાકેલો તૃષાથી પીડાતાં ક્ષણમાં મરવાની ઇચ્છાવાળો થયો તેવામાં તમે મને જીવીત આપ્યું માટે બોલો હું તમને શું દઉં. હે મણીગ્રીવ ! તમે સ્ત્રી પુરૂષે કયા દુઃખથી જંગલનો આશરો લીધો છે તે દુઃખ હું મટાડીશ માટે મને તમારૂં દુઃખ કહો.

અગસ્ત્ય બોલ્યા–આવું સુંદર ઉગ્રદેવનું બોલવું સાંભળી સ્ત્રી રૂપરૂ મુનિ ઇશ્વરને પ્રસન્ન કરી દરિદ્રપણારૂપ સમુદ્રને તરવા ચહાતો તે એ મણીગ્રીવ પોતાના કર્મના ફળનું પોતાનું વૃત્તાંત બોલ્યો. આવો શ્રી બ્રહ્મનારદીય નારાયણ પુરૂષોત્તમ મહાત્મ્ય શ્રી નારાયણ ને નારદના સંવાદમાં દઢધન્વાના ટુંક આખ્યાનનો ત્રેવીશમો અધ્યાય પુર્ણ થયો. ॥૨૩॥

---

## અધ્યાય ૨૪ મો.

હું ચોરી ને હિંસામાં તત્પર થયો તેથી પોતાના સગાઓએ મારો ત્યાગ કર્યો, તે વખતે બ્રહ્મદત્ત નામના રાજાએ મારૂં ઘર લુંટયું, જે કશું બાકી હતું તે ધન પોતાના જનોએ લીધું આમ સૌએ તિરસ્કાર કરવાથી મેં વનવાસ પકડયો. નીત્ય જીવોનો વધ કરી હું

સ્ત્રીની સાથે જીવું છું. હે બ્રાહ્મણ ! આ ભયંકર વનમાં હમણાં પાપ યુક્ત દુષ્ટ મનથી વસનાર છું તેની ઉપર કૃપા કરો. તમે પુર્વના પુણ્યોના સમુદાયથી મળ્યા છો. હે મહામુનિ ! હું સ્ત્રી સહિત તમારે શરણ આવ્યો છું માટે ઉપદેશરૂપ પ્રસાદથી મને કૃતાર્થ કરો કે જેથી તત્કાલ મારૂં તીવ્ર દરીદ્રપણું નાશ પામે ને અમુલ્ય વૈભવ સુખ પામવાવાળો થાઉં તેમ કરો. ઉગ્રદેવ બોલ્યા હે મહાભાગ મારી જે મેમાન ગતિ કરી તેથી કૃતાર્થ છો, અને એથી હમણાં સ્ત્રી સહિત તારૂં કલ્યાણ થશે.

જે રીતે વ્રતો, તીર્થો, દાનો અને યત્ન વગર તમારૂં દરીદ્રપણું નાશ પામે તે રીત હું કહું છું. હવે પછી ત્રીજે પુરૂષોત્તમ માસ છે તેમાં તમે બે સ્ત્રી પુરૂષે પ્રયત્નથી પ્રીતિ માટે દીપમાન કરવું નથી તમારૂં ભારે દારિદ્રપણું મુળ સહિત નાશ પામશે. તલના તેલથી કે વૈભવી હોય તો ઘીથી દીવો કરવો. હમણાં વનમાં વસતાં તે બેઉમાં રહેલું કંઇ તમારી પાસે ન હોય તો હે નિષ્પાપ મણિગ્રીવ ! તમારે સ્ત્રીની સાથે માસ પુરો થાય ત્યાં સુધી નિયમ સહીત ગોળિયાના તેલથી દીવો કરવો. નિરંતર આ સરોવરમાં સ્ત્રીની સાથે ન્હાઇ એજ પ્રમાણે સવારે એક મહીના સુધી કરવું. તમારી કરેલી પરોણાગતથી પ્રસન્ન થઇ શાસ્ત્રમાં નીશ્ચય કરેલાં વ્રતનો આજ ઉપદેશ સ્ત્રી સહીત તમને કર્યો. બીજી રીતે પણ દીવાનું દાન લક્ષ્મીનો વધારો કરનાર છે પણ જો પુરૂષોત્તમ માસમાં વિધિથી કર્યું હોય તો લક્ષ્મીની વૃધ્ધિ કરે એમાં શું કહેવું ! વેદમાં કહેલાં જુદા જુદા કર્મો તને દાનો પુરૂષોત્તમ માસના દીવાની સોળમી કળાને યોગ્ય નથી. યોગજ્ઞાન સાંખ્ય શાસ્ત્ર અને શાસ્ત્રો પણ પુરૂષોત્તમના દીવાની સોળમી કળાને યોગ્ય નથી. વેદનો અભ્યાસ, ગયા શ્રાદ્ધ અને ગૌતમી નદીના તીરનું સેવન પુરૂષોત્તમના

દીવાની સોળમી કળાની બરોબરી કરી શકનાર નથી. હજારો ગ્રહણ અને સેંકડો વ્યતીપાત પુરૂષોત્તમના દીવાની સોળમી કળાને યોગ્ય નથી. કુરૂ વગેરે ઉત્તમ ક્ષેત્રો અને દંડક વગેરે વ્રતો સોળમી કળાને યોગ્ય નથી. હે પુત્ર આ અતિ છાનું દીપદાન છે તે કોઇને કહેવું નહિ. કેમકે ધન, ધાન્ય, પશુ, સમુહ, પુત્ર, પૌત્ર અને કીર્તિને કરનારૂ, વાંઝણીના વાંઝીયાપણાને મટાડનારૂં, સ્ત્રીઓને વિધવાપણાને નહી આપનારૂ, રાજ્યથી ભ્રષ્ટ થયેલાને રાજ્ય આપનારૂ ને મનુષ્યોના વિચરેલા કામને સફળ કરનારૂં છે આથી કન્યા ગુણી અને ઘણું જીવનારા પતિની પામે છે. ઇચ્છાવાળો સારા સ્વભાવવાળા પતિવ્રતા સ્ત્રીને પામે છે. વિદ્યાને ઇચ્છનારો વિદ્યા પામે છે સિદ્ધિને ચાહનારો સિદ્ધિ પામે, ખજાનાની ઇચ્છાવાળો ખજાના પામે છે, અને મોક્ષની ઇચ્છાવાળો મોક્ષ પામે છે. જે કોઇ ઠેકાણે પણ પુરૂષોત્તમ માસનાં વિધિ વિના તથા શાસ્ત્ર વિના પણ દીવો કરે છે તે સર્વ ઇચ્છાને પાંમે છે, ત્યારે હે પુત્ર! વિધિ વડે પ્રયત્નથી દીવો કરે તે સર્વ સુખને પામે એમાં શું કહેવું! માટે શ્રી પુરૂષોત્તમ માસમાં દીવો કરવો. આ આજ તમારા આકરા દરિદ્રપણાંને ટાળનારૂં કલ્યાણ થશે. હવે તમારી સેવાથી પ્રસન્ન થયેલો હું જઇશ. અગસ્ત્ય બોલ્યા—આ પ્રમાણે કહી મનથી બે ભુજાવાળા મુરલીધર શ્રી હરીને સંભારતો તે ઉત્તમ બ્રહ્મણ હતો તે પ્રયાગ ગયો. પોતાના આશ્રમથી કેટલેક સુધી તે ઉગ્રદેવને વળાવી નમી સ્ત્રી પુરૂષ પાછાં વળ્યાં. પોતાના આશ્રમમાં આવી પુરૂસોત્તમમાં મનવાળા બ્રાહ્મણુની ભક્તિમાં તત્પર તે બન્ને જણાએ ભકિતથી બે બે માસ કહાડ્યા. બે માસ વીતી ગયા ત્યાં પુરૂસોત્તમ માસ આવ્યો ત્યારે વૈભવ કાજે આળસ છોડી ગુરૂની ભકિતમાં તત્પર થઇ ઈંગોરીયાના તેલથી દીવો કર્યો એમ કરતાં પુરૂસોત્તમ માસ ગયો. ઉગ્રદેવની કૃપાથી મનના મેલ મટવાથી

તે બે કાળને વશ પામતાં ઈંદ્રની નગરી પ્રત્યે ગયા. ત્યાંના સુખને ભોગવી ઉમાદેવની પ્રસન્નતાથી પૃથ્વીના ભરતખંડમાં ઉત્તમ જન્મ પામ્યાં. તેઓમાં પૂર્વ જન્મમાં જે મૃગની હીંસામાં તત્પર મણીગ્રીવ હતો તે વીરબાહુના પુત્ર ચીત્રબાહુ એ નામથી તમે પ્રસિધ્ધ છો અને હમણાં તમારી ચંદ્રકળા પટરાણી છે તે તમારી સુંદરી એ નામે સ્ત્રી હતી. પતિવ્રતપણા રૂપ ધર્મથી આજે તમારી અર્ધાંગના સ્ત્રી છે. કેમકે જે પતિવ્રતા સ્ત્રી છે તે પતિના અર્ધ પુણ્યમાં ભાગવાળી છે. શ્રી પુરૂસોત્તમ માસમાં ઈંગોરીયાના તેલથી કરેલા દીવા વડે આ તમારે શત્રુઓથી રહીત રાજ્ય થયું છે, ત્યારે શ્રી પુરૂસોત્તમ માસમાં જે ઘીથી કે તલના તેલથી અખંડ દીવો કરે છે તે શત્રુ રહીત રાજ્ય પામે એમાં શું કહેવું ? પુરૂસોત્તમના દીવાનું આ ફળ છે એમાં સંશય નથી; ત્યારે ઉપવાસો વગેરેથી પુરૂસોતમનું વ્રત કરનારને ફળ થાય એમાં તો વળી કહેવુંજ શું ? વાલ્મીકી બોલ્યા ! જુના ચીત્રબાહુના ચરીત્રને કહી ઘડાથી જન્મેલા મુની અગસ્ત્ય તેણે કરેલા સત્કારને પામી અક્ષય આશીર્વાદ આપી ચાલતા થયા. આવો શ્રીબ્રહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મયના શ્રીનારાયણ ને નારદ સંવાદ વિષે દઢધન્વાના દીપ મહાત્મય કથા નામનો ચોવીસમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૨૪ ॥

---

## અધ્યાય ૨૫ મો.

દઢધન્વા પુછવા લાગ્યો—હે મુનિ ! હવે પુરૂષોત્તમ માસના વ્રતવાળા મનુષ્યોનો ઉદ્યાપનનો વિધિ કૃપાવડે કહો. વાલ્મીકી બોલ્યા— શ્રી પુરૂષોત્તમ માસનો ઉદ્યાપનનો વિધિવ્રત પુરૂ થવાના કારણ માટે સારી રીતે ટુંકાણથી કહું છું. પુરૂષોત્તમના કૃષ્ણપક્ષમાં ચોદશ, નોમ કે આઠમને દીવસે ઉદ્યાપન કરવું કહેલું છે. પુજ્યરુપ શ્રી પુરૂસોત્તમ માસમાં

છઠી યથાયોગ્ય મેળવેલા સામાનથી દિવસના પ્રથમ ભાગની ક્રિયા કરી મનને સાવધાન રાખી વિષ્ણુની ભક્તિમાં તત્પર સ્ત્રી સહીત એવા ત્રીસ બ્રાહ્મણોને અથવા શક્તિ પ્રમાણે ધનને અનુસરતા સાત કે પાંચ બ્રાહ્મણો નોતરવા પછી હે ભુમિપાલ! મધ્યાહ્ન વખતે એક હજાર ને ચોવિસ રૂપિયા ભાર જેટલા અગર તેની અર્ધ પોતાની શક્તિને અનુસરી પાંચ ધાન્યથી ઉત્તમ મંડળ કરવું. મંડળની ઉપર ચાર દિશામાં કૃષ્ણ વગેરે ચતુર્વ્યુહને પ્રસન્ન કરવા. શ્રીફળોવાળા, વસ્ત્રના વિંટણ સહિત, નાગરવેલના પાનથી યુકત શુદ્ધ ગઠિ વગરના સોનાના રૂપાના, ત્રાંબાના કે માટીના ચાર સુંદર કળશ રાખવા. ચાર કળશો ઉપર વાસુદેવના પુત્ર કૃષ્ણને બળદેવને ઉત્તમ દેવ પ્રદ્યુમનને તથા અનિરૂદ્ધને સ્થાપવા. પુરૂસોત્તમના વ્રતની આરંભમાં કળશ સહિત સ્થાપેલા દેવોનો દેવ ઇશ્વર રાધા સહિત પુરૂસોત્તમને ત્યાંથી લાવી મંડળની ઉપર તેના મધ્યમાં રાખવા. આમાં જપની ઇચ્છાવાળાએ વેદને વેદોના અંગોના પારને પાર પામનારા વૈષ્ણવને આચાર્ય કરી ચારજ બ્રાહ્મણોને વરૂણી આપવા, અને એ દરેકને બે બે વસ્ત્રો તથા સોનાની પવીત્રી આપવી. આચાર્યને વસ્ત્ર આભુષણો વગેરેથી શણગારી પછી દેહ શુદ્ધિ માટે પ્રાયશ્ચિત કરવું. તે પછી પ્રથમ કહેલા વિધિથી સ્ત્રીની સાથે પુજા કરવા ચાર દિશામાં ચાર દિવા કરવા, ત્યાર પછી મનથી નાળાયેર વગેરે વડે અર્ધ્ય દાન કરાવવું. સ્ત્રી સહિત શ્રદ્ધા ને ભક્તિ વાળાએ હર્ષથી શ્રી વિષ્ણુને સંભારતાં ગોઠણોને ભોંય ઉપર રાખી પંચરત્નો સહીત પોતાના હસ્તસંપુટમાં રહેલા યોગ્ય રીતે મેળવેલાં સારા ફળોથી અર્ધ્ય દેવા અર્ધ્ય દેવાનો મંત્ર હે દેવોના દેવ! જુના પુરૂષોમાં ઉત્તમ! હે હરી! તમને નમસ્કાર છે. રાધિકા સહિત આપ મેં આપેલ અર્ધ્ય ગ્રહણ કરો. બે ભુજાવાળા મુરલીને ધરનારા પીળા

વસ્ત્રને ધરનારા રાધા સહીત પુરૂસોત્તમને વંદન કરૂં છું આમ રાધા સહિત પુરૂસોત્તમ વિષ્ણુને ભક્તિથી નમી જેના અંતરમાં ચતુર્થી વિભક્તિ છે એવા નારના મંત્રોથી તલનો હોમ કરાવવો તે પછી તેના અંતરમાં તે મંત્રોથી તર્પણ અને માર્જન કરવા, પછી રાધિકા સહિત પુરૂસોત્તમ દેવની આરતિ કરવી. આરતીનો મંત્ર વેદોના અધિપતિ! નીલ કમળના સરખી કાંતિવાળા! ક્રોડો કામદેવોના સરખા સુંદર રાધીકાના પતિની પ્રેમથી હું આરતિ કરૂં છું પછી ધ્યાન કરવું જેમાં તેજ છે, અનંત રત્નોથી રચેલા સિંહાસન ઉપર બેઠેલા જેણે વાંસળીના અવાજથી વ્રજની સ્ત્રીઓને મોહીત કરેલ છે. વૃંદાવનમાં સુંદર કૌસ્તુભ મણી સહીત શોભાયમાન છાતીવાળા શોભીત રત્નમયકુંડળ મુકુટને સુંદર અને પીળાં વસ્ત્રવાળા કૃષ્ણનું રાધાસહિત ધ્યાન કરવું. તે પછી રાધીકા સહિત વિષ્ણુને પુષ્પાંજલી આપી સ્ત્રી સહિત પુરૂષે સાષ્ટાંગ નમસ્કાર કરવો. નવા વાદળા જેવા શ્યામ પીળા વસ્ત્રવાળા શ્રી વત્સથી શોભીત છાતીવાળા અને અવીનાશી એવા રાધીકા સહિત શ્રી હરિને હું નમું છું. આમ નમસ્કાર કર્યા પછી બ્રાહ્મણને સેના સહિત પુર્ણ પાત્ર દેવું ત્યાર પછી આનંદથી આચાર્યને પુષ્કળ દક્ષિણા દેવી. સ્ત્રી સહીત આચાર્યને ભક્તિ વડે વસ્ત્રો તથા આભુષણોથી પણ પ્રસન્ન કરવો તો પછી વરણી કરાવેલાઓને ઉત્તમ દક્ષિણા દેવી. એક સારા સ્વભાવવાળી દુધ દેનારી શસ્ત્રસહીત વાછડા સહિત ઘંટાને આભુષણોથી શોભિત તાંબાના પાત્રયુક્ત સોનાના શિંગડાવાળી રૂપાની ખરીયોથી શોભિત ગાય દેવી ને પછી ઘીનું ભર્યું વાસણ તથા તલનું દાન દેવું. સ્ત્રી પુરૂષને વસ્ત્રો સહિત ઉમા મહેશ્વરની મુર્તિ દેવી. આઠ પ્રકારના પદ તથા બે પગરખાનું દાન દેવું; શક્તિ હોય તો બ્રાહ્મણને શ્રીમદ્‌ભાગવત દેવું કારણ આયુષ્ય ચળ છે એમ

વિચારતાં વાર ન લગાડવાથી જે ભાગવત ભગવાનનું રૂપ છે એમ જાણી શ્રીમદ્‌ભાગવત પંડીત વૈષ્ણવ બ્રહ્મણને દે છે તે ક્રોડ કુળનો ઉદ્ધાર કરી અપસરાઓની પંક્તિએ સેવેલા વિમાનમાં બેસી યોગીને દુઃખે પમાય એવા ગૌલોકને પામે છે. હજારો કન્યાઓના દાન, સેંકડો વાજપેય યજ્ઞો, ધાન્યવાળા ખેતરોના દાનો, તુલા દાનો એ આઠ મોટાં દાનો છે તે અને વેદના દાનો છે તે શ્રી ભાગવતની સોળમી કળાને યોગ્ય નથી માટે યત્નોથી સોનાના સિંહાસન સહિત તે વિશ્વને ઘરેણાંઓથી શોભીત ભાગવત બ્રાહ્મણને દેવું. મધ્ય ભાગમાં ત્રીશત્રીશ પુડલાઓથી ભરેલા ત્રીશ કાંસાના વાડકાઓ જરૂર દેવા. હે ભુમી પતિ! પુડલાઓના જેટલાં કાણાં હોય છે તેટલા હજાર વર્ષો સુધી માણસ વૈકુંઠમાં વસે છે ત્યાંથી જુના યોગીને દુઃખે પમાય એવા નીગુણ ગૌલોકમાં જાય છે, કે જ્યાં જવાથી આવાગમન નથી. કાંસાનો સંપુટ અટ્ઠી શેરનો કહેલ છે પણ વિધિને વ્રત પુર્ણ કરવા શાન્તિ પ્રમાણે કરવો અથવા પુરૂસોત્તમની પ્રીતિ માટે ઉત્તમ ફળ સહિત સામગ્રી તેમાં રાખી બ્રાહ્મણને આપવા. હે નરોના અધિપતિ! પુરૂસોત્ત-મની પાસે નિમંત્રણ કરેલા સ્ત્રીવાળા બ્રાહ્મણોનો સંકલ્પ કરવો. પ્રાર્થના કરવી કે હે જગતના આધાર, જગતના આનંદને આપનાર શ્રીકૃષ્ણ! મારા અહિના તથા પરલોકના સઘળા મનોરથો તરત પુર્ણ કરો. આમ શ્રી કૃષ્ણની પ્રાર્થના કરી પુરૂસોત્તમને સંભારતા આનંદથી સદાચારી સ્ત્રીવાળા બ્રાહ્મણોને જમાડવા. બ્રાહ્મણરૂપ વિષ્ણુને સંભારતા તથા સ્ત્રીરૂપ રાધાને સંભારતા વિધિથી પુજા કરી તેઓને ઘી દુધ-પાક જમાડવા. વ્રતવાળાએ વિધીથી જમાડવાનો સંકલ્પ કરવો. દ્રાક્ષ, કેળાં, જુદાં જુદાં ઘીથી પકવેલાં અન્નો, સારા અડદ, વટાણા, સાકર, ઘૃત, કેરી, ફળ, ખડબુચાં ને ટેડી, કાકડીના શાકો, લિંબુ, આદુ, બીજા,

પણ નોખાં નોખાં શાક, પાકેલી કેરી જુદાં જુદાં છ રસોની સાથે મળેલાં ચાર પ્રકારના ભોજનો અને સુગંધીવાળા દુધ વગેરે ભોજનમાં પીરસી કોમળ રીતે કહેવું. હે સમર્થ બ્રાહ્મણ! આ સ્વાદવાળું તમારે અર્થે મેં જે રાંધેલુ છે તે આનંદથી તમને જે રૂચે તે જમો ને જોઇએ તે માગી લ્યો. હું પુણ્યવાન છું. તમે મારી ઉપર કૃપા કરી એથી મારો જન્મ આજે સફળ થયો આમ કહી આનંદથી બ્રાહ્મણોને જમાડી તાંબુલ ને દક્ષિણા દેવી. એલચી, લવીંગ, બદામ, જાવંત્રી, જાયફળ, કસ્તુરી વિગેરે અને સુંદર ખારનો સાર આ મેળવેલા પદાર્થો સાથે તાંબુલ ભગવાનને પ્યારૂં છે માટે આ પ્રમાણે બનાવી આદરથી આપવું. આ પ્રમાણે કરી ઉત્તમ બ્રાહ્મણને તાંબુલ દે છે તે અહીં સારા ભાગ્યવાળો અને પરલોકમાં મોક્ષને ભોગવનારો થાય છે. બ્રાહ્મણોને સીમાડા સુધી વળાવી તેઓને રજા દેવી (મંત્રહીન ક્રીયાહીન) એ શ્લોકથી પુરૂસોત્તમની ક્ષમા માગી (યસ્ય સ્મૃત્યાચ નામોત્તમ) એ શ્લોકરૂપ મંત્રથી વિષ્ણુને નમી જે ઓછું હોય તે પુરૂં કરી સુખે રહેવું. મહાભુતોને ભાગ પ્રમાણે અન્ન વેંચી તેને નહિ નિંદના ખોટાવાદને તજી પોતાના જનોની સાથે જમવું. અમાસનો દીવસ આવે ત્યારે રાતે જાગરણ કરવું ને રાધાજી સહિત સોનાની પુરૂસોત્તમની મુર્તિને પુજવી. પૂજાની પુર્ણાહુતીમાં સ્ત્રી સહિત આનંદવાન વ્રતવાળાએ રાધા સહીત પુરૂષોત્તમનું વિસર્જન કરવું તે પછી આચાર્યને મુર્તિ સહિત દાન દેવું તથા યથાયોગ્ય ઇચ્છાને અનુસરી અન્નનું દાન દેવું. હરકોઈ પણ ઉપાયથી ઉત્તમ ભાવથી આ વ્રત કરવું ને યથાશકિત દાન કરવું. સ્ત્રી અથવા પુરૂષ પણ જે આ વ્રત કરે છે તે ભવોભવ દુઃખ, દરીદ્રતા અને દુર્ભાગ્યપણાને પામતો નથી. જે જુદા જુદા પુરા મનોરથવાળા જનો જગતમાં આ કરે છે તેઓ વીમાનમાં

બેસી ઉત્તમ વૈકુંઠમાં જાય છે. શ્રી નારાયણ બોલ્યા-આ રીતે જે વિધિનો આશ્રય કરી શ્રી કૃષ્ણના બહુ વ્હાલા માસને આદરથી સેવે છે તે પાપ રહીત થઇ સુખને અનુભવી :પુર્વજો સહીત ગૌલોકમાં જાય છે, આવો શ્રી બ્રહ્મન્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મયની શ્રી નારાયણ ને નારદના સંવાદ વિષે વૃતોદ્યાપન વિધિકથન નામે પચીસમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૨૫ ॥

---

## અધ્યાય ૨૬ મો.

હવે ઉદ્યાપન પછી વ્રત ને નીયમ તજવા બાબત કહેવાય છે. વાલ્મીકી બોલ્યા—સઘળા પાપોનો નાશ થવા માટે તથા જેની ધ્વજા ઉપર ગરૂડ છે એવા વિષ્ણુની પ્રીતિ સારૂ વિધિપૂર્વક ગ્રહણ કરેલા નીયમોનો ત્યાગ કરવો. હે રાજન! એક મહીના લગી જેણે ફકત ભોજન કર્યું હોય તેણે છેવટ બ્રાહ્મણોને જમાડવા. અયાચીત વ્રત કર્યું હોય તો સોનાનું દાન કરવું. જે એક મહીનો ઉપોષણ કરી અમાસને દીન જમનારો હોય તેણે દક્ષિણા સહિત ગાય દેવી. આંબળાના ઝાડ નીચે એક મહીના લગી સ્નાન કરનારે દહીં કે દુધ દેવું. હે રાજા! ફળોના નીયમમાં ફળનું દાન કરવું. તેલને ઠેકાણે ઘી ઘીને ઠેકાણે દુધ દેવું. હે રાજા! ધાન્યોના નિયમમાં ઘઉં ને સારા ચોખા દેવા. હે રાજા! પૃથ્વી ઉપર સુનારા અંતરયામી જેને પ્રીય છે એવા જને સામાન સહીત સારી શય્યા દેવી. જે પાંદડામાં જમનારો માણુસ હોય તેણે ભોજનમાં ઘી સાકર દેવાં મૌન વૃતમાં સોના સહીત ઘંટા ને તલ તથા સ્ત્રી પુરૂષને સ્નેહ સહિત અતી સારૂં ભોજન જમાડવું. હે રાજા! નખ તથા કેશને ધારણ કરનારા સમજુ માણસે આરીસો દેવો. જોડાના ત્યાગ કરનારે પગરખાનું દાન કરવું. લુણનો ત્યાગ કર્યો હોય તો જુદી જુદી

જાતના રસો દેવા. દીવાનું દાન કરતો હોય તે નરે પાત્ર સહિત દીવો દેવો. અધિક માસમાં વ્રત પુર્ણ કારણથી જે એ ભકિતથી દીપક જેટલું સોનાની બતી સહિત તાંબાનું કોડીયું ને દીવો દીવેલ હોય તે સદા વૈકુંઠમાં વસે. એકાંતર કાર્યથી ઉપવાસવાળાએ આઠ માટીના કે સોનાના ઘડા વસ્ત્ર ને સોના સહિત દેવા. માસની સમાપ્તિમાં બ્રાહ્મણે પગરખાં સહિત ત્રીશ લાડુ દેવા વળી ભાર ધારણ કરવામાં સમર્થ ઉત્તમ બળદ દેવો. ઉપર કહ્યા પ્રમાણે જો ન થઇ શકે તેમ હોય તો હે રાજા બ્રાહ્મણનું કહેલું વચન સંપુર્ણ વ્રતની સિદ્ધિ દેનારૂં કહેલ છે. જે લોક એક અન્નથી મળમાસને સેવે છે તે નર ચાર ભુજાવાળો થઇ ઉત્તમ ગતી પામે છે. એક મુકિતથી બીજું કશું પણ અહીં પવિત્ર નથી. એક વખતે જમવાથી સિદ્ધ મુનિયો ઉત્તમ મોક્ષ પામ્યા છે. જે અધિક માસમાં રાતે જમે છે તે રાજા થાય છે અને મન કામનાઓને પામે છે, એમાં સંદેહ નથી. દિવસના પુર્વ ભાગમાં દેવતાઓ, મધ્યાન્હમાં મુનિયો અને દિવસના બીજા ભાગમાં પિતૃગણો જમે છે અને પોતાના આત્મા માટે ચોથો કાળ છે, પણ હે નરોના અધિપતી સાયંકાળના વખતને છોડી જે જમે છે તેના બ્રહ્મહત્યા વગેરે પાપો નાશ પામે છે. હે રાજા! રાત્રિમાં જમનારો મધળાં પુણ્યવાળાઓથી અધીક થાય તે મનુષ્ય અશ્વમેધ યજ્ઞના ફળને પામે છે. તે વિષ્ણુના વ્હાલા અધિક માસમાં અડદનો ત્યાગ કરવો. અડદને તજનારો સર્વ પાપથી મુકત થાય છે અને વિષ્ણુના લોકમાં જાય છે. બ્રાહ્મણ છતાં પણ જે ઘાણી કરે છે તે હે રાજા તલની સંખ્યા પ્રમાણે સર્વ નરકમાં રહે છે. ચંડાળની જાતીને પામે છે ને રકતકોઢના દુઃખથી પીડાય છે. અજવાળીઆ ને અંધારીયા પક્ષમાં જે માણસ ભકિતથી એકાદશીનો ઉપવાસ કરે છે તે ચાર ભુજાવાળો થઇ ગરૂડ ઉપર બેસી વેદોએ મનાતો તથા અપ્સરા-

એથી સેવાતો વૈકુંઠમાં જાય છે. દેવોના દેવ વિષ્ણુની પ્રીતિ સારૂ દશમી ને દ્વાદશીને દિવસે એક ભુકત કરે છે તે નર સ્વર્ગને પામે છે. હે રાજા! હંમેશાં સારી ભક્તિથી દર્ભનો કુચો પાસે રાખવો જે દર્ભથી સર્વદા ધારણ કરવો નહી કેમકે વીષ્ટા, મુત્ર, લીટ, બડખા કે લોહીને સાફ કરી તે વીષ્ટામાં જીવાડો થાય છે. દર્ભ અતી પવીત્ર છે. દર્ભ વગર ક્રીયાઓ વ્યર્થ છે. દર્ભના મૂળમાં બ્રહ્મા ને મધ્યમાં દેવ વિષ્ણુ વસે છે. દર્ભના આગલા ભાગમાં મહાદેવ વસે છે માટે દર્ભોથી વાળવું નહિ. શુદ્રે દર્ભ ઉખેડવો નહિ ને કપીલા ગાયનું દુધ પીવું નહિ. હે પતિ! ખાખરાના વચલા પાનમાં જમવું નહિ. પ્રણવમંત્ર ઉચ્ચારવો નહિ, અને પુરોડાશનું ભોજન કરવું નહિ. વીધી વગર આસન લેવું નહિ, જનોઇ ધરવી નહિ, અને વેદની ક્રીયા કરવી નહિ, વીધી વીના આચરણ કરનાર પીતૃઓની સાથે બુડે છે. જ્યાં સુધી ચાંદ ઇંદ્રો છે ત્યાં સુધી ઘોર નરકમાં પડે છે. કુતરાની જાતી સુવરની કે વાંદરાની જાતીને પામે છે આ કારણથી શુદ્રે ઓંકારને સદા તજવો. હે પૃથ્વીપતિ! બ્રહ્મણોને નમવાથી શુદ્ર પાપથી છુટે છે. હે મહારાજ! આ કહેલું વ્રત પુરૂં કરવું, ને દક્ષિણા દેવી. દક્ષિણા દીધા વીના પણ નરો નરકને પામે છે. વ્રતના વીપરીતપણાને પામ્યાથી અંધ ને કોઢીયો થાય છે. પૃથ્વીપાલ! પૃથ્વીના દેવ! બ્રાહ્મણોના વચનોથી ઉત્તમ લોકો દેવતાઓના સ્થાપનને પામે છે માટે કલ્યાણની ઇચ્છાવાળો જે મનુષ્ય તેઓના વચનોને ઓલંઘતો નથી તે વીદ્વાન છે. આ મેં ઉત્તમ ધર્મનું રહસ્ય કલ્યાણને કરનારૂં પાપને દૂર કરનારૂં, ફળને આપનારૂં, નીત્ય મનને સારૂં લાગે તેવું ને લક્ષ્મીના પતિ પ્રસન્ન કરવાના કારણથી કહ્યું. હે રાજા! તેને સદા જે નર સાંભળે છે કે વાંચે છે તે યોગીઓના ઇશ્વર વિષ્ણુ લોકને પામે છે.

આવો પુરૂષોત્તમ મહાત્મ્યમાં કોધેલા નીયમોનો ત્યાગ આ નામે છવીસમો અધ્યાય પુર્ણ થયો ॥ ૨૬ ॥

---

## અધ્યાય ૨૭ મો.

શ્રીનારાયણ બોલ્યા—આમ કહી ચુપ રહેલા મુનીને રાજા નમ્યો પછી આનંદયુકત સ્રીસહિત ભકિતથી પુજવા લાગ્યો. તેની પુજા અંગીકાર કરી, હું, સાયંકાલ થયો, માટે પાપને નાશ પમાડનારી ત્રીવેણી ભણી જઈશ આમ બોલી તમારૂં કલ્યાણ થાઓ' એવો આશીર્વાદ કહેતાં મુનીશ્રેષ્ટ વાલ્મીકી તુરત ચાલી નીકળ્યા રાજા પણ તેને સીમાડા સુધી વળાવી ઘેર આવ્યો અને વ્હાલી ગુણસુંદરીને કહેવા લાગ્યો. દઢધન્વા બોલ્યા–હે સુંદરી! પ્રીતિ, દ્વેપ વગેરે છ શત્રુઓવાળા મેઘ મનુષ્યના જેવા અશાશ્વત અસાર સંસારમાં મનુષ્યોને શું સુખ છે. વાયુ, પીત ને કફને વધારાવાળાં મલ, મુત્ર ને લોહીથી ભરેલા છેવટ જીવડા, વીષ્ટ કે ભસ્મરૂપ જણાતાં શરીરનું મારે પ્રયોજન નથી, માટે હે ઉત્તમ સ્રી! સ્થીર વસ્તુને મેળવવા વિષ્ણુને સંભારતો વનમાં જઇશ. તે સાંભળી ગુણસુંદરી વીનયથી નમ્ર થઇ બે હાથ જોડી શોકથી વ્હાલા પતિને કહેવા લાગી. ગુણસુંદરી બોલી: હે પૃથ્વીપાલક! હું પણ તમારી સાથેજ આવીશ. કેમકે પતીવ્રતા સ્રીઓનો પતિજ દેવ છે. પતિ ગયા પછી જે સ્રી ઘરમાં રહે છે તે વનમાંજ રહે છે કેમકે દિકરાની વહુને આધીન જે સ્રી છે તે પણ ઘરની ફરનારી કુતરીના જેવી છે. પીતા માપમાં આવે એટલું ભાઈ પણ મપાય એટલું અને પુત્ર માપી શકાય એવું સુખ દે છે પણ નહિ મપાય એવી વસ્તુને દેનારા સ્વામીની પાછળ કઈ સ્રી ન જાય! પ્રિયાનું કહેવું અંગીકાર કરી પુત્રને રાજ્ય ઉપર અભીષેક કરી સ્રી

સાથે તરત અરણ્યમાં ગયો. જ્યારે હીમાચળની પાસે ગંગાને તીરે પુરૂષોત્તમ માસ આવ્યો ત્યારે સ્ત્રી પુરૂષ ત્રણે કાળ સ્નાન કરવા લાગ્યા. હે નારદ! પુરૂષોત્તમને પાળી ત્યાં સ્ત્રી સહિત પુરૂષોત્તમને સંભાળતો તે તપ કરવા લાગ્યો. આશ્રય વગર ઉંચા હાથ કરી પગના અંગુઠાથી ઉભેલા આકાશ તરફ જોઈ આહાર તજી તે શ્રી કૃષ્ણને ભજવા લાગ્યો. આ રીતે વ્રત કરવામાં તે રહેતો હતો, ત્યારે હે તપોનીધી! તેની સેવા કરવા તે પતીવ્રતા પટરાણી આવતી હતી, આ પ્રમાણે કરતાં તેનો પુરૂષોત્તમ માસ પુરો થયો ત્યારે ત્યાં તત્કાળ ઘુઘરીયોના પંક્તિથી શોભીત પુન્યશીલ સુશીલ નામના બે દુતોએ સવેલ વીમાન આવ્યું તે જોઇ વીસ્મય પામેલો સ્ત્રી સહિત રાજા વીમાનમાં બેઠેલા પુન્યશીલ તથા સુશીલને નમ્યો ત્યારે તે બેયે સ્ત્રી સહિત તે રાજાને વિમાનમાં આણ્યો. વીમાનમાં બેઠા પછી સ્ત્રી સહિત રાજા તરત સુંદર નવા શરીરને ધરી ગોલોકમાં ગયો. આ પ્રમાણે શ્રી પુરૂષોત્તમ માસમાં રાજા તપ કરી નિર્ભય લોકને પામ્યા; વિષ્ણુની સમીપમાં સુખ પામ્યો તેની જે પતીવ્રતા સ્ત્રી હતી તે પણ પુરૂષોત્તમમાં તપ કરતાં પોતાના પતિને સેવી તે લોકને પામી. શ્રી નારાયણ બોલ્યા

હે નારદ! મારી એક જીભ છે. હું આજ શું વર્ણવી શકું? પૃથ્વી ઉપર પુરૂષોત્તમની સમાન કશું પણ નથી. પુરૂષોને પુરૂષોત્તમની સેવાથી જે ફળ થાય છે; તે હજાર વર્ષ સુધી કરેલા તપથી પણ પમાતું નથી, કોઇ પણ કપટ મીષથી પણ જો તે શ્રી પુરૂષોત્તમ માસમાં ઉપવાસ, દાન, સ્નાન, જપ વગેરે કરવામાં આવે તો કરોડો જન્મમાં કરેલ અનેક પાપોનો સમુહ જે રીતે શ્રી પુરૂષોત્તમ માસમાં અજાણ એવા પણ દુષ્ટ વાંદરાના પુર્વે બનેલા કુકર્મોનો વધારો ફક્ત ત્રણ રાતના નાહ્યાથી નાશ પામ્યો વળી તે દેવ જેવા શરીરને ધરી વીમાનમાં બેસી ગોલો-

કમાં ગયો માટે પુરૂષોત્તમ માસ અતી શ્રેષ્ટ છે. નારદ પૂછવા લાગ્યા વેદમાં મનુષ્યનો અવનાર સર્વ અર્થોને સાધનાર કહેવાય છે. પણ સાક્ષાત જે વાંદર હતો તે મીષવડે સેવ્યાથી મોક્ષ પામ્યો તે કથા સર્વ લોકના હીત માટે મને કહો. હે તપોનિધી! એણે ત્રણ રાત ક્યાં સ્નાન કર્યું, એ વાંદર કોણ, શું ખાનાર, ક્યાં જન્મેલો, કયાં વસતો અને શ્રી પુરૂષોત્તમમાં ક્યા મીષથી તેને શું પુણ્ય થયું? તે વીસ્તારથી મને કહો. શ્રી નારાયણ પૂર્વે કોઇ કેરલ દેશમાં જન્મેલો, અતીલોભી, મધમાખીની પેઠે ધનમાં પ્યાર કરનાર અને તેને લીધેજ જગત્માં કર્દપ એવા નામથી જાહેર થયેલો એક બ્રાહ્મણ હતો. પહેલાં ચીત્રશર્મા એવું નામ પિતાએ ઠરાવેલું હતું. તેણે ખરાબ બુદ્ધિથી સારૂ અન્ન કે સારૂ વસ્ત્ર ભોગવ્યું નહોતું તેમ તેણે સ્વાહા કે સ્વધા પણ ઉચ્ચાર કર્યો નહોતો; યશને માટે કશું કર્યું નહોતું. પોષણ કરવા યોગ્ય લોકોનું પોષણ કર્યું નહોતું. અન્યાયથી મેળવેલું સઘળું ધન પૃથ્વીમાં દાટયું હતું. તેણે કયારે પણ માસમાં તલનું દાન, કાર્તિકમાં દીવાનું દાન અને બ્રાહ્મણોને ભોજન દીધું નહોતું. વૈશાખમાં ધાન્યનું દાન, વ્યતીપાતમાં સોનાનું દાન, વૈધૃતમાં રૂપાનું દાન અને સુર્ય સંક્રાતિમાં કયારે પણ આ સર્વ દાનો દીધાં નહોતાં. કદી પણ ચંદ્ર સુર્યના ગ્રહણને દિવસે જપ કર્યો નહોતો અને હોમ પણ કર્યો નહોતો. વૃદ્ધિ, વાયુ અને તડકાથી કલેશ પામેલ દુર્બળ ને શ્યામ શરીરવાળો આ કર્દપ સઘળે ઠેકાણે દીન વાણી બોલતો હતો, કોઇ પણ જે હોય તે કંઇ પણ મને પામરને આપો, આમ વારંવાર કહેતો મુઢ બુદ્ધિવાળો તે સદા ધનના લોભથી પૃથ્વી ઉપર ભટકતો હતો. ગાય દોવા જેટલી વાર કદી ઉભો રહેતો નથી. શકિત છતાં ધીક્કારથી બળેલો, ઊગ્ર પામેલ મનવાળો તે ભમ્યા કરતો હતો. તેનો મીત્ર કોઇપણ વાડીનો ધણી વનમાં ફરનારો હતો, તેણે વારં-

વાર રોતાં પોતાનું દુઃખ તેને જણાવ્યું. નીરંતર શહેરમાં વસનારા મારો તીરસ્કાર કરે છે આથી શહેરમાં રહી શકાય એમ નથી આમ કહેનારા તે કર્દપની અતી ગરીબ વાણી સાંભળી કૃપાથી ભરેલા માળીએ તેને ગરીબ જાણી દયા કરી હે કર્દપ! તમે હમણાં આ વાડીમાંજ વસો આવું કહ્યું. આવું કહેવું સાંભળી સર્વ નગરના લોકોએ તરછોડેલો તે કર્દપ આનંદવાન થઈ તે વાડીમાં રહ્યો. નીત્ય તેની પાસે રહી તેનો હુકમ માનતો તેથી વાડીના રખવાળે તેમાં દૃઢ વિશ્વાસ કર્યો તેમાં અતી વિશ્વાસવાળું ચીત્ત થવાથી તે વાડીના રખવાળે તે બ્રાહ્મણને પોતાના જેવો વાડીનો રક્ષક કર્યો, પછી સર્વ અંતઃકરણના ભાવથી આ મારો છે એવા નિશ્ચયથી વાડીની ચિંતા છોડી તે રાજાના મહેલને સેવવા લાગ્યો. રાજદ્વારમાં હંમેશ તેનું ઘણું કામ થતું તેથી પરાધીનપણાને લીધે એ વાડીયે જતો નહોતો અને કર્દપ ઘણા આનંદથી તેનાં ફળ ખાતો. બાકી રહેલાં ફળોને અતી લોભ વડે વેચતો હતો વળી તેથી ઉપજેલું સઘળું ધન પોતે શંકા રહિત થઈ લેતો; જ્યારે વનનો રક્ષક પુછે ત્યારે તેની આગળ ઘણું જુઠું બોલતો કે હું શહેરમાં ભટકીને ભીક્ષા માગીને જમીને દિવસ રાત તમારા બાગની ચોકી કરૂં છું, પણ આના ફળો ઉપર બેસી બેસીને પક્ષીઓ ખાઈ જાય છે, જુવો હમણાં કેટલાં પક્ષીઓને મેં મારેલાં છે તેઓને મારીને પિંછાઓ અહીં સઘળે પડેલાં છે, તે જોઈ અતી વિશ્વાસ પામી વાડીનો રક્ષક ચાલ્યો જતો આમ દુષ્ટ બુદ્ધિથી ખખળેલા શરીરવાળા કર્દપના સત્યાશી વર્ષો ગયાં ત્યારે મુઢ બુદ્ધિવાળો તે મરણ પામ્યો. વેદને જાણનારાઓએ કહેલું છે કે નહિ ભોગવેલું પાપ ક્ષય પામતું નથી, એથી અગ્ની તથા લાકડાંઓને પણ પામ્યો નહી. યમનો બંધાએલો તે પાપાત્મા કર્દપ મુંગદળના ઘાથી પીડાનો પ્રથમ કરેલા કર્મને સંભારતો દુષ્ટબુદ્ધિવાળો તે કર્દપ તે હું છું તેનું અજ્ઞાન જુવો.

કે દેવોએ પણ દુઃખે પમાય એવા આ પુણ્યરૂપી કાલીયાર મૃગવાળા ભરતખંડમાં મનુષ્યના દેહને પામી મેં ધનના લોભથી વ્યર્થ જન્મ કહાડયો અને મેં જે ઘણાકાળે મેળવેલું પરાધીન ધન હતું તે પણ વ્યર્થપણાને પમાડયું. આમ તે પોતાની મેળે દુઃખથી અતિ ભયંકર મોટા માર્ગમાં ચાલ્યો. હવે કાળરૂપી પાશથી વીંટાએલ પરાધીન હું શું કરૂં ? મનુષ્યના જન્મને પામી મેં કશું પણ સારૂં કર્યું નહી. મેં દાન દીધું નહિ. હિમાલયની ગુફામાં તપ કર્યું નહિ, પુરૂષોત્તમમાં કોઇ વખતે ઉપવાસ સરખા પણ કર્યા નહી તે વખતે પણ મેં પુરૂષાર્થને દેનારો મનુષ્યનો દેહ વ્યર્થ કર્યો. અહો મારૂં ભેગું કરેલું દ્રવ્ય પૃથ્વીમાં વ્યર્થ રહ્યું ! મેં દુષ્ટ બુદ્ધિથી જીવને જીવતાં કલેશ પમાડયો. કદી પણ પેટના અગ્નિને અન્નોથી તૃપ્ત કર્યો નહિ મેં જ્ઞાતીયો, બાંધવો, સ્વજનો ભાણેજો, જમાત્ર, પુત્રી, પિતા, માતા ન્હાના ભાઇઓ, પતીવ્રતા સ્ત્રીને બ્રાહ્મણોને સંતોષ્યા નહિ આમ વિલાપ કરતાં તેને યમની પાસે લઇ ગયા. તેને જોઇ ચીત્રગુપ્ત એના સારાં નઠારાં કર્મને જોઇ રાજા ધર્મને કહેવા લાગ્યો કે આ બ્રાહ્મણોમાં અધમ છે. ધનલોભી, એણે દુષ્ટ બુદ્ધિના લીધે કશું પણ પુણ્ય નથી કર્યું. આણે વાડીમાં રહી ઘણું પાપ કર્યું છે, પ્રત્યક્ષમાં વાડીના રક્ષકનો વિશ્વાસ થતાં પાછળથી આણે ફળ ચોર્યાં છે. પાકેલાં હતાં તે પોતે ખાતો અને ધનના લોભથી બાકી રહેલાં વેચતો આથી એક ફળની ચોરી વડે કરેલું અને બીજા વિશ્વાસઘાતથી થયેલું પાપ આ બે પાપ આનામાં અતિ આકરાં છે. હે પ્રભુ ! બીજાં પણ અનેક પ્રકારના પાપો આનામાં છે. નારાયણ બોલ્યા હે નારદ ! આવું ચીત્રગુપ્તનું વચન સાંભળી ઘણા ક્રોધથી ભરેલા ધર્મરાજા બોલ્યા કે આ પોતાનાં કૃત્ય પ્રમાણે વાંદરાનો જન્મ પામો અને વિશ્વાસઘાતના કૃત્યથી થયેલું ફળ પછી થશે. આવો શ્રીપુરૂસોત્તમ મહાત્મ્યના કર્દપોપાખ્યાનનો સત્તાવિશમો અધ્યાય પુરો થયો.

## અધ્યાય ૨૮ મો.

**શ્રી નારાયણ બોલ્યા:**—તે સાંભળી ચીત્રગુપ્ત પોતાના યોદ્ધાઓને કહેવા લાગ્યો પ્રથમ આ લોભથી પરાભવ પામ્યો હતો, પછી એણે ચોરી કરી હતી. માટે પ્રથમ પ્રેતપણાને પામી પાછળથી વાંદર થશે ત્યાર પછી હું ઘણા નરકના દુઃખો દઈશ, આમ ચીત્રગુપ્તે ફરમાવેલા ભયંકર યોદ્ધાઓએ તે બ્રાહ્મણને તમાચા લગાવતાં પ્રથમ ફળથી રહીત અને નીર્જન વનમાં પ્રેતપણાને પમાડયો. તે બ્રાહ્મણ બહુ કાળ સુધી પ્રેતની જાતીને પામી ભુખ તરસથી વ્યાકુળ થતો નીત્ય ઘાડા વનમાં ભટકતો પ્રેતના જન્મમાં રહેલાં દુઃખનો અનુભવ કરીને પછી ફળની ચોરીથી વાંદરનો અવતાર જંબુખંડના મનોહર અતી ટાઢા પાણીને છાયાવાળા ફળ ને પુષ્પોવાળા શોભીત કાલઞ્જર નામના પ્રસિદ્ધ પર્વત ઉપર દેવોના રાજાએ બનાવેલો સરોવરના સરખો પુન્યરૂપ, અપ્સરાઓને સેવવા યોગ્ય, પાપને ટાળનારો, દેવોને પણ દુર્લભ મૃગતીર્થ એવા નામે પ્રસિદ્ધ ઉત્તમકુંડ હતો કે જેમાં કરેલાં શ્રાદ્ધથી પીતૃઓ સદ્‌ગતી પામે છે ત્યાં દૈત્યોના ત્રાસથી દેવો મૃગરૂપે બની નીરંતર ભય વીના ફરતા હતા એથી એ મૃગતીર્થ કહેવાય છે ત્યાં એ બ્રાહ્મણ મનુષ્યના દેહમાં ફળની ચોરી કરેલા પાપથી પ્રથમ વાંદરાનો જન્મ પામ્યો નારદ બોલ્યા-ત્રણલોકને પવિત્ર કરાવનારા રમણીય મૃગતીર્થમાં કરોડો પાપવાળા દુષ્ટ વાંદરાનો કેમ નવાસ કર્યો. હે ઋષી! હે નાથ! મારા મનમાં રહેલા સંદેહને દુર કરો સુત બોલ્યા હે બ્રાહ્મણો! એ પ્રમાણે નારદે પુછેલા અતી પ્રસન્ન થયેલા તપના ભંડારરૂપ નારાયણ મુનીને સત્કાર કરતા બોલ્યા શ્રી નારાયણ બોલ્યા—કોઇ ચીત્રકુંડળ નામથી પ્રસિદ્ધ મોટો વૈશ્ય હતો તેની સ્ત્રી પતીવ્રતા તારકા નામની હતી તે બન્નેએ ભકિતથી પુન્યકારી શ્રી પુરૂ-

સોત્તમ માસ કર્યો હતો, ને તે શ્રી પુરૂસોત્તમ માસ પુરો થયો જ્યારે છેલ્લો દિવસ આવ્યો ત્યારે સ્ત્રી સહીત હર્ષવાળા ચીત્રકુંડળે ઉદ્યાપન કર્યું. વેદને વેદના અંગોના પારને પામનારા, સ્ત્રીઓ સહીત ગુણવાળા બ્રાહ્મણોને ઉદ્યાપનનો વિધિ કરવા બોલાવ્યા. હે નારદ! ધનના લોભથી કર્દપ પણ ત્યાં ગયો. જ્યારે ઉદ્યાપનનો વિધિ પુરો થયો, ત્યારે ચિત્ર-કુંડલે, અતી ઉત્તમદાનોથી સ્ત્રીઓ સહીત બ્રાહ્મણોને સંતોષ્યા. સંતોષ પામેલાં સઘળાંઓને ઘણી દક્ષીણાથી સંતોષ પામેલા બ્રાહ્મણો ઘેર ગયા પણ અતી લોભી કર્દપ રાતો રાત તેની અગાડી ઉભો રહ્યો અને વીનયથી ગદગદ બોલ્યો—હે ચિત્રકુંડલ વૈશ્ય! તમે વિધિથી પુરૂસોત્તમ વ્રત સારી રીતે જેવું કર્યું, તેવું કોઇ ઠેકાણે આગળ કોઇએ પણ કર્યું નથી. તમે આજ કૃતાર્થ છો, અને ભાગ્યવાન છો. પિતાને અને માતાને ધન્ય છે કે જેઓ તમારા જેવો વૈષ્ણવ પ્યારા પુત્રને પેદા કર્યો. આ શ્રી પુરૂસોત્તમ માસ ધન્યથી પણ અતી ધન્ય છે કે જેની સેવાથી આ લોકને પરલોકનું ફળ મળે છે, હે વૈષ્ણોના પાળનાર! તમારી પુજા જોઇ હું ચકીત થયો છું. તમે આ મોટું કર્મ કરેલું છે એમાં સંદેહ નથી. હે બહુ દાન દેનારા બ્રાહ્મણોને આનંદથી મોટું ઉત્તમ ધન્ય આપ્યું પણ હું ભાગ્યહીણ હોવાથી મને કેમ નથી આપતા આમ તેણે જણાવ્યાથી ત્યાં એણે ધન આપ્યું, તે તેણે બ્રાહ્મણને આનંદથી આપ્યું, બ્રાહ્મણે ધનને પૃથ્વીમાં દાટ્યું. એણે શ્રી પુરૂષોત્તમ માસની મોટી પુંજી જોઇ અને ધનના લોભથી પુરૂષોત્તમ માસની સ્તુતિ કરી ધનના લોભથી કરેલ એવી પણ પુજાના દર્શનની મોટાઇથી અને પુરૂષોત્તમની સેવાથી મૃગતીર્થમાં આવ્યો. સુત બોલ્યા—જ્યારે ધનના લોભથી સ્તુતિ કરેલ છતાં પણ દર્શન તથા સ્તુતિથી દુષ્ટ વાંદરને પણ તીર્થમાં સારી સેવા થઇ ત્યારે હે દ્વિજો!

પુરૂષોત્તમ દેવની આદર સહિત શ્રદ્ધા વડે દર્શન તથા સ્તુતિ કરનાર સ્ત્રીવાળા પુરૂષને સારાં તીર્થની સેવા થાય એમાં તો કહેવું જ શું? નારદ બોલ્યા—હે બ્રહ્મણ! અતિ શીતળ જળવાળા, સુંદર છાયાવાળા, મનને ખેંચનાર સારાં ઝાડથી શોભિતા અરણ્યમાં તેની વસ્તી થવાનું કારણ કહો? શ્રીનારાયણ બોલ્યા—હે નારદ! અહીં જે સાંભળવાથી પાપને નાશ કરનારૂં કારણ છે તે કહું છું માટે સાંભળો. જ્યારે સર્વ કામના ફળને આપનારા દશરથના પુત્ર રામે સમુદ્રમાં પુલ બાંધી દુષ્ટ રાવણને માર્યો ત્યારે ભગવાને વિભીષણના સિવાય રાક્ષસો બાકી રાખ્યા ન હતા, અને અગ્નિથી શુદ્ધ થયેલાં સીતાને સ્વીકાર્યાં હતાં એ સમયે દશમુખવાળા રાવણના વધથી પ્રસન્ન થયેલા બ્રહ્મા, મહાદેવ, ઇંદ્ર વગેરે દેવોએ હે રામ! તમે વરદાન માગો એમ કહ્યું ત્યારે ભક્તોનો અભય કરનારા રામ બોલ્યા—હે દેવો હમણાં તમારે જો વાંદરાને દેવું હોય તો મારૂં વચન સાંભળો. અહીં રાક્ષસોએ જે સુરા વાંદરોને હણ્યા છે તેઓને તુર્ત મારી આજ્ઞાથી અમૃતની વૃષ્ટિ વડે જીવતા કરો. આવી શ્રીરામની આજ્ઞાથી બ્રહ્મા, મહાદેવ, ઇંદ્ર વગેરે દેવોએ અમૃતની વૃષ્ટિથી વાંદરાને જીવાડ્યા તે વખતે જીવતા રાખેલા જીતથી શોભનાર સઘળા વાંદરો ઘણીવાર સુઇને ઉઠેલા હોય તેમ રામને ભેટ્યા પછી પુષ્પક વિમાનમાં બેસી સ્ત્રીસહિત પ્રસન્ન મુખકમળવાળા રામે સર્વ બાજુમાં બેઠેલા વાંદરને કહ્યું, શ્રીરામ બોલ્યા—હે સુગ્રીવ ને હનુમાન! હે તારાના પુત્ર! હે જાંબુવાન! તમે વાંદરાઓની સાથે સઘળું મિત્રનું કામ કર્યું. હવે તમે તે સઘળાં વાંદરોને અહીંથી રજા આપો અને તમારી આજ્ઞા આપવા પછી સઘળાંઓ ઇચ્છા પ્રમાણે જાઓ. જ્યાં જ્યાં વનમાં આ મારા ઘણો કાળ જીવનારા વાંદરો વસશે ત્યાં ફુલ ને ફળવાળા વૃક્ષો, મીઠાં પાણીવાળી નદીઓ અથવા શીતળ સુંદર

સરોવર થશે. અને વાંદરાનો પરાભવ થશે નહી માટે સબળા મારી આજ્ઞાથી જાઓ. આથી રામના સામર્થ્યને લીધે જ્યાં વાંદરોની જાત હોય છે ત્યાં વનમાં મીઠા પાણીવાળી નદીઓ તથા સુંદર તળાવ હોય છે; વળી શોભીત ફળવાળાં, પુષ્પ પત્રવાળાં મોટાં ઝાડ હોય છે, પણ સુખદુઃખો પાછળના કર્મોથી થાય છે, અને નહી ભોગવેલાં કર્મ નાશ થતાં જ નથી આમ વેદની આજ્ઞા છે. શ્રી નારાયણ બોલ્યા—પછી તે ઘણી ભુખતરસવાળો અતિ લોભી એ વાંદર મોટો થયો તથા પીડાવા લાગ્યો જન્મથી તેના મુખ ઉપર ગરમીથી થયેલી પીડા હતી. અતિ વેદના પામવાથી એ વાંદર કદી પણ ખાવા શકિતમાન થતો નહી પણ તે વાંદરપણાની ચપલતાથી વૃક્ષોથી સારાં ફળ તોડી મુખની પાસે લઇ વારંવાર તજી દેતા અને એ વાંદર કદીએ પીડાથી એક ઠેકાણે બેસી શકતો નહી. એક ઝાડથી બીજા ઝાડ ઉપર જતાં કોઈ વખતે અતી દુઃખ પામતો વિલાપ કરવા લાગ્યો. પાણીથી જુદા પડેલા માછલાના સરખો ભુખને તરસથી જોડાયેલા બળતા દુઃખવાળો શરીરની પીડાથી રોવા લાગતો આવું પૂર્વ જન્મમાં કરેલાં પાપથી દુઃખ પામ્યો. આમ દુઃખ પામતાં પુરૂષોત્તમ માસ આવ્યો. વાયુ વગેરેથી પીડા પામેલો કોઇ વખતે અંધારીઆ પક્ષમાં ગાઢા વનમાં ફરતો તૃષા પામેલો કોઇ કુંડની પાસે પાણી પી શકયો નહિ અને જળથી કુંડ ભરેલો છતાં પણ ચપળતાથી ત્યાં ઉંચા ઝાડ ઉપર ચઢયો, એક ઝાડથી બીજા ઝાડ ઉપર જતો કુંડની વચમાં પડયો હતો. બહુ કાળ સુધી ખાધા વિના શીથીલ ઈંદ્રિયોથી છુટ્ટો થયેલો બળ વિનાનો ને શીથીલ પ્રાણવાળો હોવાથી કુંડની પડખાના ભાગમાં રહ્યો. એ રીતે દશમના દીવસથી શ્રી પુરૂષોત્તમ માસમાં કુંડ વિષે દોડતાં વાંદરના ચાર દિવસો ગયા, પાંચમો દીવસ

આવ્યો ત્યારે મધ્યાન્હને વખતે પ્રાણથી રહીત થતાં તે તીર્થમાં પડયે અને પાણીથી ભિંજાએલ શરીરવાળો તે વાંદર અંતઃકરણની મલીનતા મટવાથી તે દેહને તજી તરત દેવતાઇ આભુષણોથી શોભીત અતી સુંદર કુંડળોથી યુકત પીળાં વસ્ત્રવાળાં પુણ્યરૂપ સારા રત્નોવાળી કટીમેખલા-વાળાં બાજુ બંધને કડાથી શોભિત અને અતિ સુંદર કેશોથી વીંટાએલ સુંદર મુખવાળા શરીરને પામ્યો તે વખતે વૈષ્ણવોએ આશ્રય કરેલું નોબત, મૃદંગ, ઢોલ, વેણુ ને વીણાના મોટા અવાજવાળું નાચતી દેવોની સ્ત્રીઓથી શોભીત ગાતા ગાંધર્વ ને કીનરવાળું વિમાન આવ્યું તે જોઇ શોભીત શરીરને ધરનાર વાંદર ઘણો વિસ્મય પામ્યો કે મોટાં પાપો થવાથી મને આ અતિ પુણ્યવાળાને યોગ્ય એવું વિમાન અને સુખ ક્યાંથી એ પછી કોઇ સ્ત્રીએ ચંદ્રના જેવી કાન્તીવાળું છત્ર તેની ઉપર ધર્યું. કોઈ બે અપ્સરાએ આનંદથી તેની ઉપર ચામર, કોઇ વાજીંત્ર હાથમાં લઇ અપ્સરાઓ તેની પાસે નાચ કરવા લાગી, ગાવા ને વગાડવામાં તત્પર એવી કોઈ હાથમાં ગંગા નદીના પાણીથી ભરેલી સોનાની ઝારીને ધરી તેની પાસે ઉભી. આવો વૈભવ જોઇ ચિત્રમાં આલેખેલ હોય એવો બન્યો. પુન્યથી રહિત તે દુષ્ટબુધ્ધિ છતાં મને આ શું અને કયા પુન્યથી થયું. મેં કશું પણ સારૂં કર્યું નથી કે જેથી વિષ્ણુના પદને પામું.

**શ્રી નારાયણ બોલ્યા:**—આમ પાસે દેવતાઈ વિમાનને જોઇ મોટા સુખના ખજાનાનો તર્ક કરતાં વિસ્મય પામેલ ચીત્તવાળા એ વાંદરના ઉત્તમ અભીપ્રાયને જાણી વિષ્ણુના યોધ્ધાઓ વાંદરના જન્મને તજી પાસે રહેલા તે પ્રત્યે બંને પગે લાગી હાથ જોડી વીનય સહીત તે સુંદર વચન બોલ્યા. આવો શ્રી નારાયણ ને નારદના સંવાદમાં વાંદરની જાતીમાં વીમાન આવ્યાનો અઠયાવીશમો અધ્યાય પૂર્ણ થયો. ॥૨૮॥

## અધ્યાય ૨૯ મો.

પુન્યશીળ ને સુશીળ બોલ્યા—હે પ્રભુ ! તમે ગૌલોકમાં જાઓ. અહિં કેમ વિલંબ કરો છો ? તમે મોટાઇથી પુરૂષોત્તમનું સમીપપણું મેળવેલ છે. કર્દપ બોલ્યા—મારે ઘણીવાર ભોગવવાના ઘણા કર્મો છે. કયા કર્મથી મને પાપની નીવૃતા થઇ કે જેથી હું ગૌલોકમાં જાઉં, વરસાદની ધારા છે, જેટલા ઘાસ, જેટલા રજકણો અને આકાશમાં જેટલા તારાઓ છે તેટલાં મારાં પાપો છે એમ છતાં મનોહર દેવતાઇ શરીર મેં કેમ મેળવ્યું. હે વિષ્ણુના વહાલા દુતો ! એ અતી મોટું કારણ મને કહો. શ્રી નારાયણ બોલ્યા. આવી વાણી સાંભળી વિષ્ણુના બે દુતોએ કહ્યું—અહો દેવ ! કેમ તમે આવું મોટું સાધન જાણ્યું નહી. હે પ્રભુ ! શાથી પુરૂસોત્તમ એ રીતે પ્રસિદ્ધ માસને નથી જાણતા તે માસમાં તમે દેવોએ પણ જે નહી થઇ શકે તેવું તપ કર્યું પણ હે મહારાજ ! વનમાં વાંદરાના દેહથી જાણ્યું નહી. મુખના રોગથી અજાણતાં તમને નહી ખાવાનું વ્રત થયું. તમે વાંદરની જાણીતી ચપળતાથી લુમખાથી તોડી ફળો પૃથ્વી ઉપર ફેંકયા હતા, તેઓથી બીજા જનો તૃપ્ત થયા હતા. તમે ઘણી વાર અંદરના દુ:ખથી પાણી પણ પીધું નહોતું તેથી હે પાપ રહીત તમને અજાણતાં પુરૂષોત્તમમાં મોટું તપ થયું અને ફળ પાડવાથી તમને પરોપકાર થયો. વનમાં ફરતાં ભયંકર ટાઢ, વાયુ ને તડકા સહન કર્યાં. રમણીય ઉત્તમ મોટા તીર્થમાં પાંચ દિવસ સ્નાન કર્યું તેથી તનને શ્રી પુરૂષોત્તમ માસમાં સ્નાનથી થતું પુણ્ય થયું. આમ કરવાથી તમને અજાણતાં ઉત્તમ તપ થયું તે આ સફળ થયું કે હમણાં તમે અનુભવ્યું માટે શ્રદ્ધાથી આ શ્રી પુરૂષોત્તમ માસમાં ઉત્તમ મહાત્મ્ય ને કર્મ કરનારને સફળતા થાય એમાં શું નવાઇ ! જે માસમાં એક ઉપવાસથી

પાપોના સમુદ્રોથી છુટાય છે તેમાં તમે જે પોતાનું કામ સાધ્યું છે તેનું કરવા કોણ શક્તિવાન છે! આની બરોબર કશું પણ પુરૂષોત્તમની પ્રસન્નતાને આપનારૂં માટે જેઓ તેનું વ્રત કરે છે તેઓ પુણ્યવાન છે. પૃથ્વીના ભાગમાં ભારતખંડરૂપી આંગણામાં મનુષ્યનો જન્મ મળવો મુશ્કેલ છે. તેવા જન્મને મેળવી જેઓ પુરૂષોત્તમને સેવે છે તેઓ સદા સારા ભાગ્યવાળા અને પુણ્યવાળા છે. વળી જેઓને સ્નાન, દાન કે જપથી સર્વોતમ માસ ગયો છે તેઓનો જન્મ સફળ છે, પુરૂષોત્તમ માસ આવે ત્યારે જુદા જુદા પ્રકારના દાનો, પિતૃના કાર્યો તથા તપ છે તેઓ કરોડ ઘણા થાય છે. માટે પુરૂષોત્તમ માસને પામી જે સ્નાન અને દાનથી રહીત છે તે નાસ્તિક, પાપીશડ ધર્મ-ધ્વંશ અને ખલ માણસને ધિક્કાર છે. શ્રી નારાયણ બોલ્યા તે પુષ્પ-શીળને સુશીલે પોતાનું નહિ જોયેલું જે કર્મ વર્ણવ્યું તેને સાંભળી વિસ્મયથી હર્ષ પામેલો ઉભા થતાં રૂવાડાંઓથી ચિન્હયુક્ત શરીર-વાળો તે તીર્થના દેવોને પગે લાગી પછી કાલંજર પર્વતને વનના અધિપતિયો, લતા, ગુલ્મ તથા વૃક્ષોને નમ્યો તે પછી વિમાનને પ્રદક્ષિણા કરી વિનયવાળો મેઘના જેવો શ્યામ, શોભિતા પીળાં વસ્ત્રોથી વિંટાએલો તે સઘળાઓના દેખતા કિન્નરો વગેરેએ વારંવાર વાજીંત્રો વગાડતાં ગંધર્વો વગેરેએ સ્તુતી કરેલો વિમાનમાં બેઠો. આનંદયુક્ત ધીરે ધીરે ફુલો વરસાવતા ઇંદ્ર વગેરે દેવોએ આદર સહિત પુજા કરી ત્યાર પછી આનંદ સહિત, યોગિઓએ દુઃખે પમાય એવા, ગોપ ગોપીકાઓએ સેવવા લાયક અને રાસમંડળથી શોભીત ગૌલોકમાં ગયો અને બે ભુજાવાળા મુરલીધર શ્રી પુરુષોત્તમને જોઇ અત્યંત આનંદ પામ્યો. શ્રી નારાયણ બોલ્યા આ આશ્ચર્ય જોઈ અતી વિસ્મય પામેલા સઘળા દેવો પુરુષોતમને વખાણતા પોતપોતાના સ્થાનમાં ગયા.

નારદ બોલ્યા-હે તપોધન! તમે દિવસના પ્રથમ ભાગમાં કરવાનું આન્હિક કહ્યું તે દિવસનો બીજો ભાગ થતાં કેમ કરવું તે કૃપા કરી મને કહો. શ્રી નારાયણ બોલ્યા-પ્રાતઃકાળમાં કરવા કહેલું કર્મ વિધિ પ્રમાણે પુરૂં કરી તે પછી મધ્યાન્હની સંધ્યા કરી તલથી તર્પણ કરવું. દેવતાઓ, મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, સિધ્ધો, યક્ષ નાગ દૈત્ય, સમુહ પ્રેત, પિશાચો અને સર્પો આ સર્વે જેઓ અહીં મેં આપેલાં અન્નને ચાહતા હોય તે અંગીકાર કરો એમ કહેવું. પછી પાંચ મહાયજ્ઞો કરવા ને પછી ભુતબળી કાગનો બળી અને કુતરાનો બળી આપી પછીથી ઉપર પ્રમાણે કહેતાં ફરી જુદાં જુદાં સર્વ પ્રાણીને બળીદાન દેવું તે પછી શ્રદ્ધાવડે વિધિ પ્રમાણે આચમન લઇ પ્રસન્ન મનથી અતિથીને લેવા. બારણા તરફ ગાય દોવાય તેટલી વાર નજર કરવી જો ભાગ્યથી અતીથી મળે તો પ્રથમ વચનથી સત્કાર કરી સારી બુદ્ધિની પેઠે તેની પુજા કરવી અને શક્તિ પ્રમાણે ઉત્તમ ભાવથી અન્નદાનથી પ્રસન્ન કરવો. બ્રહ્મચારી ભીક્ષુકને સરળા અથાણાંઓ સહિત બનાવેલા અન્નમાંથી લઇ વિધિ પ્રમાણે ભીક્ષા દેવી. યતિ ને બ્રહ્મચારી એ બે રાંધેલા અન્નના સ્વામી છે માટે તે બેને અન્ન આપ્યા વગર જમવાથી ચાંદ્રાયણ કરવું જોઇએ. અતિથીને હાથમાં પ્રથમ પાણી દેવું, પછી ભીક્ષા દઇ ફરી પાણી દેવું કેમકે તે ભીક્ષા મેરૂને બરાબર અને તે પાણી સમુદ્રની સમાન થાય છે. જે લોક સત્કાર કરી ભીક્ષુને ભીક્ષા દે છે તેને ગાયના દાનની બરાબર પુણ્ય થાય છે આવું ભગવાને તેમ કહેલ છે તે પછી પૂર્વમાં મુખ કરી ચુપ રહી ભોજન કરવું. ઉત્તમ પવિત્ર વાસણમાં અન્નને લઇ જમવું. પોતે આસન ઉપર બેસી સ્વસ્થ ચિત્તથી ને પ્રસન્ન બુદ્ધિથી જમવું. જે એકલો જ પોતાના કાંસાના વાસણમાં જમે છે તેના આયુષ્ય, બુદ્ધિ યશ ને બળ આ

ચાર વાના વધે છે. 'सत्यंत्वर्ते' એ મંત્રથી હાથમાં પાણી લઈ છાંટી ઘીવાળું ને મીઠા હાથવાળું જમવું. અન્નમાંથી જરાક ઉત્તમ અન્ન લઈ પ્રથમ એવું કહેવું કે ભુપતિને નમું છું. ભુવનના પતિને નમું છું, ભુતોના પતિને નમું છું; એમ કહી પછી ત્રણ બળી આપવા. આપ્યા પછી ધર્મને બળી દઇ ચિત્રગુપ્તને બળી દઈ ભુતોને બળી દેવું, જે કોઇ ઠેકાણે રહેલા ભુખ ને તરસથી દુઃખી મનવાળા પ્રાણીથી તૃપ્તિ આ અન્ન સુખ થાય તે રીતે ખુટે નહિ એવું થાઓ. પ્રથમ ઓંકારનો ઉચ્ચાર કરી છેવટ સ્વાહા કહી પ્રાણવાયુને તે પછી વ્યાન વાયુને પછી ઉદાન અને ત્યાર પછી સમાન વાયુને દેવા. ઘીવાળું અન્ન જીભને નહિ અડતાં પાંચવાર ગળવું તે પછી તેમાં મન રાખનાર બની બળ ને આરોગ્ય મનુષ્ય છોડતો નથી. મુનીઓએ સાઠ કોળીઆ ખાવા. વનમાં વસનારે સોળ અને ગૃહસ્થે બત્રીસ કોળીઆ ખાવા. બ્રહ્મચારીએ યથાસ્થિત ખાવું. બ્રાહ્મણે શાસ્ત્રથી વિરૂદ્ધ ભક્ષ્ય ને ભોજન ખાવું નહિ, સુકું ને ઠંડુ ભોજન નહિ ખાવા યોગ્ય કહેલ છે. ઘી ને દુધપાક સિવાય સઘળું શેષ ભાગ સહિત ખાવું અને બાકી રહેલ હોય તે જમી રહ્યા પછી આંગળીના અગ્ર ભાગોમાં રાખી અંજળીને પાણીથી ભરેલ કરી તેનું અર્ધું પીને આંગળીઓના અગ્ર ભાગોમાં રહેલ અન્ન પૃથ્વી ઉપર નાંખી વિદ્વાને મંત્ર ભણવો કે મેં આપેલું જલ રાખ, પુય, થિક્રય અને પદમાર્બુદ આ નરકોમાં વસનારા, મારા પ્રાણીને ચાહનારાઓને ખુટે નહિ તેવું થઇ પહોંચો. આ પછી શેષ રહેલ જળ તે અન્ન ઉપર છાંટવું આમ નહિ કરે તે બ્રહ્મણ પાપના ભોગવનાર થાય છે અને વિધિ કરવાથી શુદ્ધ બને છે.

આ ઉપર કહેલ મંત્રથી પાણી છાંટી રહ્યા પછી દાંતની શુદ્ધિ કરવી. પછી આચમન લઈ જરા ભીના હાથથી વાસણને દુર મુકી

તે પછી બહાર બેસી સાવધાન થઇ માટીને શુદ્ધ પાણીથી મુખ ને હાથ ધોવા, સોળ કોગળા કરી શુદ્ધ થઇ સુખે બેસી આગળ કહેલા મંત્રના અર્થ કરતા પેટ ઉપર હાથ ફેરવવો. આહાર પચવા માટે અગસ્ત્ય, કુંભકર્ણ, શનિ, વડવાગ્નિ અને પાંચમા ભીમસેનને સંભારવો. જેણે વાતાપિને માર્યો, વાતાપિને નાશ પમાડયો અને જેણે સમુદ્રને શોષી લીધો તે અગસ્ત્ય મને પ્રસન્ન થાઓ એમ કહી પેટ ઉપર હાથ ફેરવ્યા પછી આનંદથી શ્રી કૃષ્ણદેવનું સ્મરણ કરવું. ફરી આચમન લઇ તે પછી પાન બીડું ખાવું. જમીને બેઠેલાએ મારા માર્ગનો વિરોધ નહિ કરનારા સારા શસ્ત્ર વગેરેના વિનોદ સાથે પરબ્રહ્મરૂપ શ્રી કૃષ્ણનો વિચાર કરવો તે પછી સર્વ રીતે આજીવીકા રહિત હોય તો પણ બે ઘડીવાર સારી બુદ્ધિવાળાએ સ્વસ્થ મનથી વેદાંતનું શ્રવણ કરવું. તે સાંભળવાથી ધર્મને જાણે છે, મોહ મટે છે અને જ્ઞાન અમૃતને મેળવે છે, વીચાર નાશ પામે છે, માટે શ્રવણ થયા પછી બહાર જઇ સુખ થાય તેમ વ્યવહાર કરવો અને મનથી સર્વ કામની સિદ્ધિને દેનારા શ્રી કૃષ્ણનું ધ્યાન કરવું. સાંજે નદી ઉપર જઇ અથવા ઘેર પગ ધોઇ પવિત્રી સહિત સાયંકાળની સંધ્યા કરતો નથી તે ગાયના વધને પામે છે તથા મરણ પછી રૌરવ નર્કને પામે છે. તથા કાળ જતો રહે. સંકટ હોય કે માર્ગમાં રહેલ હોય તો પણ ઉત્તમ બ્રાહ્મણે અર્ધ રાત્રી સુધીમાં સાયંકાળની સંધ્યા કરવી. જે શ્રદ્ધાવાળો બ્રાહ્મણ ત્રિકાળ સંધ્યાથી ઉપવાસ કરે છે તેનું તેજ સદા ઘીથી જેમ અગ્નિ વધે તેમ વધે છે. અર્ધ આથમેલો સુર્ય હોય ત્યારે સાયંકાળની સંધ્યા, પ્રાણાયામ કરી જળ દેવતાવાળા ( **आपोहिष्ठ** ) મંત્રથી પ્રેક્ષણ કરી કરાવી સાયંકાળમાં **सुर्यश्चमा** એ મંત્રથી ને પ્રાતઃકાળમાં **अग्निश्चमा** એ મંત્રથી

આચમન કરવું. વાણીને નીયમમાં રાખી અતી સાવધાન થઈ પુર્વ તરફ મુખ રાખી બેસવું તે પછી ઓંકાર ને વ્યાહતી સહીત ગાયત્રીનો રૂદ્રાક્ષની માળા લઈ સારી રીતે તારાઓને ઉદય થયા સુધી જપ કરવા. જળદેવતાઓની રૂચીઓથી સુર્યની સ્તુતિ કરી પ્રદક્ષિણા કરી દીશાઓને નમન કરતાં જુદા જુદા દીશાઓના સ્વામીઓને નમસ્કાર કરવા. સાયંકાળની સંધ્યાને સેવી અગ્નિને હોમીને પછીથી નોકરોથી મળી અતિ તૃપ્ત ન થતાં સાધારણ જમવું. જમીને સુખેથી શયન કરવું. નહી જમવું હોય તો પણ પ્રાતઃકાળ અને સાયંકાળમાં હમેશાં વૈશ્વદેવને બળી દેવાનું કર્મ કરવું. નહી કરવાથી પાપ ભોગી થવાય છે. તે કારણથી પગ વગેરેની પવીત્રતા કરી ગૃહસ્થે સાયંકાળે ભોજન કરી તે પછી કોમળ ઓશીકાંવાળી શય્યા ઉપર સુવું. પોતાને ઘેર પુર્વ તરફ મસ્તક રાખી, સાસરાને ઘેર દક્ષીણ દિશા તરફ મસ્તક રાખી, પરદેશમાં પશ્ચિમ તરફ મસ્તક રાખી સુવું નહિ. રાતે અગત્સ્ય માધવ મહાબલ મુકુન્દ કપીલ અને આસ્તીક મુની આ પાંચ સુખથી સુનારા દેવો છે તે સુખે સુનારા દેવોને સંભારી રાત્રીસુકતને બોલી અવિનાશી વિષ્ણુને નમી સાવધાનપણામાં રહી સુવું. પ્રથમ મંગલ રૂપ પાણીથી ભરેલ લોટાને મસ્તકને ઠેકાણે રાખી વેદના ગરૂડ મંત્રથી રક્ષા કરી પીછીથી સુવું. સદા પોતાની સ્ત્રીમાં પ્રીતીમાન થતાં રૂતુને વખતે તેની પાસે જવું. વળી વ્રતવાળાએ રમવાની ઈચ્છાથી પર્વણી વિના એ પાસે જવું. પ્રદેશ ને પાછલો પહોર એ બે વેદના અભ્યાસથી ગાળવા. બે પોહોર સુનારા માણુસ બ્રહ્મપણાને પામનાર થાય છે. આ સઘળું દિવસે ગૃહસ્થોને સારી રીતે ગૃહસ્થાશ્રમના લક્ષણવાળું પુર્ણ કર્મ સંપુર્ણથી કરવું. હીંસા ન કરવી, સાચું બોલવું, સર્વ પ્રાણીઓની દયા, શાંતી, શકિત પ્રમાણે દાન. આ ગૃહસ્થનો ધર્મ

કહેવાય છે, પારકી સ્રીને સ્પર્શ ન કરવો, ધર્મથી વરેલી સ્રીનું રક્ષણ કરવું. અપવીત્ર વસ્તુનો અને મદ્ય તથા માંસનો ત્યાગ આ પાંચ પ્રકારનો નીયમ સુખને ઉપજાવનારો હોવાથી ધર્મને મુખ્ય માનનારા પ્રાણીયોએ પાળવો. શ્રી નારાયણ બોલ્યા—હે મુનિ! આ સધળા વેદના કહેલ સારાં ચરિત્રવાળું, ગૃહસ્થાશ્રમનું લક્ષણ તમને સારી રીતે લોકના હીત માટે ટુંકાણમાં કહ્યું. આવો પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રી નારાયણ ને નારદ સંવાદમાં અન્હીકકન નામે ઓગણત્રીશમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૨૯ ॥

## અધ્યાય ૩૦ મો.

નારદ બોલ્યા—હે તપના ખજાનારુપ! પ્રથમ તમે પતીવ્રતા સ્રીની સ્તુતી કરી હવે સધળાં તેના લક્ષણો મને ટુંકાણથી કહો. સુત બોલ્યા—હે પૃથ્વીના દેવો આ પ્રમાણે નારદે પ્રેરણા કરેલા જુની મુની નારયણ પોતે પતીવ્રતામાં સર્વ લક્ષણો કહેવા લાગ્યા. શ્રી નારાયણ બોલ્યા —હે નારદ સતી સ્રીયોનું ઉત્તમ વ્રત કહું છું તે સાભળો. સારી સ્રીએ પતી ખરાબ રૂપવાળો, દુરાચારી, ખરાબ સ્વભાવવાળો, રોગી, પીશાચ જેવો ક્રોધી, દારુપીનારો, વૃદ્ધ, બેવકુફ, મુગો, આંધળો, બોડો, ભયંકર દરીદ્ર, કદર્ય, નીંદીત, બીકણ, કપટી કે પરસ્રીમાં લંપટ હોય તો પણ સ્રીએ સ્વામીનું અવગુણ કરવું નહિ. બાળક જુવાન અને વૃધ્ધ સ્રીએ પણ ઘરોમાં સ્વતંત્રતાથી કશું કામ કરવું નહિ. સદા ગર્વ તજીને પછી કામ ક્રોધને તજી પતીના મનને રંજન કરવું પણ બીજાનું મનરંજન કરવું નહિ. બીજાએ ધનોથી લોભ પમાડેલી છતાં જે સ્રી મન, વાણી શરીર ને કર્મથી બીજા પુરૂષને સેવતી નથી તે સતી પતીવ્રતા જાણવી. સારી સ્રી અનેક પ્રયત્ન કરેલ છતાં બળાત્કારે રોકી છતાં અને વસ્રો વગેરેથી લાલચ આપે છતાં પણ બીજાને સેવતી નથી. સારી

સ્ત્રીઓને બીજો મનુષ્ય કે ગંધર્વ હોય પણ પોતાના પતી શીવાય બીજો કોઈ પ્યારો નથી માટે કદી પણ સ્ત્રીયે પતીનું અપ્રિય આચરણ કરવું નહી. જે પતી જમે ત્યારે જમે છે, જે પતી દુઃખ પામે ત્યારે દુઃખ પામે છે, પતી આનંદ પામે ત્યારે અતી આનંદ પામે છે, પતી પરદેશ જાય ત્યારે મેલાં વસ્ત્ર પહેરે છે, ને પતી સુવે ત્યારે સુવે છે. પ્રથમ જાગે છે, પતી મરણ પામે ત્યારે અગ્નીમાં પ્રવેશ કરે છે અને જે મનમાં બીજાને ચાહતી નથી તે પતીવ્રતા જાણવી તેણે સાસુ સસરાની અને પતીની સેવા કરવી નિરંતર મુખ પ્રસન્ન રાખવું. સમય પ્રમાણે જમાડવા અને કદી પણ જમતા પતી પ્રત્યે અપ્રીય બોલવું નહી. દાનને અર્થે આપેલા ધનમાંથી લોભથી કશું પણ ધન દેવું નહી. બીજાની સાથે બહુ બોલવું નહી. અસંતોષ, બીજાના વ્યાપારની વાતો, અતી હસવું, અતીરોષ અને ક્રોધ આ સર્વ તજવાં. પતી જે ન પીયે, પતી જે નહી જમે તે સઘળું સારી સ્ત્રીએ તજવું. સારી સ્ત્રીએ પતીના આનંદ સારુ તેલ મસળવું, પીઠી સ્નાન, શરીરે ચોળી નાહવાની ક્રીયા અને દાંતોની શુદ્ધિ કરવી. હે મુની! ત્રેતાથી માંડી સ્ત્રીઓને મહીને મહીને રૂતુ આવે છે ત્યારે ત્રણ દીવસ છોડ્યા પછી ઘર કામમાં તે શુદ્ધ થાય છે. પહેલે દીવસે ચંડાલણી, બીજે દીવસે બ્રહ્મહત્યારી, ત્રીજે દીવસે ધોબણ જેવી કહેલ છે અને ચોથે દીવસે ચોખ્ખી થાય છે, અભડાએલ સ્ત્રીયો સ્નાન, પવીત્રતા, ગાવું, રોવું, હસવું, ફરવું, આંજણ આંજવું, જુગટું રમવું, વધારેપણાથી દીવસે સુવું, દાતણ કરવું, દેવતાની

પૂજા અને દેવોને નમસ્કાર આ સર્વનો ત્યાગ કરવો તેમ બીજાએ રજસ્વલાને અને તેની સાથે બોલવું તજવું. રજસ્વલાએ ત્રણ રાત સુધી પોતાનું મુખ દેખાડવું નહી. જ્યાં સુધી નાહી શુદ્ધ નહી થાય ત્યાં સુધી પોતાનું વચન પણ ન સંભાળવું. રજસ્વલા સ્ત્રીયે નાહીને બીજા પુરૂષને જોવો નહિ સુર્ય દેવતાનું દર્શન કરવું અને પછી દાભના સ્પર્શવાળું પાણી પાન કરવું. ઉત્તમ સ્ત્રીયે બહારની શુદ્ધિ સારૂ ફક્ત પંચગવ્ય ને દુધ પીવું. અને ઉપદેશ પ્રમાણે નીયમથી વર્તવું. જ્યારે સ્ત્રી ગર્ભવાળી હોય ત્યારે નીયમમાં તત્પર શણગારી સારી રીતે ચાલનાર પતીના પ્યારમાં, હીતમાં અને ધર્મમાં પ્રીતીમાન, પવીત્ર રક્ષા કરનાર, સારાં ઘરેણાં યુકત વસ્તુની તત્પર, અને પ્રસન્ન મુખવાળું થઇ રહેવું. સુંદર સ્ત્રીને ખરાબ બોલનારી નારીઓ સાથે બોલવું નહિ. વિંજણાનો વા લેવો નહિ. મરેલ બાળકનો વગેરેનો સ્પર્શ કરવો નહી, અને બીજાની કરેલી રસોઇ જમવી નહી, ભય કે કંટાળો ઉપજાવે એવું કશું પણ જોવું નહી: ભયંકર કથા સાંભળવી નહી, અપચામાં ભારે કે અતિ ઉનો આહાર કરવો નહી, આ વીધીથી સારી સ્ત્રી સારા પુત્રને પામે છે, પતીથી છેટે વસવું નહિ, પારકા લોકને વિલાસથી જોવા નહી, પણ વીલા-સથી પતિનું મુખરૂપ કમળ જોવું, પતી ક્લેશને યોગ્ય છતાં વ્યથા પામતાં પણ પતીવ્રતા સ્ત્રીએ ભય તજી પતીને કંટાળો આપવા રેવું નહી, અને તે તરફ ઘોંઘાટ પણ કરવા નહી, સ્ત્રીએ પોતાના ઘરથી બહાર નાસી જવું નહી, જો ઉત્સવ વગેરેમાં પોતાના ભાઇને ઘેર જવું

પડે તો ધણીની સાથે નોકર રાખી જવું. જ્યારે પતી પરદેશ જવા તૈયાર હોય ત્યારે સારૂં મંગળકારી બોલવું, પણ નહી જાઓ, એવું કહી તેને વારવો નહી. પતિ બીજા દેશમાં ગયો હોય ત્યારે સદા શરીરનો મેલ ન કાઢતાં સ્ત્રીએ જીવનની રક્ષા માટે નીંદાથી રહીત કર્મ કરવું. સાસુ સસરાને પડખે નિંદ્રા કરવી નહિ. ચાંલ્લો કપાળે કરવો નહી, અને આંખે કાજળ આંજવું નહિ. પતિ બોલાવે તો તરત ઘરના કામ છોડી જવું અને નીતિથી જે કામ બતાવે તે આદર સત્કારથી કરવું. કદી એકલું જવું નહિ, કદીપણ નાવા જવું નહી અને કદી પણ સારી સ્ત્રીએ પતિનો દોષ કરનારી સ્ત્રીને સાધવી કહેવી નહિ. પતિએ બોલાવી જે નારી ક્રોધથી તત્પર થતાં જવાબ દે છે તે ગામમાં કુતરી અને નિર્જન વનમાં શીયાલણ થાય છે. સ્ત્રીઓને એક જ નિયમ કહેલ છે કે સ્વામીના ચરણોને પુજી સ્ત્રીએ સદા જમવું. જે સ્વામીને તજી એકલું મીઠું જમે છે તે ચાન્ડાલ થાય છે. જે અહંકાર કરી અપ્રીય બોલે છે તે મુંગીજ થાય છે. જે સદા શોકયની અદેખાય કરે છે તે બીજા જન્મમાં ખરાબ ભાગ્યોવાળી થાય છે. જે પતીને બહારથી આવેલ જોઇ ઉતાવળી પાણી, ભોજન, તાંબુલ, પંખા, પગચંપી વગેરે અતી પ્યારમાં પ્યારા વાકયો વડે સારી રીતે સેવે છે તેને પંડિતોએ પતિવ્રતાઓના મસ્તકના રત્નરૂપ સ્ત્રી કહેલી છે. સઘળા અમંગળ પદાર્થોમાં વીધવા સ્ત્રી અમંગળવાળી છે. વીધવાને જોવાથી ક્યારે કયાંય પણ સિદ્ધિ થતી નથી. માટે આશીર્વાદને દેનારી એક માતા સીવાય સર્વ વીધવા એવી બીજી સ્ત્રીની આશીષને પણ બુદ્ધિવાને

તજવી. જે રીતે સર્પને ઝાલનાર વાદી જોરથી રાફડામાંથી સર્પને કહાડે છે એ રીતે સતી સ્ત્રીએ યમદુતોથી છોડાવી પતિને સ્વર્ગમાં લેઇ જાય છે. જેટલી પોતાના રૂંવાડાની સંખ્યા છે તેટલા કરોડો ને હજારો વર્ષ સુધી સ્વામીની સાથે રમતી પતિવ્રતા સ્વર્ગમાં સુખ ભોગવે છે. વિધવાના ચોટલાનો બંધ પતિના બંધ કાજે થાય છે માટે માથાનું મુંડ વિધવાએ સદા કરાવવું. હંમેશ એક વખત આહાર કરવો. ક્યારે પણ વિધવાએ બીજીવાર જમવું નહિ. વિધવા સ્ત્રી પલંગપર સુવાથી પતિને સ્વર્ગમાંથી પાડે છે માટે પતિના સુખની ઇચ્છાથી પૃથ્વી ઉપર શયન કરવું. શ્રી નારાયણ બોલ્યા સ્ત્રીને પતી જેવું દૈવત દેવવાળા લોકમાં પણ નથી કેમકે જ્યારે પતિ પ્રસન્ન થાય છે ત્યારે સર્વ કામના પુર્ણ થાય છે અને પતિ અતિ કોપે તો સર્વ કામના નાશ થાય છે તે પતિની પ્રસન્નતાથી છોકરાં; જાતજાતનાં સુખો, શય્યા, આસનો, અદ્દભુત ભોજનો, વસ્ત્રો માળાઓ, તેમ સુગંધો અને સ્વર્ગમાં તથા આ લોકમાં જુદા જુદા પ્રકારની કીર્તિ થાય છે. આવો શ્રી બ્રહ્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મ્યમાં શ્રી નારાયણ ને નારદના સંવાદમાં પતિવ્રતા ધર્મ નિરૂપણ નામે ત્રીશમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૩૦ ॥

## અધ્યાય ૩૧ મો.

**સુત બોલ્યા**—હે બ્રાહ્મણો ! આ રીતે પતિવ્રતાનો ધર્મ સાંભળી કંઈ પણ પુછવાના મનથી નારદમુનિ જુના મુનિને પુછવા લાગ્યા નારદ બોલ્યા–હે બદરીકાશ્રમના ધણી તમે કાંસાનું સંપુટ સર્વદાનોમાં અધિક કહ્યું એનું છાનું કારણ મને કહો. શ્રી નારાયણ બોલ્યા : હે બ્રાહ્મણ ! આગળ જ્યારે એક દિવસ પાર્વતીએ આ વ્રત કર્યું હતું ત્યારે મહાદેવને પુછ્યું હે દયાનિધિ ! મારે શું ઉત્તમ દાન દેવું કે જેથી મારૂં પુરૂષોત્તમનું વ્રત પૂર્ણપણાને પામે. તે સઘળાઓના હિત કારણે મને કહો તે સાંભળી મનમાં શ્રી પુરૂષોત્તમને સંભારતા સંભારતા શંકર સર્વ લોકનું હિત ચાહનાર પાર્વતીને કહેવા લાગ્યા. શ્રી મહાદેવ બોલ્યાઃ હે પાર્વતિ ! શ્રી પુરૂષોત્તમના વ્રતનો પુરો વિધિ કરવા કોઈ પણ દાન વેદમાં કયાંય સમર્થ કહ્યું નથી. હે પાર્વતી ! જે જે દાન ઉત્તમ કહેલ છે તે સર્વ શ્રી કૃષ્ણના પ્યારા માસમાં હલકાઈને પામ્યા છે માટે હે સુંદરી ! કયાંય પણ આવું દાન છેજ નહિ કે જેથી શ્રી પુરૂ-ષોત્તમમાં તમારા વ્રતની સમાપ્તિ થાય હે સ્ત્રી ! આ પુરૂષોત્તમ માસમાં વ્રત પુરૂં કરવાના કારણ માટે ડાભલાના આકારવાળું બ્રહ્મમાંડ દેતા યોગ્ય છે, પણ તે તો હે સુંદર મુખવાળી ! કયાંય કોઈએ દેઈ શકાય એમ નથી તેથી એના બદલામાં કાંસાનું સંપુટ કરી તેની વચમાં ત્રીસ પુડલા ભરી સાત તાંતણાથી વીંટી વિદ્વાન બ્રાહ્મણને વિધી પ્રમાણે પુજી વ્રત પુરૂ થવા કારણે કહેવું. હે પ્યારી ! આ રીતે વૈભવ હોય તો ત્રીસ સંખ્યા જેટલા જ સંપુટ આપવા. આવું મહાદેવનું અભય

"વચન સાંભળી સર્વ લોકના હિતને ઇચ્છનારા પાર્વતી પ્રસન્ન થયાં, નારદ બોલ્યા: આજ મેં ઉત્તમ મહાત્મ્ય સાંભળી સર્વ સાધનોથી આ શ્રી પુરૂષોત્તમ માસ અતી ઉત્તમ છે એમ નીશ્ચય કર્યો. ભકિતવડે સાંભળવાથી પણ લોકોના મોટાં પાપોનો નાશ થાય છે, ત્યારે શ્રદ્ધાથી વીધીવડે સાંભળ્યાથી પાપોનો નાશ થાય એમાં તો કશું પણ સાંભળવું મારે બાકી રહ્યું નથી કેમકે ગોપીયોના પ્યારા અને અધીપતી, ગોપના રૂપવાળા ઇશ્વરને હું વંદુ છું. આ પુર્વે કોહીણ્ય રૂષિએ કહેલા મંત્રને વારંવાર ભક્તિથી જપતાં માસ કહાડવા એથી પુરૂષોત્તના ભેટ થાય છે. ગાયોના પાલક અને મેઘ સરખા શ્યામ, બે ભુજવાળા મુરલીધર, શોભિત પીળાં વસ્ત્રવાળા, રાધા સહિત પુરૂષોત્તમનું ધ્યાન કરવું. પુરુષોત્તમને ધ્યાન કરી પુજતો માસ કહાડે છે તથા જે આમ ભકિતથી કરે છે તે સર્વ પાપનાં નાશ કરે છે. અમૃતથી બહુ તૃપ્ત થયેલાને જેમ બીજા ઉદકની ઇચ્છા રહેતી નથી. ભરતખંડમાં ઉત્તમ જન્મ પામી જેઓ ઉત્તમ પુરુષોત્તમને નથી સેવતા તથા તેની કથા નથી સાંભળતા તેઓ ઘરમાં આસક્તિવાળા નરમાં ઉતરતા છે. દિવસે દિવસે ઉત્તમ બ્રાહ્મણને ઉત્તમ ભોજન દઇ વ્રતવાળાએ દિવસના આઠમા ભાગમાં ભોજન કરવું તથા દાન કરવું. ભકિતવડે પ્રેમ સહીત પુરૂષો-ત્તમને જે પુજે છે તેઓ જગતમાં પુણ્યવાન છે. પુરૂષોત્તમની આરાધનાથી ઇંદ્રયુમ્ન શતદ્યુમ્ન યોવાનાશ્વ ને ભગીરથ રાજા ભગવાનની પાસે ગયા છે તે સારૂ સર્વ સાધનથી શ્રેષ્ટ સર્વ કામના ફળોને દેનાર પુરૂષોત્તમને સર્વ પ્રયત્નથી સેવવો. ગોરચનને ધરનારા ગાયોને

પાળનારા ગૌકુલને ઉત્સવ દેનાર ગોપીકા પતિને નમસ્કાર છે. તીર્થોમાં ન્હાનારને જે ફળ થાય છે તે ફળ તેના મહાત્મ્ય સાંભળનારને થાય છે. પૃથ્વીને પ્રદક્ષિણા કરનાર નર જે પુણ્ય પામે છે તે પુણ્ય પુરૂષોત્તમના મહાત્મ્યને સાંભળનારા માણુસને થાય છે. વિષ્ણુના ચરણની સેવા કરવામાં અતી કુશળ, સર્વ મુનિયો માસોમાં ઉત્તમ પુરૂષોત્તમની અંતથી રહીત પુણ્યવાળી મોટાઇને સાંભળી બુદ્ધિથી અતી વિસ્મય પામતા વિનયથી સુતના પુત્રને કહેવા લાગ્યા. ઋષી બોલ્યા—હું મોટા બુદ્ધિવાળા, મોટા ભાગ્યવાળા પુત્ર! તમે ધન્ય છો, તમારા મુખના અમૃતના પાનથી અમે અતી કૃતાર્થ છીએ. હે પુરાણુ કહેનારાઓના મસ્તકના મણીરૂપ સુત્ર તમે સદા ઘણા કાળ સુધી જીવો અને મુનિઓના સમાજમાં જરુરતમાં શ્રી વિષ્ણુની સુંદર કથા કહો. આવું બ્રાહ્મણનું આશીર્વાદ વચન ગ્રહણ કરી સઘળા વિપ્રોને પ્રદક્ષિણા કરી નમી તે સુતના પુત્ર પોતાનું કૃત્ય કરવા ગંગા તરફ ગયો. આવો શ્રી પુરૂષોત્તમ મહાત્મ્યને સાંભળવાના ફળને કહેવું આ નામવાળો એકત્રીશમો અધ્યાય પુરો થયો. ॥ ૩૧ ॥

સમાપ્ત.

---

પ્રકાશક જે. વી. મહેતા
શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત
બરાનપુરી ભાગળ ભાજીવાળી પોળમાં આવેલા
શ્રી 'અનાવિલ બંધુ' પ્રિન્ટીંગ પ્રેસમાં
ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.